ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/178/છ, તા. 24-11-2016–થી મંજૂર

નામાનાં મૂળતત્ત્વો

(ભાગ 2)

ધોરણ 12

પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

તમસો મા જ્યોતિર્ગમય
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

વિષય-સલાહકાર
શ્રી આર. એચ. વ્યાસ

લેખન
ડૉ. એચ. સી. સરદાર (કન્વીનર)
શ્રી પંકજભાઈ સી. રાવલ
ડૉ. દીપક આર. રાસ્તે
ડૉ. આર. કે. પટેલ
ડૉ. જયેશ એ. ઠક્કર
શ્રી સુરેશચંદ્ર જે. સાહુ
શ્રી રઘુભાઈ ટી. સોચા

સમીક્ષા
શ્રી આશાબહેન વૈદ્ય
ડૉ. એમ. જે. જોષી
પ્રો. એમ. એમ. ગાંધી
શ્રી રાજેશભાઈ પી. ઉપાધ્યાય
શ્રી ભરતભાઈ કે. વાછાની
શ્રી દુર્ગાશંકર આર. બાજપાઈ
શ્રી ઈબ્રાહિમભાઈ આઈ. દરવડિયા
શ્રી મુકેશભાઈ કે. પટેલ
શ્રી જાનીબહેન પી. ભાદરકા
શ્રી સી. એમ. પટેલ
શ્રી રમણિકભાઈ બી. દેસાઈ
શ્રી સુનીલકુમાર એન. જોષી
શ્રી વિનોદકુમાર આર. પટેલ
ડૉ. કે. એચ. ખારેચા
શ્રી અશ્વિનકુમાર ઠુંમર
શ્રી હેમંતભાઈ વાય. શાહ

ભાષાશુદ્ધિ
ડૉ. અજય એમ. રાવલ

સંયોજન
ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

નિર્માણ-આયોજન
શ્રી હરેન પી. શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

મુદ્રણ-આયોજન
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, નામાનાં મૂળતત્ત્વો (ભાગ 2)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હંમેશાં આવકાર્ય છે.

અવંતિકા સિંઘ (IAS)
નિયામક
તા. : 29-03-2019

કાર્યવાહક પ્રમુખ
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃમુદ્રણ : 2018, 2019

પ્રકાશક : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી અવંતિકા સિંઘ (IAS), નિયામક

મુદ્રક :

મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓનાં ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

અનુક્રમણિકા

1.	શૅરમૂડીના હિસાબો	1
2.	ડિબેન્ચરના હિસાબો	64
3.	કંપનીના વાર્ષિક હિસાબો	116
4.	નાણાકીય પત્રકોનું વિશ્લેષણ	153
5.	હિસાબી ગુણોત્તરો અને વિશ્લેષણ	210
6.	રોકડ પ્રવાહ પત્રક	250
•	જવાબો	288

1

શૅરમૂડીના હિસાબો
(Accounting for Share Capital)

1. પ્રસ્તાવના
2. કંપનીના પ્રકારો
3. શૅર અને શૅરમૂડી : અર્થ, સ્વરૂપ અને પ્રકારો
4. ઇક્વિટી શૅર બહાર પાડવા અંગેના તબક્કા
5. શૅરનું અતિ ભરણું અને ઓછું ભરણું
6. આઇ.પી.ઓ. અને એફ.પી.ઓ.
7. કંપની દ્વારા શૅર બહાર પાડવા અંગેની રીતો
8. શૅરમૂડીને લગતા વ્યવહારો અને તેની હિસાબી અસરો
9. મળવાના બાકી હપ્તા
10. અગાઉથી મળેલા હપ્તા
11. શૅર પ્રીમિયમે બહાર પાડવા અંગે
12. શૅરજપ્તી
13. જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડવા અંગે
14. શૅરની પ્રમાણસર ફાળવણી
15. રોકડ સિવાયના અવેજથી શૅર બહાર પાડવા અંગે
16. કંપનીના ઊભા પાકા સરવૈયામાં શૅરમૂડીનું પ્રગટીકરણ
17. કેટલીક વિશિષ્ટ બાબતો
– સ્વાધ્યાય

1. પ્રસ્તાવના (Introduction)

ઔદ્યોગિક ક્રાંતિના પરિણામથી મોટા પાયે ધંધો કરવા માટે એકાકી વેપારી અને ભાગીદારી પેઢીની મર્યાદાઓને અનુલક્ષીને કંપની સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું છે.

આધુનિક યુગમાં ધંધા માટે મોટા પાયા પર મૂડીની જરૂરિયાત રહે છે. તેથી કંપની પોતાની મૂડી અનેક વ્યક્તિઓ પાસેથી એકત્ર કરે છે. આમ, સંયુક્ત હિસ્સાવાળી કંપની એ વ્યક્તિઓનો સમૂહ છે, જેનો હેતુ કોઈક પ્રકારનો ધંધો કરી નફો કમાવાનો છે.

કંપનીને પોતાનું અલગ અસ્તિત્વ કાયદા દ્વારા મળેલ છે. કંપનીની સ્થાપના, કંપનીનું સંચાલન અને કંપનીનું વિસર્જન (કંપનીનો અંત) પણ કાયદા પ્રમાણે જ થાય છે.

ભારતમાં સૌ પ્રથમવાર કંપની માટે એક અલગ કાયદો 1956માં બન્યો, જે કંપનીધારો, 1956 (Companies Act, 1956) તરીકે ઓળખાય છે. હાલમાં ભારત સરકાર દ્વારા જૂના કંપનીના કાયદામાં જરૂરી ફેરફારો કરીને હવે નવો કાયદો **કંપનીધારો, 2013 (Companies Act, 2013)** અમલમાં મૂકવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં કંપની તેની મૂડી કેવી રીતે ઊભી કરે છે, તેને લગતા બીજા અન્ય મુદ્દાઓની ચર્ચા અને તેની કંપનીના ચોપડે હિસાબી અસરો કંપનીધારા, 2013 હેઠળ દર્શાવવામાં આવેલ છે.

2. કંપનીના પ્રકારો (Types of Companies)

કંપનીની સ્થાપનાને આધારે કંપનીના મુખ્ય બે પ્રકાર છે :

(1) કાયદા દ્વારા સ્થાપિત કંપનીઓ કે કૉર્પોરેશન (Statutory Companies or Corporations) : કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા પસાર કરાયેલ ખાસ કાયદા હેઠળ નોંધાયેલ કે સ્થાપેલ કંપની કે કૉર્પોરેશન. દા.ત. ભારતીય જીવન વીમા નિગમ (લાઇફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા), ધી ન્યુ ઇન્ડિયા એસ્યોરન્સ કંપની લિમિટેડ, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ વગેરે.

(2) નોંધાયેલી કંપની (Registered Companies) : કંપનીધારા અનુસાર સ્થપાયેલ કે નોંધાયેલ કંપનીઓ, મોટા ભાગની કંપનીઓની સ્થાપના આ પ્રકારે થયેલી હોય છે.

ભારતીય કંપનીધારો, 2013 મુજબ જે કંપની નોંધાયેલી છે તેના મુખ્ય બે પ્રકાર છે : ખાનગી કંપની અને જાહેર કંપની.

ખાનગી કંપની (Private Company) : કંપની કે જે પોતાના નિયમનપત્ર (આર્ટિકલ્સ ઑફ એસોસિયેશન) દ્વારા (i) સભ્યોના શૅર ફેરબદલ કરવાના અધિકાર ઉપર નિયંત્રણ મૂકે, (ii) સભ્યોની સંખ્યા 200થી વધુ નહિ એ રીતે નિયંત્રણ મૂકે, (iii) તેના શૅર કે ડિબેન્ચર ખરીદવા માટે જાહેર જનતાને આમંત્રણ આપવા પર પ્રતિબંધ હોય, (iv) ઓછામાં ઓછા બે સભ્યો હોવા જોઈએ.

ખાનગી કંપનીના નામની પાછળ 'પ્રાઈવેટ લિમિટેડ' શબ્દ લખાય છે. દા.ત., પંચવિલા કોટન પ્રાઈવેટ લિમિટેડ, એપેક્ષ હાઇડ્રો પ્રાઈવેટ લિમિટેડ.

નવા કંપનીધારા પ્રમાણે એક વ્યક્તિ દ્વારા પણ કંપનીની સ્થાપના કરી શકાય છે. જરૂરી કાયદાકીય જોગવાઈઓ મુજબ કોઈ એક જ વ્યક્તિ કંપનીનો સભ્ય બની 'એક વ્યક્તિની કંપની' (One Person Company – OPC) બનાવી શકે છે. જે ખાનગી કંપનીનો જ એક ભાગ ગણાય છે.

જાહેર કંપની (Public Company) : જે કંપની ખાનગી કંપની નથી એ કંપનીને જાહેર કંપની કહેવામાં આવે છે. જાહેર કંપનીમાં ઓછામાં ઓછા 7 સભ્યો હોવા જરૂરી છે. જાહેર કંપનીમાં વધુમાં વધુ સભ્યોની સંખ્યા માટે કોઈ મર્યાદા નથી. જાહેર કંપનીના નામની પાછળ ફક્ત 'લિમિટેડ' શબ્દ લખાય છે. દા.ત., કર્ણાવતી ટેક્ષટાઇલ્સ લિમિટેડ, ઇન્ફોસીસ ટેક્નોલૉજીઝ લિમિટેડ.

સભ્યોની જવાબદારીને આધારે કંપનીના મુખ્ય ત્રણ પ્રકાર છે :

(1) શૅરથી મર્યાદિત કંપની (Company Limited by Shares) : જેમાં કંપનીના સભ્યોની એટલે કે શૅરહોલ્ડર્સની જવાબદારી તેઓએ ખરીદેલા કંપનીના શૅરની દાર્શનિક કિંમત જેટલી જ મર્યાદિત રહે છે. મોટા ભાગની કંપનીઓ આ વિભાગમાં આવે છે.

(2) બાંયધરીથી મર્યાદિત કંપની (Company Limited by Guarantee) : કંપનીના વિસર્જન વખતે સભ્યોએ આપેલી બાંયધરી સભ્યો માટે મર્યાદિત રહે છે. સામાન્ય રીતે બાંયધરીથી મર્યાદિત કંપની નફાના હેતુ માટે નહિ, પરંતુ કળા, વિજ્ઞાન, સામાજિક કલ્યાણ, રમતગમત, સાંસ્કૃતિક જેવી વિવિધ પ્રવૃત્તિઓની ઉન્નતિ કે ફેલાવા માટે સ્થાપવામાં આવે છે. દા.ત., બૉર્ડ ઑફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (BCCI).

(3) જવાબદારીથી અમર્યાદિત કંપની (Company by Unlimited Liability) : આ પ્રકારની કંપનીમાં સભ્યોની જવાબદારી અમર્યાદિત રહે છે. જો ખોટ કરતી કંપની તેનાં દેવાં ચૂકવવા માટે તેની મિલકતો પૂરતી ન હોય તો અથવા જો કંપનીના લેણદારોને પૂરેપૂરી ચુકવણી ના થાય તો જરૂરી ફાળો (રકમ) સભ્યોએ આપવો પડે છે. હાલના કંપનીધારામાં આ પ્રકારની કંપનીની જોગવાઈ હોવા છતાં, કંપનીના સભ્યો પર ખૂબ જ મોટી જવાબદારી ઊભી થતી હોવાના કારણે, ભારતમાં આવી કોઈ કંપની જોવા મળતી નથી.

કંપનીના પ્રકારો



3. શૅર અને શૅરમૂડી : અર્થ, સ્વરૂપ અને પ્રકારો (Share and Share Capital : Meaning, Nature and Types)

કંપનીની મૂડીને શૅરમૂડી (Share Capital) કહેવાય છે, જેને ફેરબદલી કરી શકાય તેવા નાના નાના સ્વરૂપમાં વિભાજિત કરવામાં આવે છે. આવા દરેક વિભાજિત એકમને શૅર (Share) કહેવાય છે.

કંપની પોતાની મૂડી ઊભી કરવા કાયદા પ્રમાણેની જરૂરિયાત મુજબ વિજ્ઞાપનપત્ર (Prospectus) બહાર પાડીને લોકોને તેના શૅર ખરીદવા આમંત્રણ આપે છે. જે લોકો કંપનીના શૅર ખરીદે છે, તે કંપનીના સભ્ય એટલે કે શૅરહોલ્ડર (Shareholder) કહેવાય છે. જ્યાં સુધી શૅરની માલિકી સભ્ય પાસે હશે ત્યાં સુધી તે કંપનીનો શૅરહોલ્ડર કે સહમાલિક ગણાશે. શૅરહોલ્ડર્સ માટે તેમણે ખરીદેલ કે ધારણ કરેલ કોઈ કંપનીના શૅર તે કંપનીમાં તેમની માલિકીનું પ્રમાણ દર્શાવે છે. દરેક શૅરને એક નંબર ફાળવવામાં આવે છે. શૅર એ સ્થાનાંતરિત (Movable) અને ફેરબદલી (Transferable) કરી શકાય તેવી મિલકત છે.

કંપનીધારા અનુસાર બે પ્રકારના શૅર કંપની બહાર પાડી શકે છે : (1) પ્રેફરન્સ શૅર અને (2) ઇક્વિટી શૅર.

(1) પ્રેફરન્સ શૅર (Preference Share) : પ્રેફરન્સ શૅર એટલે એવા શૅર કે તે શૅર ધરાવતા સભ્યો કંપનીની હયાતી દરમિયાન ઇક્વિટી શૅર પર ડિવિડન્ડ ચૂકવતાં પહેલાં નક્કી કરેલ દર મુજબ ડિવિડન્ડ મેળવવા માટે હકદાર છે. તેમજ કંપનીના વિસર્જન સમયે મૂડી પરત મેળવવા માટે ઇક્વિટી શૅર ધરાવતા સભ્યો કરતાં અગ્રહક્ક ધરાવે છે.

પ્રેફરન્સ શૅરના પ્રકારો નીચે મુજબ છે :

(i) ક્યુમ્યુલેટિવ અને નોન-ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર (Cumulative and Non-cumulative Preference Share) : ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅરમાં જો કોઈ પણ વર્ષમાં નફો ન થવાના કારણે ડિવિડન્ડ ચૂકવી ન શકાય તો, આ રીતે નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ એકઠું થતું જાય છે. જ્યારે જે વર્ષમાં કંપની પૂરતો નફો કરે ત્યારે તે વર્ષનું ડિવિડન્ડ તેમજ એકત્રિત થયેલ બાકી ડિવિડન્ડ પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ચૂકવી દેવામાં આવે છે.

જ્યારે નોન-ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅરમાં નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ એકત્રિત કરવામાં આવતું નથી કે તેને ભવિષ્યમાં ચૂકવવામાં પણ આવતું નથી.

(ii) રીડિમેબલ (પરત કરવા પાત્ર) અને ઇર્રીડિમેબલ (પરત ન કરવા પાત્ર) પ્રેફરન્સ શૅર (Redeemable and Irredeemable Preference Share) : પ્રેફરન્સ શૅર ધરાવતા શૅરહોલ્ડર્સને જો પ્રેફરન્સ શૅરની રકમ અમુક નક્કી કરેલા સમય બાદ અથવા યોગ્ય નોટિસ આપ્યા બાદ પરત કરવામાં આવે તેને રીડિમેબલ પ્રેફરન્સ શૅર કહેવામાં આવે છે.

કંપનીના વિસર્જન સમયે જે પ્રેફરન્સ શૅર પરત કરવામાં આવે છે તેને ઇર્રીડિમેબલ પ્રેફરન્સ શૅર કહેવામાં આવે છે. કંપનીધારા 2013ના અમલ બાદ શૅરથી મર્યાદિત કંપની ઇર્રીડિમેબલ પ્રેફરન્સ શૅર બહાર પાડી શકતી નથી.

(iii) પાર્ટીસિપેટિંગ (વધારાના ડિવિડન્ડના હક્કદાર) અને નોન-પાર્ટીસિપેટિંગ (વધારાના ડિવિડન્ડના હક્કદાર નહિ) પ્રેફરન્સ શૅર (Participating and Non-participating Preference Share) : પાર્ટીસિપેટિંગ પ્રેફરન્સ શૅર ધરાવતા પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને કંપની દ્વારા નક્કી કરેલ દર મુજબ ડિવિડન્ડ મળે છે. તે ઉપરાંત ઇક્વિટી શૅરહોલ્ડર્સ જે-તે વર્ષે નક્કી કરેલ ડિવિડન્ડ આપ્યા બાદ વધેલ નફામાંથી પણ અમુક શરતોને આધીન વધારાનું ડિવિડન્ડ મેળવવા હક્કદાર બને છે. કંપનીના વિસર્જન સમયે પ્રેફરન્સ અને ઇક્વિટી શૅરહોલ્ડર્સને તેમની મૂડીની રકમ ચૂકવ્યા બાદ જો કોઈ રકમ વધે તેમાં પણ પ્રમાણસર રકમ મેળવવા તેઓ હક્કદાર બને છે. આ પ્રકારના શૅરને પાર્ટીસિપેટિંગ પ્રેફરન્સ શૅર કહેવામાં આવે છે.

નોન-પાર્ટીસિપેટિંગ પ્રેફરન્સ શૅરના પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ફક્ત નક્કી કરેલ દર મુજબ જ ડિવિડન્ડ મેળવવાનો હક્ક છે. તેમને વધારાના નફામાં અને મૂડીમાં હક્ક મળતો નથી.

(iv) કન્વર્ટિબલ (રૂપાંતરિત) અને નોન-કન્વર્ટિબલ (બિન-રૂપાંતરિત) પ્રેફરન્સ શૅર (Convertible and Non-convertible Preference Share) : શૅર બહાર પાડતી વખતે નક્કી થયેલ શરતો અનુસાર જે પ્રેફરન્સ શૅર અમુક ચોક્કસ સમયગાળા બાદ પૂરેપૂરા અથવા અંશતઃ ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરી શકાય તેવા પ્રેફરન્સ શૅરને કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર કહેવામાં આવે છે.

જે પ્રેફરન્સ શૅરનું ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરી શકાતું નથી તેવા પ્રેફરન્સ શૅરને નોન-કન્વર્ટિબલ પ્રેફરન્સ શૅર કહેવામાં આવે છે. સામાન્યતઃ પ્રેફરન્સ શૅર નોન-કન્વર્ટિબલ હોય છે.

(2) ઇક્વિટી શૅર અથવા ઑર્ડિનરી શૅર (Equity Share or Ordinary Share) : જે શૅર પ્રેફરન્સ શૅર નથી તેવા શૅરને ઇક્વિટી શૅર કહેવાય છે. ઇક્વિટી શૅર ધરાવનારાઓને કંપનીની સભામાં મતદાન (વોટિંગ) કરવાનો અધિકાર મળે છે. પ્રેફરન્સ શૅર પર નક્કી થયેલા દરે ડિવિડન્ડ આપ્યા બાદ વધતા નફામાંથી ઇક્વિટી શૅર પર કંપનીના સંચાલકોએ કરેલ ભલામણનો કંપનીના શૅરહોલ્ડર્સની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને ડિવિડન્ડ આપવામાં આવે છે.

કંપનીનો ચાલુ વર્ષનો નફો, તેનાં પાછલાં વર્ષોનો નફો, કંપનીની એકત્રિત અનામતો, તેના ભવિષ્યના નફાની શક્યતાઓ તેમજ સંચાલકોની નીતિને ધ્યાનમાં રાખીને દર વર્ષે કંપની દ્વારા ઇક્વિટી શૅર પર ડિવિડન્ડ આપવામાં આવે છે.

કંપનીના વિસર્જન વખતે કંપની પાસે રહેલા બાકી ફંડમાંથી (રકમમાંથી) પ્રેફરન્સ શૅર મૂડીની રકમ પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને પરત કર્યા બાદ જ ઇક્વિટી શૅરમૂડીની રકમ પરત મેળવવાનો ઇક્વિટી શૅરહોલ્ડર્સનો અધિકાર છે.

ઇક્વિટી શૅરમૂડી કંપનીની મુખ્ય શૅરમૂડી કહેવાય છે. કંપનીધારા પ્રમાણે ઇક્વિટી શૅરની શૅરદીઠ કિંમત ઓછામાં ઓછી ₹ 1 હોવી જોઈએ. વર્તમાન સંજોગોમાં મોટા ભાગની કંપનીની શૅરદીઠ મૂળકિંમત ₹ 1 અથવા ₹ 10 અથવા ₹ 100 હોય છે.

પ્રેફરન્સ શૅર અને ઇક્વિટી શૅર વચ્ચેનો તફાવત (Distinction Between Preference Share and Equity Share) :

	તફાવતના મુદ્દા	પ્રેફરન્સ શૅર	ઇક્વિટી શૅર
(1)	ડિવિડન્ડનો દર	પ્રેફરન્સ શૅર પર નક્કી કરેલા દરે ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે.	ઇક્વિટી શૅર પર ડિવિડન્ડનો દર નક્કી હોતો નથી. આ દર નફા પર આધારિત હોવાથી દરેક વર્ષે જુદો જુદો હોઈ શકે છે.
(2)	ચૂકવવાનું બાકી ડિવિડન્ડ	જો કોઈ વર્ષમાં ક્યુમ્યુલેટિવ શૅર પર ડિવિડન્ડ ચૂકવાયેલ ન હોય, તો આવું નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ ભવિષ્યમાં કંપનીના નફાની સામે ચૂકવવામાં આવે છે.	ઇક્વિટી શૅર પરનું આવું નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ ભવિષ્યમાં કંપનીના નફામાંથી ચૂકવવામાં આવતું નથી.
(3)	ડિવિડન્ડ ચૂકવવામાં અગ્રહક્ક	ઇક્વિટી શૅર પર ડિવિડન્ડ ચૂકવતા પહેલાં તેમને ડિવિડન્ડ મેળવવાનો અગ્રહક્ક રહેલો છે.	પ્રેફરન્સ શૅર પર ડિવિડન્ડ ચૂકવ્યા બાદ જ ઇક્વિટી શૅર પર ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે.
(4)	મૂડીની ચૂકવણીમાં અગ્રહક્ક	કંપનીના વિસર્જન સમયે ઇક્વિટી શૅરહોલ્ડર્સને તેમની મૂડી પરત કરતાં પહેલાં પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને તેમની પ્રેફરન્સ શૅરમૂડી પરત કરવામાં આવે છે.	કંપનીના વિસર્જન સમયે પ્રેફરન્સ શૅરમૂડી સંપૂર્ણ પરત કર્યા બાદ જ ઇક્વિટી શૅરમૂડી પરત કરવામાં આવે છે.
(5)	મતદાનનો હક્ક	પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને મતદાનનો કોઈ હક્ક નથી.	ઇક્વિટી શૅરહોલ્ડર્સ મતદાન કરવાનો હક્ક ધરાવે છે.
(6)	સંચાલનમાં ભાગીદારીનો હક્ક	કંપનીના સંચાલનમાં ભાગ લેવાનો કોઈ હક્ક હોતો નથી.	કંપનીના સંચાલનમાં ભાગ લેવાનો સંપૂર્ણ હક્ક ધરાવે છે.

શૅરમૂડીનું વર્ગીકરણ (Classification of Share Capital) :

(i) સત્તાવાર મૂડી (Authorised/Nominal/Registered Capital) : કંપની પોતાના જીવનકાળ દરમિયાન વધુમાં વધુ જેટલી રકમ શૅરમૂડી દ્વારા એકત્રિત કરી શકે, તેને સત્તાવાર મૂડી કહેવાય છે. કંપનીના મેમોરેન્ડમમાં તેમજ કંપનીના રજિસ્ટ્રેશન વખતે પણ તે દર્શાવવામાં આવે છે, તેથી તેને **રજિસ્ટર મૂડી** પણ કહે છે. જો કંપનીની સત્તાવાર મૂડીમાં ભવિષ્યમાં વધારો કરવાની જરૂરિયાત ઊભી થાય તો કંપનીધારાની જોગવાઈઓનો અમલ કરીને તેમજ કંપનીના શૅરહોલ્ડર્સની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરાવીને તેમાં વધારો કરી શકાય છે.

સત્તાવાર મૂડીને નોંધાયેલી, અધિકૃત કે નામની થાપણ પણ કહેવાય છે. દા.ત., ABC લિમિટેડની સત્તાવાર મૂડી કુલ ₹ 1,00,00,000(એક કરોડ)ની છે જે શૅરદીઠ ₹ 10 લેખે કુલ 10,00,000 શૅરની બનેલી છે.

(ii) બહાર પાડેલી મૂડી (Issued Capital) : સત્તાવાર મૂડીમાંથી કંપની પોતાની જરૂરિયાત મુજબ પૂરેપૂરી સંખ્યામાં કે ઓછી સંખ્યામાં શૅર બહાર પાડે તો તેને **બહાર પાડેલી મૂડી** કહેવાય. દા.ત., કંપનીની શૅરદીઠ ₹ 10 લેખેની કુલ 10,00,000 શૅરની સત્તાવાર થાપણમાંથી જો કંપની દ્વારા 7,00,000 શૅર બહાર પાડવામાં આવે તો, 7,00,000 શૅર, શૅરદીઠ ₹ 10 લેખે કુલ ₹ 70,00,000 બહાર પાડેલી મૂડી ગણાય. બહાર પાડેલી મૂડી સત્તાવાર મૂડી કરતાં વધુ હોઈ શકે નહિ.

(iii) ભરાયેલી મૂડી (Subscribed Capital) : બહાર પાડેલા શૅરમાંથી જેટલી કિંમતના શૅર માટે અરજી આવે તેને **ભરાયેલી મૂડી** કહેવામાં આવે છે. ભરાયેલી શૅરમૂડી બહાર પાડેલ શૅરમૂડી જેટલી અથવા તેનાથી ઓછી પણ હોઈ શકે છે. બહાર પાડેલા શૅર કરતાં વધુ શૅર માટે અરજી આવે તો કંપની બહાર પાડેલા શૅર જેટલા જ શૅર મંજૂર કરી શકે છે. વધારાની શૅરઅરજી પરની રકમ શૅર અરજદારોને પરત કરવામાં આવે છે.

(iv) મંગાવેલી મૂડી (Called up Capital) : શૅર અરજદારોને કંપનીએ આપેલા શૅર પર કંપની શૅરની દાર્શનિક કિંમત (મૂળકિંમત) કે તેથી ઓછી રકમ મંગાવી શકે છે. કંપની દાર્શનિક કિંમત કરતાં ઓછી રકમ મંગાવે ત્યારે બાકીની રકમ ભવિષ્યમાં શૅરહોલ્ડર્સ પાસેથી મંગાવી શકે છે. આ રીતે શૅર પર મંગાવેલ રકમને **મંગાવેલી શૅરમૂડી** કહેવામાં આવે છે. દા.ત., ₹ 10નો એક એવા 7,00,000 શૅર પર કંપનીએ શૅરદીઠ ₹ 6 મંગાવ્યા હોય તો મંગાવેલી મૂડી ₹ 42,00,000 ગણાય.

(v) નહિ મંગાવેલી મૂડી (Uncalled Capital) : જે ભરાયેલ મૂડીનો જ એક ભાગ છે. કંપનીના સંચાલકો દ્વારા જે મૂડી હજી સુધી શૅરહોલ્ડર્સ પાસેથી મંગાવેલ નથી તેને નહિ મંગાવેલ મૂડી કહેવાય છે. ભરાયેલી મૂડી અને મંગાવેલ મૂડી વચ્ચેનો તફાવત એટલે નહિ મંગાવેલ મૂડી. દા.ત., કંપનીએ તેના શૅરહોલ્ડર્સ પાસેથી ₹ 10ની દાર્શનિક કિંમતના શૅર પર શૅરદીઠ ₹ 6 મંગાવેલ હોય, તો નહિ મંગાવેલ રકમ એટલે કે શૅરદીઠ ₹ 4 નહિ મંગાવેલ મૂડી કહેવાય.

(vi) વસૂલ આવેલી મૂડી (ભરપાઈ થયેલી મૂડી – Paid up Capital) : મંગાવેલ મૂડીની રકમમાંથી જેટલી રકમ શૅરહોલ્ડર્સ પાસેથી કંપનીને મળે તે રકમને વસૂલ આવેલી મૂડી કે ભરપાઈ થયેલી મૂડી કહેવાય છે. જો કોઈ કારણસર કોઈ શૅરહોલ્ડર (સભ્યો) મંગાવેલ રકમ અંશતઃ કે પૂરેપૂરી ન ભરે તો મંગાવેલી મૂડી અને વસૂલ આવેલી મૂડીની રકમમાં તફાવત જોવા મળે છે. દા.ત., કંપનીએ મંગાવેલ મૂડી ₹ 42,00,000 (7,00,000 શૅર × શૅરદીઠ ₹ 6 લેખે) છે. જેમાં 1000 શૅર ધરાવનાર એક શૅરહોલ્ડરે પ્રથમ હપતાનાં શેરદીઠ ₹ 2 મંગાવેલ રકમ ભરી ના શકે તો વસૂલ આવેલી મૂડી ₹ 41,98,000 (₹ 42,00,000 – ₹ 2000) ગણાશે.

(vii) અનામત મૂડી (Reserve Capital) : જ્યારે કંપનીના સંચાલકોને એમ લાગે કે મંગાવેલી મૂડી પોતાના ધંધા માટે પૂરતી છે અને હવે ભવિષ્યમાં વધારે મૂડીની જરૂર પડશે નહિ, ત્યારે આ સંજોગોમાં શૅરહોલ્ડર્સની સભામાં ખાસ ઠરાવ દ્વારા નહિ મંગાવેલ મૂડીને અનામત રાખવામાં આવે છે. આ રીતે અનામત રાખેલ મૂડીને **અનામત મૂડી** કહેવાય છે. જ્યારે કંપની નાદારી નોંધાવે કે ફડચામાં જાય ત્યારે જ આ મૂડીની રકમ શૅરહોલ્ડર્સ પાસેથી મંગાવી શકાય. આ અંગેનો ખાસ ઠરાવ એક વખત કર્યા પછી રદ કરી શકાય નહિ.



મૂડી અનામત (Capital Reserve) : મૂડી નફામાંથી ઊભી કરાયેલ અનામતને મૂડી અનામત કહેવાય છે. મૂડી નફો એ એવો નફો છે જે ધંધાના સામાન્ય વ્યવહારોથી ઉદ્‌ભવતો નથી. આ અનામતમાંથી ડિવિડન્ડની વહેંચણી કરી શકાતી નથી. નીચેના કેટલાક વ્યવહારોથી મૂડી નફો ઊભો થાય છે, જે મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે :

(1) કાયમી મિલકતોના વેચાણ પરનો નફો

(2) કાયમી મિલકતોના પુનઃમૂલ્યાંકનથી ઊભો થતો નફો

(3) કંપનીની સ્થાપના પહેલાંનો નફો

(4) શૅર કે ડિબેન્ચર બહાર પાડતાં મળેલ પ્રીમિયમની રકમ

(5) ડિબેન્ચર પરત કરતી વખતે થતો નફો

(6) જપ્ત કરેલા શૅર ફરીથી બહાર પાડતાં થયેલ નફો

4. ઇક્વિટી શૅર બહાર પાડવા અંગેના તબક્કા (Steps for Issue of Equity Shares)

કંપની પોતાની શૅરમૂડી ઊભી કરવા તેના ઇક્વિટી શૅર જાહેર જનતામાં કે ખાનગી ધોરણે બહાર પાડે છે. જેની વિગતવાર ચર્ચા/માહિતી નીચે પ્રમાણે છે :

(A) જાહેર જનતા માટે શૅર બહાર પાડવા અંગે (For Shares Issued for Public) :

(i) ભરણાં અંગે મંજૂરી (Permission for Issue) : ભારત સરકાર દ્વારા 1991માં એક મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો, જેમાં કેપિટલ ઇસ્યુ (કન્ટ્રોલ) ઍક્ટ, 1947 રદ કરી સેબી(SEBI - Securities and Exchange Board of India)ની સ્થાપના કરી. કંપનીઓએ પહેલાં પોતાના શૅરનાં જાહેર ભરણાં માટે અગાઉથી સરકારની મંજૂરી લેવી પડતી હતી પણ હવે કંપનીએ જાહેર ભરણાં માટે એક દરખાસ્ત (Proposal) બનાવવી પડશે. જે સેબી ગાઇડ લાઇન્સ અને કંપનીધારાની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને સેબીને મોકલવામાં આવશે. સેબી જરૂરી વિગતો તપાસીને કંપનીને શૅરનાં જાહેર ભરણાં અંગે સંમતિ આપશે.

(ii) સેબીને મોકલવાની દરખાસ્તની વિગતો (Details of Proposal to be sent to SEBI) : કંપનીની દરખાસ્તમાં પોતે કેટલા શૅર, કયા પ્રકારના અને શૅરદીઠ કેટલી રકમના બહાર પાડવા માંગે છે તેની વિગતો દર્શાવવામાં આવે છે. આ ઉપરાંત શૅરની પૂરેપૂરી રકમ અરજી વખતે કે હપ્તા દ્વારા ઉઘરાવવાની છે તે વિગતો પણ આપવામાં આવે છે.

(iii) જાહેર જનતાને આમંત્રણ (Offer to Public) : શૅરનાં જાહેર ભરણાં અંગેની જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ કંપની વિજ્ઞાપનપત્ર બહાર પાડીને જાહેર જનતાને તેના શૅર ખરીદવા આમંત્રણ આપે છે. કંપની વર્તમાનપત્ર દ્વારા, ટી.વી. દ્વારા કે જાહેરાતના બોર્ડ દ્વારા લોકો સુધી કંપનીની વિગતો તેમજ શૅર ભરણાં અંગેની વિગતો જણાવે છે.

(iv) વિજ્ઞાપનપત્રમાં દર્શાવવાની વિગતો (Details Shown in Prospectus) : વિજ્ઞાપનપત્રમાં કંપનીની રજિસ્ટર્ડ ઑફિસનું નામ અને સરનામું, ડિરેક્ટર્સ(સંચાલકો)નાં નામ અને સરનામાં, કંપનીનો હેતુ, કંપનીમાં રહેલું જોખમ, સેબી તરફથી મળેલ સંમતિ, કંપનીની સત્તાવાર અને બહાર પાડવાની શૅરમૂડી અંગે, શૅર ઇશ્યુ શરૂ થવાની તેમજ બંધ થવાની

તારીખો, મર્ચન્ટ બૅન્કનું નામ અને સરનામું, કંપનીની પાછલાં વર્ષોની તેમજ ભવિષ્યના કામકાજ અંગેની રૂપરેખા વગેરે બાબતો સામાન્ય રીતે દર્શાવવામાં આવે છે.

(v) શૅરઅરજી અંગે (For Share Application) : વિજ્ઞાપનપત્રનો અભ્યાસ કર્યા પછી, જાહેર જનતા કંપની દ્વારા નક્કી કરેલા ફૉર્મમાં શૅર ખરીદવા માટે અરજી કરી શકે છે. દરેક અરજીપત્રકમાં અરજી કરેલા શૅરની સંખ્યા, અરજદારોનાં નામ અને સરનામાં, તેમનાં બૅન્ક ખાતાંનાં નંબર, તેમના ડિમેટ ખાતાનું નામ અને ખાતાનો નંબર તેમજ અરજી કરેલા શૅરની કુલ રકમ દર્શાવવાની રહેશે.

શૅરઅરજીનું ફૉર્મ તથા જરૂરી રકમનો ચેક કે ડ્રાફ્ટ કંપની દ્વારા નક્કી કરેલ શિડ્યુલ્ડ બૅન્કમાં અરજદારે ભરવાના રહેશે. શિડ્યુલ્ડ બૅન્કનું નામ વિજ્ઞાપનપત્રમાં જણાવવામાં આવે છે.

શૅરઅરજી વખતે મંગાવવાની રકમ અંગેની જોગવાઈઓ નીચે મુજબ છે :

(i) કંપનીધારા-2013ની કલમ 39 મુજબ શૅરઅરજીની રકમ દાર્શનિક કિંમતનાં ઓછામાં ઓછા 5 % હોવી જોઈએ,

(ii) જ્યારે સેબીનાં (SEBI) પ્રવર્તમાન નિયમ પ્રમાણે અરજી કરનારે અરજી સાથે ચૂકવવાની રકમ શૅરની બહાર પાડેલ કિંમતનાં 25 %થી ઓછી હોવી જોઈએ નહિ.

કંપનીધારા-2013ની કલમ 24 પ્રમાણે જામીનગીરીઓ બહાર પાડવા અને તેની ફેરબદલી અંગે સેબીની જોગવાઈઓ લાગુ પડશે, કંપની લો બૉર્ડની જોગવાઈઓ લાગુ પડશે નહિ.

વર્તમાન સંજોગોમાં SEBIની ગાઇડ લાઇન્સ પ્રમાણે જાહેર કંપનીનાં જાહેર ભરણાં(Public Issue)માં શૅરઅરજી અંગે એક નવી વ્યવસ્થા ઊભી કરેલ છે. જે ASBA તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીઓને આ વ્યવસ્થાની જાણકારી આપવા માટે પ્રકરણના અંતમાં તેની ચર્ચા કરેલ છે.

(vi) શૅર મંજૂર કરવામાં આવે ત્યારે (When Shares are Alloted) : જ્યારે કંપનીને શૅરઅરજીપત્રક મળે ત્યારે અરજદારના તેમણે અરજી કરેલા બધા જ શૅર કે અંશતઃ શૅર મંજૂર કરવામાં આવે છે. જે અરજદારોના શૅર મંજૂર કર્યા હોય તેમને કંપની દ્વારા 'મંજૂરીપત્ર' (Letter of Allotment) મોકલવામાં આવે છે. જેમાં કંપનીએ તેમના કેટલા શૅર મંજૂર કર્યા છે તે દર્શાવવામાં આવે છે. કંપની દ્વારા જે અરજદારોનો એક પણ શૅર મંજૂર કરાયો નથી તેમને કંપની 'ક્ષમાપત્ર' (Letter of Regret) તેમજ અરજીની રકમનો ચેક મોકલી આપે છે અને હવે અરજદારના બૅન્ક ખાતામાં આ રકમ સીધી જમા કરી દેવામાં આવે છે.

જો કંપનીને અરજદારો પાસેથી બહાર પાડેલા શૅર કરતાં (ઇશ્યુ કરેલ શૅર કરતાં) વધુ કે ઓછા શૅરની અરજી મળે તો, તે અંગેની જોગવાઈઓની ચર્ચા આ પ્રકરણમાં આગળના મુદ્દામાં કરેલ છે.

(vii) હપ્તા દ્વારા બાકીની રકમ (Balance Amount by Instalments) : સામાન્ય રીતે કંપની અરજી કે મંજૂરી વખતે જ શૅરની બધી જ રકમ મંગાવી લે છે. જો શૅરઅરજી કે શૅરમંજૂરી વખતે શૅરદીઠ રકમ પૂરેપૂરી ના મંગાવી હોય તો કંપની એક કે તેથી વધુ હપ્તા દ્વારા બાકીની રકમ મંગાવી શકે છે. કંપની તેના આર્ટિકલ્સ ઑફ એસોસિએશનમાં કરેલી જોગવાઈઓને ધ્યાનમાં રાખીને હપ્તા મંગાવી શકે છે. જો આર્ટિકલ્સ ઑફ એસોસિએશનમાં જોગવાઈ ના હોય તો કંપનીધારા-2013ના શેડ્યુલ Iનાં ટેબલ F પ્રમાણેની જોગવાઈઓ લાગુ પડશે.

(viii) અન્ય મહત્ત્વના મુદ્દા (Other Important Points) : કંપની જ્યારે શૅર બહાર પાડે ત્યારે તેની વ્યવસ્થા અંગે, પારદર્શિતા અંગે તેમજ નાણાકીય વ્યવહારો અંગે ઓછામાં ઓછી એક મર્ચન્ટ બૅન્ક તથા શેડ્યુલ બૅન્કની નિમણૂક કરી તેની સાથે જરૂરી કરાર કરવો પડે છે.

કંપનીએ શૅર બહાર પાડતાં પહેલાં ડિપોઝિટરી સાથે શૅરની વીજાણુ નોંધ (Dematerialisation) માટે કરાર કરવો ફરજિયાત છે. જોકે કંપની શૅરહોલ્ડર્સને શૅર ડિમેટ સ્વરૂપે કે ભૌતિક સ્વરૂપે શૅરહોલ્ડર્સના વિકલ્પ પ્રમાણે આપશે. વર્તમાન સંજોગોમાં ડિમેટ એકાઉન્ટ ખોલાવવાનું (રાખવાનું) ફરજિયાત છે.

જે બૅન્ક કે અન્ય કોઈ નાણાકીય સંસ્થા ડિમેટ એકાઉન્ટ રાખવાની કાયદાકીય મંજૂરી ધરાવતા હોય તેમાં કોઈ પણ વ્યક્તિ દ્વારા તેમનું ડિમેટ એકાઉન્ટ (ખાતું) ખોલાવી કે રાખી શકે છે.

ડિમેટ ખાતું બૅન્કનાં બચત ખાતાં કે ચાલુ ખાતાં જેવું છે. નાણાંની લેવડદેવડ અંગેની નોંધ બચત ખાતાં કે ચાલુ ખાતાંમાં રાખવામાં આવે છે તે જ રીતે શૅરના ખરીદ-વેચાણના વ્યવહારની નોંધ ડિમેટ ખાતામાં રાખવામાં આવે છે.

જ્યારે કોઈ વ્યક્તિ શૅર ખરીદશે ત્યારે તેના ડિમેટ ખાતામાં આ શૅરની સંખ્યા જમા થશે એટલે કે ઉમેરાશે અને જ્યારે શૅરનું વેચાણ થશે ત્યારે તે ખાતામાંથી ઉધાર થશે એટલે કે બાદ થશે.

(B) ખાનગી ધોરણે શૅર બહાર પાડવા અંગે (Shares Issued by Private Placement) :

કંપનીધારો, 2013 પ્રમાણે કંપની ખાનગી ધોરણે પણ શૅર બહાર પાડી શકે છે. કેટલીક વાર જાહેર કંપનીના સંચાલકો ખાનગી સ્રોત કે સંબંધો દ્વારા કંપનીની મૂડી વધારવા માટે સક્ષમ હોય છે. આવા સંજોગોમાં કંપની પોતાના શૅરનાં ભરણાં માટે જાહેર જનતાને આમંત્રણ આપતી નથી, પરંતુ ખાનગી ધોરણે કંપનીના શૅર સંચાલકો પોતે, તેના મિત્રો, તેમના સંબંધીઓ, મ્યુચ્યુઅલ ફંડ, ગ્રૂપ કંપનીના શૅરહોલ્ડર્સ, બિનનિવાસી ભારતીય (NRI), નાણાકીય સંસ્થાઓ જેવી કે જીવન વીમા નિગમ (LIC), યુનિટ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા (UTI), ઇન્ડસ્ટ્રીયલ ક્રેડિટ ઍન્ડ ઇન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા (ICICI) વગેરે ખરીદી લે છે.

શૅર જાહેર જનતામાં બહાર પાડવામાં આવતાં નથી તેથી કંપનીને વિજ્ઞાપનપત્ર બહાર પાડવું જરૂરી નથી. વિજ્ઞાપનપત્ર બહાર પાડવાની જગ્યાએ કંપનીના સંચાલકો એક ડ્રાફ્ટ કે નિવેદન તૈયાર કરશે જેને 'વિજ્ઞાપનપત્રના બદલે નિવેદન' (Statement in Lieu of Prospectus) કહેવાય છે. જે શૅર કે ડિબેન્ચરના પ્રથમ મંજૂરીના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં કંપની રજિસ્ટ્રારને મોકલવાનું રહેશે.

ખાનગી ધોરણે બહાર પાડેલ શૅર ધારણ કરનાર શૅરહોલ્ડર્સ, શૅરમંજૂર કરેલ તારીખથી નિર્ધારીત સમય સુધી આ શૅર વેચી શકશે નહિ. જેને 'લૉક-ઇન-પીરિયડ' (Lock-in-period) કહેવાય છે.

5. શૅરનું અતિ (વધુ) ભરણું અને લઘુ (ઓછું) ભરણું (Over Subscription and Under Subscription of Shares)

જો જાહેર ભરણાંમાં અરજી વખતે બહાર પાડેલ શૅર કરતાં વધુ શૅરની અરજીઓ આવે, તો તેને **શૅરનું વધુ ભરણું** કહેવામાં આવે છે. કંપની બહાર પાડેલા શૅર કરતાં વધુ સંખ્યાના શૅર મંજૂર કરી શકે નહિ, તેથી વધારાની અરજીઓની રકમ અરજદારોને પરત કરવામાં આવે છે.

આ સંજોગોમાં કંપની દ્વારા શૅર અરજદારોને તેમણે કરેલ શૅરઅરજીની સામે (i) પૂરેપૂરા શૅર મંજૂર કરવામાં આવે અથવા (ii) એક પણ શૅર મંજૂર કરવામાં ના આવે અથવા (iii) અંશતઃ શૅર મંજૂર કરવામાં આવે.

જો જાહેર ભરણામાં અરજી વખતે બહાર પાડેલ શૅર કરતાં ઓછા શૅરની અરજીઓ આવે, તો તેને **શૅરનું ઓછું ભરણું** કહેવામાં આવે છે. સેબીની ગાઇડ લાઇન્સ મુજબ કંપનીએ બહાર પાડેલ શૅરની કુલ રકમના ઓછામાં ઓછી 90 % રકમ ભરાયેલી હોવી જોઈએ. આ લઘુત્તમ ભરણાંની રકમ વિજ્ઞાપનપત્ર બહાર પાડ્યાની તારીખથી 30 દિવસમાં મળેલી હોવી જોઈએ. જો કંપની લઘુત્તમ ભરણું ભરાવામાં નિષ્ફળ જાય તો કંપની શૅર મંજૂર કરી શકશે નહિ અને 15 દિવસમાં જ અરજી કરનારને તેની રકમ પરત કરવી પડશે. જો કંપની 15 દિવસ સુધીમાં આ રકમ પરત કરવામાં નિષ્ફળ જાય તો અરજી કરનારને 15 દિવસ પછી જેટલું મોડું થાય તેટલા દિવસો પર વાર્ષિક 15 % લેખે વ્યાજ ચૂકવવું પડશે.

6. આઇ.પી.ઓ. અને એફ.પી.ઓ. (I.P.O. and F.P.O.)

જ્યારે કોઈ કંપની સૌ પ્રથમ વાર એટલે કે પહેલીવાર પોતાના શૅર જાહેર જનતામાં બહાર પાડે કે શૅર ખરીદવાનો પ્રસ્તાવ મૂકે તેને આઇ.પી.ઓ. એટલે કે Initial Public Offer (I.P.O.) કહેવાય છે.

જ્યારે કોઈ કંપનીએ પોતાના શૅર જાહેર જનતામાં બહાર પાડેલા હોય, તેવી કંપની, જો પોતાની મૂડી વધારવા માટે ફરીથી જાહેર જનતામાં શૅર બહાર પાડે (પબ્લિક ઇશ્યુ કરે) ત્યારે તેવા ઇશ્યુને એફ.પી.ઓ. એટલે કે Follow-on (Further) Public Offers (F.P.O.) કહેવામાં આવે છે.

7. કંપની દ્વારા શૅર બહાર પાડવા અંગેની રીતો (Methods for Issue of Shares by Company)

કંપની પોતાના શૅર ત્રણ રીતે બહાર પાડી શકે છે :

(1) મૂળ કિંમતે (At par) : કંપની દ્વારા શૅરની દાર્શનિક કિંમતે (મૂળ કિંમતે) જ શૅર બહાર પાડવામાં આવે એટલે કે શૅરધારકે કંપનીને ચૂકવવાની થતી શૅરદીઠ કુલ રકમ શૅરની દાર્શનિક કિંમત (Face value) જેટલી જ હોય છે. દા.ત., ₹ 10ની દાર્શનિક કિંમતનો શૅર ₹ 10માં જ બહાર પાડવામાં આવે.

(2) પ્રીમિયમથી (At premium) : જ્યારે કંપની દ્વારા શૅરની દાર્શનિક કિંમત કરતાં વધુ કિંમતે શૅર બહાર પાડવામાં આવે ત્યારે, શૅરધારકે શૅરદીઠ શૅરની દાર્શનિક કિંમત કરતાં વધુ રકમ ચૂકવવાની થાય છે. આને શૅર પ્રીમિયમથી બહાર પાડ્યા કહેવાય. દા.ત., ₹ 10ની દાર્શનિક કિંમતનો શૅર ₹ 14માં બહાર પાડવામાં આવે તો વધારાના ₹ 4 પ્રીમિયમની રકમ ગણાશે.

શૅર પ્રીમિયમથી બહાર પાડવા અંગેની કંપનીધારા, 2013ની વર્તમાન જોગવાઈઓ તેમજ તેની હિસાબી અસરો અંગે આ પ્રકરણમાં આગળના મુદ્દામાં વિસ્તૃત ચર્ચા કરેલ છે.

(3) વટાવથી બહાર પાડેલ શૅર (Issue of Shares at Discount) : જ્યારે કંપની દ્વારા શૅરની દાર્શનિક કિંમત કરતાં ઓછી કિંમતે શૅર બહાર પાડવામાં આવે ત્યારે શૅર વટાવથી બહાર પાડ્યા છે તેમ કહેવાય.

દા.ત., ₹ 10ની દાર્શનિક કિંમતનો શૅર ₹ 9માં બહાર પાડવામાં આવે, તો અહીં ₹ 1 શૅર વટાવની રકમ ગણાશે.

કંપનીધારા, 2013ની કલમ 53 મુજબ, હવે કોઈ પણ કંપની પોતાના શૅર વટાવથી બહાર પાડી શકશે નહિ.

કંપનીધારા, 2013ની કલમ 54 મુજબ, કંપની તેના કર્મચારીઓને કે ડિરેક્ટરોને તેમના કામના બદલામાં આપવામાં આવતા 'સ્વેટ ઈક્વિટી શૅર' જ વટાવથી આપી શકશે.

8. શૅરમૂડીને લગતા વ્યવહારો અને તેની હિસાબી અસરો (Share Capital Transactions and Its Accounting Effects)

શૅરમૂડીને લગતા વ્યવહારો અંગે કંપનીના ચોપડામાં નીચે મુજબ આમનોંધ લખાશે :

- **શૅરઅરજી વખતે (On Share Application) :**

(1) જ્યારે કંપનીને અરજી વખતે નાણાં મળે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	બૅન્ક ખાતે ઉ તે શૅરઅરજી ખાતે [બા.જે. : .... શૅર પર શૅરદીઠ ₹ .... લેખે અરજીનાં નાણાં મળ્યા તેના.]		....	....

(2) બહાર પાડેલા શૅર કરતાં વધારે શૅર માટે અરજીઓ મળી હોય અને વધારાના શૅરઅરજીની રકમ અરજદારોને પરત કરવામાં આવે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	શૅરઅરજી ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : નામંજૂર કરેલ .... શૅર પર શૅરદીઠ ₹ .... લેખે અરજીનાં નાણાં પરત કર્યા તેના.]		....	....

(3) જ્યારે કંપનીનાં બોર્ડ ઑફ ડિરેક્ટર્સની સંમતિથી શૅર મંજૂરી કે શૅરની વહેંચણી નક્કી થયા બાદ મંજૂર થયેલ શૅર પરની અરજીની રકમ શૅરમૂડી ખાતે લઈ જવામાં આવે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	શૅરઅરજી ખાતે ઉ		....	
	તે શૅરમૂડી ખાતે			....
	[બા.જે. : મંજૂર કરેલ .... શૅર પર શૅરદીઠ ₹ ...... લેખે અરજીનાં નાણાં શૅરમૂડી ખાતે લઈ ગયા તેના.]			

- **શૅરમંજૂરી વખતે (On Share Allotment) :**

(4) કંપની દ્વારા જેના શૅર મંજૂર કરવામાં આવ્યા હોય તે અરજદારો કંપનીના શૅરહોલ્ડર (શૅરધારક) બને છે. શૅરહોલ્ડર્સ પાસેથી જ્યારે શૅરમંજૂરી વખતે રકમ મંગાવવામાં આવે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	શૅરમંજૂરી ખાતે ઉ		....	
	તે શૅરમૂડી ખાતે			....
	[બા.જે. : .... શૅર પર શૅરદીઠ ₹ .... લેખે મંજૂરી વખતે નાણાં મંગાવ્યાં તેના.]			

(5) મંજૂરી વખતે મંગાવેલી લેણી રકમ મળે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	બૅન્ક ખાતે ઉ		....	
	તે શૅરમંજૂરી ખાતે			....
	[બા.જે. : .... શૅર પર શૅરદીઠ ₹ .... લેખે મંજૂરીનાં નાણાં મળ્યા તેના.]			

- **શૅર પ્રથમ હપ્તા વખતે (On Share First Call) :**

(6) મંજૂરીની રકમ મળ્યા બાદ કંપની જ્યારે પ્રથમ હપ્તો (First Call) મંગાવે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	શૅર પ્રથમ હપ્તા ખાતે ઉ		....	
	તે શૅરમૂડી ખાતે			....
	[બા.જે. : .... શૅર પર શૅરદીઠ ₹ .... લેખે પ્રથમ હપ્તાનાં નાણાં મંગાવ્યાં તેના.]			

(7) શૅર પ્રથમ હપ્તાની રકમ મળે ત્યારે,

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	બૅન્ક ખાતે ઉ		....	
	તે શૅર પ્રથમ હપ્તા ખાતે			....
	[બા.જે. : પ્રથમ હપ્તાનાં નાણાં મળ્યાં તેના.]			

શૅર બીજા હપ્તા કે ત્રીજા હપ્તાની રકમ કંપની દ્વારા શૅરહોલ્ડર્સ પાસેથી મંગાવવામાં આવે અને મંગાવેલી લેણી રકમ મળે ત્યારે ઉપર મુજબ જ આમનોંધ (6) અને (7) લખાશે. આ આમનોંધમાં શૅર પ્રથમ હપ્તાની જગ્યાએ 'શૅર બીજા હપ્તા ખાતે' કે 'શૅર ત્રીજા કે આખરી હપ્તા ખાતે' લખાશે.

ઉદાહરણ 1 : શૈલજા કંપની લિમિટેડે ₹ 10નો એક એવા 2,40,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા, જેના પર રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 3

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 3

પ્રથમ હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

મંજૂરી વખતે તથા હપ્તા વખતે મંગાવવામાં આવેલી રકમો સમયસર પૂરેપૂરી મળી ગઈ હતી. બધા જ શૅરની અરજી મળી હતી. કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો.

ઇક્વિટી શૅરમૂડી ખાતું, ઇક્વિટી શૅરઅરજી ખાતું, ઇક્વિટી શૅરમંજૂરી ખાતું, ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતું અને ઇક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

શૈલજા કંપની લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : 2,40,000 શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		7,20,000	7,20,000
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : મંજૂર કરેલ શૅરઅરજીનાં નાણાં શૅરમૂડી ખાતે લઈ ગયા તેના.]		7,20,000	7,20,000
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 2,40,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે મંજૂરીની રકમ લેણી થઈ તેના.]		7,20,000	7,20,000
4	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરી વખતે મંગાવેલ રકમ મળી તેના.]		7,20,000	7,20,000
5	ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 2,40,000 શૅર પર શૅરદીઠ ₹ 2 લેખે પ્રથમ હપ્તાની રકમ લેણી થઈ તેના.]		4,80,000	4,80,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
6	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે [બા.જે. : પ્રથમ હપ્તા વખતે મંગાવેલ રકમ મળી તેના.]		4,80,000	4,80,000
7	ઇક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 2,40,000 શૅર પર છેલ્લા હપ્તાની રકમ લેણી થઈ તેના.]		4,80,000	4,80,000
8	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતે [બા.જે. : છેલ્લા હપ્તા વખતે મંગાવેલ રકમ મળી તેના.]		4,80,000	4,80,000
	કુલ સરવાળો		**48,00,000**	**48,00,000**

શૈલજા કંપની લિમિટેડની ખાતાવહીમાં

ઇક્વિટી શૅરમૂડી ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
				2	ઇક્વિટી શૅરઅરજી ખાતે		7,20,000
				3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે		7,20,000
				5	ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે		4,80,000
	બાકી આગળ લઈ ગયા		24,00,000	7	ઇક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતે		4,80,000
			24,00,000				**24,00,000**

ઇક્વિટી શૅરઅરજી ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
2	ઇક્વિટી શૅરમૂડી ખાતે		7,20,000	1	બૅન્ક ખાતે		7,20,000
			7,20,000				**7,20,000**

ઇક્વિટી શૅરમંજૂરી ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
3	ઇક્વિટી શૅરમૂડી ખાતે		7,20,000	4	બૅન્ક ખાતે		7,20,000
			7,20,000				**7,20,000**

ઈક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
5	ઈક્વિટી શૅરમૂડી ખાતે		4,80,000	6	બૅન્ક ખાતે		4,80,000
			4,80,000				**4,80,000**

ઈક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
7	ઈક્વિટી શૅરમૂડી ખાતે		4,80,000	8	બૅન્ક ખાતે		4,80,000
			4,80,000				**4,80,000**

નોંધ : દાખલામાં તારીખ આપેલ ન હોવાથી દરેક વ્યવહારને ક્રમ નંબર આપેલ છે, જેનાથી આમનોંધની ખતવણી સમજવામાં પણ સરળતા રહે.

ઉદાહરણ 2 : એક લિમિટેડ કંપનીએ તેની સત્તાવાર થાપણ ₹ 10નો એક એવા 25,00,000 ઈક્વિટી શૅરની રાખેલ હતી. તેમાંથી કંપનીએ 20,00,000 ઈક્વિટી શૅર જાહેર જનતા માટે બહાર પાડ્યા. કંપનીને જાહેર ભરણાં દ્વારા 19,00,000 ઈક્વિટી શૅર માટે અરજીઓ મળી હતી. કંપની દ્વારા આ શૅર પર શૅરદીઠ કુલ ₹ 8 મંગાવવામાં આવ્યા હતા અને તે પૂરેપૂરા ભરપાઈ થયા હતા.

ઉપરની વિગતો પરથી શૅરમૂડીનું વર્ગીકરણ કરો.

જવાબ :

	₹
સત્તાવાર થાપણ :	
₹ 10નો એક એવા 25,00,000 ઈક્વિટી શૅર	2,50,00,000
બહાર પાડેલી થાપણ :	
₹ 10નો એક એવા 20,00,000 ઈક્વિટી શૅર	2,00,00,000
ભરાયેલી થાપણ :	
₹ 10નો એક એવા 19,00,000 ઈક્વિટી શૅર	1,90,00,000
મંગાવેલી અને વસૂલ આવેલ થાપણ :	
₹ 10નો એક એવા 19,00,000 ઈક્વિટી શૅર પર ₹ 8 મંગાવેલ અને ભરપાઈ થયેલ	1,52,00,000

* વિદ્યાર્થીમિત્રો, પ્રકરણના અત્યાર સુધીના ભાગમાં આપણે શૅરમૂડીને લગતા સામાન્ય વ્યવહારો તેમજ તેની હિસાબી અસરો જોઈ. પ્રકરણના હવે પછીના ભાગમાં શૅરમૂડીને લગતા વિશિષ્ટ વ્યવહારો અને તેની હિસાબી અસરોનો અભ્યાસ કરીશું.

9. મળવાના બાકી હપ્તા (Calls-in-Arrears)

જ્યારે કંપની શૅરહોલ્ડર્સ પાસેથી શૅરમંજૂરી કે હપ્તાની રકમ મંગાવે ત્યારે જો કોઈ શૅરહોલ્ડર તે રકમ સમયસર ચૂકવે નહિ ત્યારે, આ નહિ ચૂકવેલ રકમને 'મળવાના બાકી હપ્તા' કહેવાશે. આ સંજોગોમાં મળવાના બાકી હપ્તા અંગે બે રીતે હિસાબી અસરો આપી શકાય છે :

(i) મળવાના બાકી હપ્તા ખાતું ઊભું કર્યા વિના : આ પદ્ધતિમાં મળવાનું બાકી હપ્તા ખાતું ઊભું કરવામાં આવતું નથી. કંપની દ્વારા જે-તે હપ્તા મંગાવવામાં આવે ત્યારે જેટલી રકમ શૅરહોલ્ડર્સ પાસેથી મળે છે તેટલી જ રકમ બૅન્ક ખાતે ઉધારી, જે-તે હપ્તા ખાતે જમા કરવામાં આવે છે.

જેથી નહિ ચૂકવાયેલ હપ્તાની રકમ જેટલી જ ઉધાર બાકી જે-તે હપ્તા ખાતાની રહેશે. જ્યારે ભવિષ્યમાં શૅરહોલ્ડર દ્વારા બાકી હપ્તાની રકમ ચૂકવાશે ત્યારે બૅન્ક ખાતે ઉધારી, જે-તે હપ્તા ખાતે જમા કરવામાં આવશે.

(ii) મળવાના બાકી હપ્તા ખાતું ઊભું કરવામાં આવે ત્યારે : આ પદ્ધતિમાં મળવાના બાકી હપ્તા ખાતું ઊભું કરવામાં આવે છે. જ્યારે જે-તે હપ્તા મંગાવવામાં આવે ત્યારે જેટલી રકમ શૅરહોલ્ડર્સ દ્વારા ચૂકવાય છે તે બૅન્ક ખાતે ઉધારવામાં આવે છે તેમજ જેટલી રકમ શૅરહોલ્ડર્સ દ્વારા ચૂકવાતી નથી તે મળવાના બાકી હપ્તા ખાતે ઉધારવામાં આવે છે.

ભવિષ્યમાં જ્યારે મળવાના બાકી હપ્તાની રકમ મળશે ત્યારે બૅન્ક ખાતે ઉધારી, મળવાના બાકી હપ્તા ખાતે જમા કરવામાં આવશે. જેથી છેલ્લે મળવાના બાકી હપ્તાનું ખાતું બંધ થઈ જશે.

ઉપરની બંને પદ્ધતિ નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

ઉદાહરણ 3 : જય લિમિટેડે તેના 50,000 શૅર પર શૅરદીઠ ₹ 2 લેખે પ્રથમ હપ્તો મંગાવ્યો હતો. 1000 શૅર ધરાવનાર એક શૅરહોલ્ડર આ હપ્તો સમયસર ચૂકવતો નથી, પરંતુ એક મહિના પછી તેણે પ્રથમ હપ્તાની બાકી રકમ ચૂકવી દીધી. બાકીના બધા શૅરહોલ્ડર્સએ પૂરેપૂરી રકમ સમયસર ચૂકવી દીધી હતી.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ લખો.

જવાબ :

નીચે દર્શાવેલ કોઈ પણ એક પદ્ધતિનો અમલ કરી શકાશે :

(i) મળવાના બાકી હપ્તા ખાતું ઊભું કર્યા વગર			**(ii) મળવાના બાકી હપ્તા ખાતું ઊભું કરવામાં આવે તો**		
(1) જ્યારે પ્રથમ હપ્તો મંગાવવામાં આવે ત્યારે,			(1) જ્યારે પ્રથમ હપ્તો મંગાવવામાં આવે ત્યારે,		
શૅર પ્રથમ હપ્તા ખાતે ...ઉ	1,00,000		શૅર પ્રથમ હપ્તા ખાતે ...ઉ	1,00,000	
તે શૅરમૂડી ખાતે		1,00,000	તે શૅરમૂડી ખાતે		1,00,000
(2) પ્રથમ હપ્તાનાં નાણાં મળે ત્યારે,			(2) પ્રથમ હપ્તાનાં નાણાં મળે ત્યારે,		
બૅન્ક ખાતે ...ઉ	98,000		બૅન્ક ખાતે ...ઉ	98,000	
તે શૅર પ્રથમ હપ્તા ખાતે		98,000	મળવાના બાકી હપ્તા ખાતે ...ઉ	2000	
			તે શૅર પ્રથમ હપ્તા ખાતે		1,00,000
(3) શૅરહોલ્ડર પાસેથી મળવાના બાકી હપ્તાની રકમ મળે ત્યારે,			(3) શૅરહોલ્ડર પાસેથી મળવાના બાકી હપ્તાની રકમ મળે ત્યારે,		
બૅન્ક ખાતે ...ઉ	2000		બૅન્ક ખાતે ...ઉ	2000	
તે શૅર પ્રથમ હપ્તા ખાતે		2000	તે મળવાના બાકી હપ્તા ખાતે		2000

નોંધ : (1) બાકી હપ્તાની રકમ વાર્ષિક હિસાબો બનાવતી વખતે વસૂલ થયેલ ન હોય, તો બાકી હપ્તાની રકમ મંગાવેલી શૅરમૂડીમાંથી બાદ કરીને દર્શાવવામાં આવે છે.

(2) મળવાના બાકી હપ્તાની રકમ પર, હપ્તાની લેણી થયેલ તારીખથી ખરેખર ચૂકવેલ તારીખ સુધીના સમય સુધી કંપની તેના આર્ટિકલ્સ ઑફ એસોસિએશનમાં જણાવેલ દરે વ્યાજ વસૂલ કરી શકે છે.

(3) જો આર્ટિકલ્સમાં વ્યાજના દરનો ઉલ્લેખ ન હોય તો કંપનીધારો, 2013ના શેડ્યુઅલ Iના ટેબલ F મુજબ બાકી હપ્તાની રકમ પર વધુમાં વધુ વાર્ષિક 10 % દરે વ્યાજ વસૂલ કરી શકાશે. જોકે, કંપનીના ડિરેક્ટર્સ આ વ્યાજની રકમ સંપૂર્ણ કે અંશતઃ માફ કરવાનો અધિકાર ધરાવે છે.

- **મળવાના બાકી હપ્તા પર વ્યાજની ગણતરી કે તેની હિસાબી અસરો અભ્યાસક્રમમાં સામેલ નથી :**

ઉદાહરણ 4 : ભાવનગરની પ્રણવ લિમિટેડે ₹ 10નો એક એવા 18,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા હતા. કંપનીને 20,00,000 શૅર માટે અરજીઓ મળી. બોર્ડ ઑફ ડિરેક્ટર્સની મીટિંગમાં શૅર મંજૂર કરવામાં આવ્યા. વધારાના

શૅર માટેની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેનાં નાણાં શૅર અરજદારોને પરત કર્યા. શૅર પરની રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 3

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 2.50

પ્રથમ હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 2.50

યોગેશ કે જેના 1600 શૅર મંજૂર કરેલા છે, તે પ્રથમ અને છેલ્લા હપ્તાનાં નાણાં ભરી શકેલ નથી. જ્યારે નીલમ કે જેના 1400 શૅર મંજૂર કરેલા છે, તે છેલ્લા હપ્તાનાં નાણાં ભરી શકેલ નથી.

આ સિવાય બાકીના શૅરહોલ્ડર્સ પાસેથી સમયસર બધી રકમ મળી ગઈ હતી. યોગેશ અને નીલમે બાકી હપ્તાની રકમ પાછળથી કંપનીને ચૂકવી હતી.

ઉપર્યુક્ત વ્યવહારો અંગે જરૂરી આમનોંધ કંપનીના ચોપડામાં પસાર કરો.

જવાબ :

પ્રણવ લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : 20,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		60,00,000	 60,00,000
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે બૅન્ક ખાતે [બા.જે. : મંજૂર કરેલ 18,00,000 ઇક્વિટી શૅરની અરજીની રકમ શૅરમૂડી ખાતે લઈ ગયા અને નામંજૂર કરેલ 2,00,000 ઇક્વિટી શૅરની અરજીની રકમ પરત કરી તેના.]		60,00,000	 54,00,000 6,00,000
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : મંજૂર કરેલ 18,00,000 શૅર પર શૅરદીઠ ₹ 2.50 લેખે મંજૂરીનાં લેણાં થયાં તેના.]		45,00,000	 45,00,000
4	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે [બા.જે. : શૅરમંજૂરી પરની લેણી રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]		45,00,000	 45,00,000
5	ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 18,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 2 લેખે પ્રથમ હપ્તાનાં લેણાં થયાં તેના.]		36,00,000	 36,00,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
6	બૅન્ક ખાતે (17,98,400 શૅર × ₹ 2) ઉ મળવાના બાકી હપ્તા ખાતે (1600 શૅર × ₹ 2) ઉ તે ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે [બા.જે. : શૅર પ્રથમ હપ્તા પેટે મંગાવેલ રકમ યોગેશ પાસેના 1600 શૅર સિવાય બાકીના શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ તેના.]		35,96,800 3200	 36,00,000
7	ઇક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 18,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 2.50 લેખે છેલ્લા હપ્તાનાં લેણાં થયાં તેના.]		45,00,000	 45,00,000
8	બૅન્ક ખાતે (17,97,000 શૅર × ₹ 2.5) ઉ મળવાના બાકી હપ્તા ખાતે ઉ (3000 શૅર × ₹ 2.5) તે ઇક્વિટી શૅર છેલ્લા હપ્તા ખાતે [બા.જે. : શૅર છેલ્લા હપ્તા પેટે મંગાવેલ રકમ યોગેશ પાસેના 1600 શૅર અને નીલમ પાસેના 1400 શૅર સિવાય બાકીના શૅર પર પૂરેપૂરી મળી ગઈ તેના.]		44,92,500 7500	 45,00,000
9	બૅન્ક ખાતે ઉ તે મળવાના બાકી હપ્તા ખાતે [બા.જે. : યોગેશ અને નીલમના શૅર પરની બાકી હપ્તાની રકમ મળી ગઈ તેના.]		10,700	 10,700
	કુલ સરવાળો		**3,72,10,700**	**3,72,10,700**

10. અગાઉથી મળેલ હપ્તા (Calls-in-Advance)

કંપનીના આર્ટિકલ્સમાં જો એવી જોગવાઈ હોય, તો કંપની પોતાના બહાર પાડેલ શૅર પર નહિ મંગાવેલી રકમ જો કોઈ શૅરહોલ્ડર પૂરી કે આંશિક રીતે ચૂકવે તો તે રકમ મેળવી શકે છે. આ સંજોગોમાં નહિ મંગાવેલ રકમ શૅરહોલ્ડર (શૅરધારકો) દ્વારા કંપનીને અગાઉથી મળતાં તે રકમ 'અગાઉથી મળેલ હપ્તા ખાતે' જમા કરવામાં આવે છે.

જ્યારે અરજી વખતે શૅરમંજૂરી કે શૅરહપ્તાની રકમ અગાઉથી મળે ત્યારે નીચે પ્રમાણે આમનોંધ થશે :

શૅરઅરજી ખાતે ...ઉ	[શૅરઅરજીની સંખ્યા × અરજી વખતે મંગાવેલ શૅરદીઠ રકમ]
તે શૅરમૂડી ખાતે	[મંજૂર કરેલ શૅરની સંખ્યા × અરજી વખતે મંગાવેલ શૅરદીઠ રકમ]
તે શૅરમંજૂરી ખાતે	[અગાઉથી મળેલ મંજૂરીની રકમ]
તે અગાઉથી મળેલ હપ્તા ખાતે	[અગાઉથી મળેલ હપ્તાની રકમ]

જ્યારે શૅરમંજૂરી વખતે શૅર હપ્તાની રકમ અગાઉથી મળે ત્યારે નીચે પ્રમાણેની આમનોંધ લખાશે :

	બૅન્ક ખાતે ઉ તે શૅરમંજૂરી ખાતે તે અગાઉથી મળેલ હપ્તા ખાતે		....	 ....

જ્યારે હપ્તાની રકમ લેણી થાય ત્યારે, અગાઉથી મળેલ હપ્તા અંગે નીચે પ્રમાણેની આમનોંધ લખાશે :

	અગાઉથી મળેલ હપ્તા ખાતે ઉ તે જે-તે હપ્તા ખાતે		....	 ....

નોંધ : (1) અગાઉથી મળેલ હપ્તા એ કંપનીની શૅરમૂડી નથી, તેથી તેના પર ડિવિડન્ડ આપી શકાય નહિ.

(2) અગાઉથી મળેલ હપ્તા ખાતાની બાકી પાકા સરવૈયામાં ઇક્વિટી અને દેવાં બાજુ 'ચાલુ જવાબદારી (દેવાં)'ના મુખ્ય શીર્ષક હેઠળ પેટાશીર્ષક 'અન્ય ચાલુ દેવાં' નીચે બતાવવામાં આવે છે.

(3) અગાઉથી મળેલ હપ્તાની રકમ પર, રકમ મળે તે તારીખથી જ્યાં સુધી સરભર થાય ત્યાં સુધીના સમય પર કંપનીના આર્ટિકલ્સમાં જણાવ્યા પ્રમાણેના વ્યાજના દરે શૅરહોલ્ડરને વ્યાજ ચૂકવવું ફરજિયાત છે. જો આર્ટિકલ્સમાં જોગવાઈ ના હોય તો કંપનીધારો, 2013ના શેડ્યુલ Iના ટેબલ F મુજબ કંપનીના ડિરેક્ટર્સે વધુમાં વધુ વાર્ષિક 12 % લેખે વ્યાજ ચૂકવવું પડશે. કંપનીને નફો થયો ન હોય તોપણ આ વ્યાજ આપવું ફરજિયાત છે.

અગાઉથી મળેલ હપ્તા પર વ્યાજની ગણતરી અને તેની હિસાબી અસરો અભ્યાસક્રમમાં સામેલ નથી.

ઉદાહરણ 5 : વડોદરાની કેના કેમિકલ્સ કંપનીએ 3,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 100 લેખે, જાહેર જનતામાં બહાર પાડ્યા હતા. કંપનીએ અરજી વખતે શૅરદીઠ ₹ 40, મંજૂરી વખતે શૅરદીઠ ₹ 35 તથા પ્રથમ અને આખરી હપ્તા પેટે શૅરદીઠ ₹ 25 લેવાનું નક્કી કર્યું હતું.

કંપનીને કુલ 3,20,000 ઇક્વિટી શૅરની અરજીઓ મળી. તેમાંથી 20,000 ઇક્વિટી શૅર નામંજૂર કરી તેના પરની રકમ અરજદારોને પરત કરવામાં આવી. પ્રણવ નામના શૅરહોલ્ડર કે જેના 3000 ઇક્વિટી શૅર કંપનીએ મંજૂર કર્યા હતા, તેણે શૅરમંજૂરી વખતે, પ્રથમ અને આખરી હપ્તાનાં નાણાં પણ મોકલી આપ્યાં હતાં.

આ સિવાય મંજૂરી તથા હપ્તા વખતે લેણી થતી રકમો યોગ્ય સમયે મંગાવવામાં આવી હતી અને તે રકમ સમયસર પૂરેપૂરી મળી ગઈ હતી. ઉપરના વ્યવહારોની આમનોંધ કંપનીના ચોપડામાં દર્શાવો.

જવાબ :

કેના કેમિકલ્સ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : 3,20,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 40 લેખે નાણાં મળ્યા તેના.]		1,28,00,000	 1,28,00,000
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે બૅન્ક ખાતે [બા.જે. : મંજૂર કરેલા 3,00,000 ઇક્વિટી શૅરનાં નાણાં શૅરમૂડી ખાતે લઈ ગયા અને નામંજૂર કરેલ 20,000 ઇક્વિટી શૅરનાં નાણાં અરજદારોને પરત કર્યાં તેના.]		1,28,00,000	 1,20,00,000 8,00,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : મંજૂર કરેલ 3,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 35 લેખે મંજૂરીનાં લેણાં થયાં તેના.]		1,05,00,000	 1,05,00,000
4	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે તે અગાઉથી મળેલ હપ્તા ખાતે [બા.જે. : 3,00,000 ઇક્વિટી શૅર પર મંગાવેલ મંજૂરીની રકમ મળી તે ઉપરાંત પ્રણવે પોતાના 3000 ઇક્વિટી શૅર પર અગાઉથી પ્રથમ અને આખરી હપ્તાના શૅરદીઠ ₹ 25 લેખે મોકલ્યા તેના.]		1,05,75,000	 1,05,00,000 75,000
5	ઇક્વિટી શૅર પ્રથમ અને આખરી હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 3,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 25 લેખે પ્રથમ અને આખરી હપ્તાની રકમ લેણી થઈ તેના.]		75,00,000	 75,00,000
6	બૅન્ક ખાતે ઉ અગાઉથી મળેલ હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી પ્રથમ અને આખરી હપ્તા ખાતે [બા.જે. : હપ્તાની લેણી રકમ પેટે (પ્રણવના અગાઉથી મળેલ હપ્તાની રકમ સિવાય) બાકીનાં નાણાં મળ્યા તેનાં.]		74,25,000 75,000	 75,00,000
	કુલ સરવાળો		**6,16,75,000**	**6,16,75,000**

ઉદાહરણ 6 : પાલનપુરની પરેશ કંપનીએ 2,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 10 લેખે, જાહેર જનતા માટે બહાર પાડ્યા. કંપનીએ અરજી વખતે શૅરદીઠ ₹ 3.50, મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4 અને પ્રથમ અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 2.50 મંગાવવાનાં નક્કી કર્યાં હતાં.

જાહેર જનતા પાસેથી 2,30,000 ઇક્વિટી શૅરની અરજીઓ મળી, જેમાંથી 30,000 ઇક્વિટી શૅરની અરજીઓ નામંજૂર કરી તેના પરની રકમ અરજદારોને પરત કરી.

નીતિન કે જેણે 2500 શૅરની અરજી કરી હતી, તેણે અરજી સમયે શૅરદીઠ ₹ 10 લેખે પૂરેપૂરી રકમ મોકલી આપી હતી. કંપનીએ તેના બધા જ શૅર મંજૂર રાખ્યા હતા. જ્યારે પિયુષ કે જેના 1500 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે શૅરમંજૂરી વખતે પ્રથમ અને આખરી હપ્તાની રકમ પણ કંપનીને મોકલી આપી હતી.

આ સિવાય મંજૂરી સમયની તથા હપ્તા વખતે લેણી થતી રકમો સમયસર પૂરેપૂરી મળી ગઈ હતી. કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો.

જવાબ :

પરેશ કંપનીના ચોપડે આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : અરજી વખતે 2,30,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3.50 લેખે અને નીતિને 2500 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 6.50 લેખે અગાઉથી ભરતાં તેનાં નાણાં મળ્યાં તેના.]		8,21,250	 8,21,250
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (2,00,000 શૅર × ₹ 3.5) તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે (2500 શૅર × ₹ 4) તે અગાઉથી મળેલ હપ્તા ખાતે (2500 શૅર × ₹ 2.5) તે બૅન્ક ખાતે (30,000 શૅર × ₹ 3.5) [બા.જે. : મંજૂર કરેલા 2,00,000 શૅર પરની અરજીની રકમ શૅરમૂડી ખાતે લઈ ગયા અને નીતિને અગાઉથી ભરેલ મંજૂરી અને હપ્તાની રકમ જે-તે ખાતે લઈ ગયા, જ્યારે નામંજૂર કરેલ 30,000 શૅર પરની અરજીની રકમ અરજદારોને પરત કરી તેના.]		8,21,250	 7,00,000 10,000 6250 1,05,000
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 2,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 4 લેખે મંજૂરીની રકમ લેણી થઈ તેના.]		8,00,000	 8,00,000
4	બૅન્ક ખાતે ઉ (મંજૂરી વખતે મંગાવેલ ₹ 8,00,000 – ₹ 10,000 (નિતિનના અગાઉથી મળેલ) + ₹ 3750 (પિયુષે પ્રથમ અને આખરી હપ્તાના મોકલ્યા તેના.) તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે તે અગાઉથી મળેલ હપ્તા ખાતે (1500 શૅર × ₹ 2.50) [બા.જે. : મંજૂરી પર મંગાવેલ પૂરેપૂરી રકમ મળી બાદ નિતિને અગાઉથી ભરેલ મંજૂરીની રકમ ₹ 10,000 અને પિયૂષે ₹ 3750 હપ્તાની રકમ પેટે અગાઉથી ચૂકવતા, મંજૂરી પેટે રકમ મળી તેના.]		7,93,750	 7,90,000 3750

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
5	ઈક્વિટી શૅર પ્રથમ અને આખરી હપ્તા ખાતે ઉ તે ઈક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 2,00,000 ઈક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 2.50 લેખે હપ્તાનાં લેણાં થયાં તેના.]		5,00,000	5,00,000
6	બૅન્ક ખાતે ઉ (હપ્તા વખતે મંગાવેલ ₹ 5,00,000 – ₹ 10,000 અગાઉથી મળેલ.) અગાઉથી મળેલ હપ્તા ખાતે ઉ (નીતિનના ₹ 6250 + પિયુષના ₹ 3750) તે ઈક્વિટી શૅર પ્રથમ અને આખરી હપ્તા ખાતે [બા.જે. : હપ્તાની લેણી રકમ પેટે નીતિન અને પિયુષના અગાઉથી ભરેલ હપ્તાની રકમ સિવાય બાકીનાં નાણાં મળ્યાં તેના.]		4,90,000 10,000	5,00,000
	કુલ સરવાળો		**42,36,250**	**42,36,250**

11. શૅર પ્રીમિયમે બહાર પાડવા અંગે (For Issue of Shares at Premium)

જ્યારે કંપનીની બજારમાં શાખ સારી હોય, નફાકારકતા ઊંચી હોય, આંતરિક અને બાહ્ય પરિબળો અનુકૂળ હોય તેમજ જો કંપનીએ અગાઉ શૅર બહાર પાડેલા હોય અને તેની બજારકિંમત શૅરની દાર્શનિક કિંમત કરતાં વધુ હોય, ત્યારે કંપની પોતાના શૅર મૂળકિંમત કરતાં વધુ કિંમતે બહાર પાડી શકે છે. જ્યારે કંપની મૂળકિંમત કરતાં વધુ કિંમતે શૅર બહાર પાડે, ત્યારે શૅર પ્રીમિયમે બહાર પાડ્યા કહેવાય.

કંપની જ્યારે તેના શૅર પ્રીમિયમથી બહાર પાડે ત્યારે શૅરની દાર્શનિક કિંમત કરતાં વધારે મળેલ રકમ એક જુદા ખાતામાં જમા કરવામાં આવે છે. કંપનીધારા મુજબ આ રકમ **'જામીનગીરી પ્રીમિયમ ખાતે' (Securities Premium Account)** અથવા **'જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે' (Securities Premium Reserve Account)** લઈ જવામાં આવશે.

- **જામીનગીરી પ્રીમિયમ અંગે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**
  (1) શૅર પર પ્રીમિયમની રકમ શૅરઅરજી વખતે અથવા શૅરમંજૂરી વખતે અથવા શૅરઅરજી અને મંજૂરી વખતે અથવા શૅર હપ્તા વખતે અલગ અલગ કે એક સાથે મંગાવી શકાય છે.
  (2) પ્રીમિયમની રકમ નક્કી કરવા અંગે કોઈ કાયદાકીય નિયંત્રણ નથી.
  (3) શૅર પર મળેલ પ્રીમિયમ મહેસૂલી નફો નહિ પરંતુ મૂડી નફો ગણાય છે.
  (4) જામીનગીરી પ્રીમિયમ ખાતાની બાકી કંપનીના પાકા સરવૈયામાં ઈક્વિટી અને દેવાં બાજુ 'અનામતો અને વધારો'ના શીર્ષક હેઠળ 'જામીનગીરી પ્રીમિયમ અનામત' તરીકે દર્શાવવામાં આવે છે.
  (5) કંપની રોકડમાં ડિવિડન્ડ આપવા માટે જામીનગીરી પ્રીમિયમની રકમનો ઉપયોગ કરી શકે નહિ.
- **કંપનીધારા, 2013ની કલમ 52(2) મુજબ, જામીનગીરી પ્રીમિયમ અનામતની રકમનો ઉપયોગ ફક્ત નીચે દર્શાવેલ વિગતો માટે કરી શકાશે :**
  (1) કંપનીના પ્રાથમિક ખર્ચાને માંડી વાળવા માટે
  (2) કંપનીએ શૅર કે ડિબેન્ચર બહાર પાડતાં થયેલ ખર્ચ, કમિશન કે આપેલ વટાવને માંડી વાળવા માટે
  (3) કંપનીના શૅરહોલ્ડર્સને પૂરા ભરાયેલા બૉનસ શૅર આપવા માટે
  (4) કંપની દ્વારા રીડિમેબલ પ્રેફરન્સ શૅર કે ડિબેન્ચર પરત કરવા તેના ઉપર પ્રીમિયમ આપવા માટે
  (5) કંપનીએ પોતાના જ શૅર ખરીદવા માટે

- **શૅર પ્રીમિયમથી બહાર પાડવામાં આવે ત્યારે તેની હિસાબી નોંધ કંપનીના ચોપડે નીચે મુજબ થશે :**

(I) અરજી વખતે :

(1) જ્યારે શૅર પ્રીમિયમની રકમ અરજી સાથે મંગાવવામાં આવે ત્યારે,

બૅન્ક ખાતે ...ઉ તે શૅરઅરજી ખાતે	શૅરદીઠ મંગાવેલ રકમ (પ્રીમિયમની રકમ સાથે)

(2) મળેલ અરજીઓ મંજૂર કરવામાં આવે ત્યારે,

શૅરઅરજી ખાતે ...ઉ તે શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે →	(મંજૂર કરેલા શૅરની સંખ્યા × અરજી સાથે મંગાવેલ શૅરદીઠ પ્રીમિયમની રકમ)

(II) મંજૂરી વખતે :

(1) જ્યારે શૅર પ્રીમિયમની રકમ શૅરમંજૂરી સાથે મંગાવવામાં આવે ત્યારે,

શૅરમંજૂરી ખાતે ...ઉ તે શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે →	(મંજૂર કરેલા શૅરની સંખ્યા × મંજૂરી વખતે મંગાવેલ શૅરદીઠ પ્રીમિયમની રકમ)

(2) મંજૂરીનાં નાણાં મળે ત્યારે,

બૅન્ક ખાતે ...ઉ તે શૅરમંજૂરી ખાતે	શૅરદીઠ મંગાવેલ રકમ (પ્રીમિયમ સાથે) × મંજૂર કરેલા શૅરની સંખ્યા

(III) શૅર હપ્તા વખતે :

(1) જ્યારે શૅર પ્રીમિયમની રકમ શૅર હપ્તા વખતે મંગાવવામાં આવે ત્યારે,

શૅર હપ્તા ખાતે ...ઉ તે શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે →	(મંજૂર કરેલા શૅરની સંખ્યા × હપ્તા વખતે મંગાવેલ શૅરદીઠ પ્રીમિયમની રકમ)

(2) હપ્તાનાં નાણાં મળે ત્યારે,

બૅન્ક ખાતે ...ઉ તે શૅર હપ્તા ખાતે	શૅરદીઠ મંગાવેલ રકમ (પ્રીમિયમ સાથે) × મંજૂર કરેલા શૅરની સંખ્યા

ઉદાહરણ 7 : ગાંધીનગરની નિસર્ગ ફાર્મા લિમિટેડે ₹ 10નો એક એવા 80,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 40ના પ્રીમિયમે બહાર પાડ્યા. રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

શૅરઅરજી વખતે શૅરદીઠ ₹ 14 (₹ 10 પ્રીમિયમ સહિત)

શૅરમંજૂરી વખતે શૅરદીઠ ₹ 33 (₹ 30 પ્રીમિયમ સહિત)

શૅર આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

કંપનીને 85,000 ઇક્વિટી શૅર માટે અરજીઓ મળી હતી. વધારાની શૅરઅરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના પર અરજી વખતે મળેલ રકમ અરજદારોને પરત કરવામાં આવી.

મંજૂરી અને આખરી હપ્તા વખતે લેણી થતી રકમ સમયસર મંગાવવામાં આવી હતી. દેવામીએ ધારણ કરેલ 2000 શૅર પર મંજૂરી અને આખરી હપ્તાની રકમ સિવાય બધા શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો માટે જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

નિસર્ગ ફાર્મા કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		11,90,000	
	તે ઇક્વિટી શૅરઅરજી ખાતે			11,90,000
	[બા.જે. : 85,000 શૅર માટેની અરજીઓ પર શૅરદીઠ ₹ 14 લેખે નાણાં મળ્યાં તેના.]			
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ		11,90,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (80,000 શૅર × ₹ 4)			3,20,000
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (80,000 શૅર × ₹ 10)			8,00,000
	તે બૅન્ક ખાતે (5000 શૅર × ₹ 14)			70,000
	[બા.જે. : મંજૂર કરેલ 80,000 શૅરનાં નાણાં શૅરમૂડી ખાતે અને પ્રીમિયમ ખાતે લઈ ગયાં, જ્યારે નામંજૂર કરેલ 5000 શૅરનાં નાણાં અરજદારોને પરત કર્યાં તેના.]			
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ		26,40,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			2,40,000
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે			24,00,000
	[બા.જે. : મંજૂરી વખતે 80,000 શૅર પર શૅરમૂડી પેટે શૅરદીઠ ₹ 3 અને પ્રીમિયમ પેટે શૅરદીઠ ₹ 30 લેણાં થયાં તેના.]			
4	બૅન્ક ખાતે ઉ		25,74,000	
	તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે			25,74,000
	[બા.જે. : દેવામી પાસેના 2000 શૅર પર શૅરદીઠ ₹ 33 લેખે કુલ ₹ 66,000 સિવાય બાકીના 78,000 શૅર પર શૅરમંજૂરીની પૂરેપૂરી રકમ મળી ગઈ તેના.]			
5	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે ઉ		2,40,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			2,40,000
	[બા.જે. : 80,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે હપ્તાનાં લેણાં થયાં તેના.]			
6	બૅન્ક ખાતે ઉ		2,34,000	
	તે ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે			2,34,000
	[બા.જે. : દેવામી પાસેના 2000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે કુલ ₹ 6000 સિવાય બાકીના 78,000 શૅર પર આખરી હપ્તાની પૂરેપૂરી રકમ મળી ગઈ તેના.]			
	કુલ સરવાળો		**80,68,000**	**80,68,000**

નોંધ : દેવામીએ પોતાના 2000 ઇક્વિટી શૅર પર મંજૂરીનાં અને આખરી હપ્તાનાં નાણાં ભરેલ નથી. આ નહિ મળેલ રકમ મળવાના બાકી હપ્તા ખાતે ઉધારી, આમનોંધ નં. 4 અને 6માં અસર આપી શકાય અથવા મળવાના બાકી હપ્તા ખાતું ઊભું કર્યા વગર પણ ઉપર મુજબ આમનોંધ પસાર કરી શકાય.

ઉદાહરણ 8 : દિશિતા પ્લાસ્ટિક કંપનીની સત્તાવાર થાપણ 5,00,000 ઇક્વિટી શૅરની, શૅરદીઠ ₹ 10ની કિંમતની બનેલી છે. તા. 11 જુલાઈ, 2017ના રોજ કંપનીએ 4,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 80ના પ્રીમિયમથી જાહેર ભરણાં માટે બહાર પાડ્યા. શૅરની રકમ નીચે પ્રમાણે મંગાવવામાં આવી હતી :

તા. 11 જુલાઈ, 2017ના રોજ અરજી વખતે શૅરદીઠ ₹ 84 (શૅરદીઠ ₹ 80 પ્રીમિયમ સહિત)

તા. 11 સપ્ટેમ્બર, 2017ના રોજ મંજૂરી વખતે શૅરદીઠ ₹ 3

તા. 11 નવેમ્બર, 2017ના રોજ આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

શૅર ભરણું તા. 11 જુલાઈ, 2017ના રોજ સંપૂર્ણ ભરાઈ જતાં બંધ કર્યું. ડિરેક્ટર્સે તા. 21 જુલાઈ, 2017ના રોજ શૅરઅરજીના બધા જ શૅર મંજૂર કર્યા. 4000 શૅર સિવાયના બધા જ શૅર પર શૅરમંજૂરીની રકમ તા. 21 સપ્ટેમ્બર, 2017ના રોજ મળી ગઈ હતી. જ્યારે આખરી હપ્તાની રકમ બીજા 2000 શૅર સિવાય તા. 21 નવેમ્બર, 2017 સુધીમાં પૂરેપૂરી મળી ગઈ હતી.

ઉપરના વ્યવહારો અંગે કંપનીના ચોપડામાં બૅન્કને લગતા વ્યવહારો સિવાયની આમનોંધો પસાર કરો અને બૅન્ક ખાતું તૈયાર કરો.

જવાબ :

દિશિતા પ્લાસ્ટિક કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2017				
જુલાઈ, 21	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ		3,36,00,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			16,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે			3,20,00,000
	[બા.જે. : મંજૂર કરેલા 4,00,000 ઇક્વિટી શૅરના શૅરદીઠ ₹ 4 લેખે શૅરમૂડી ખાતે અને શૅરદીઠ ₹ 80 લેખે પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના.]			
સપ્ટેમ્બર, 11	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ		12,00,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			12,00,000
	[બા.જે. : 4,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે મંજૂરીની રકમ લેણી થઈ તેના.]			
સપ્ટેમ્બર, 21	મળવાના બાકી હપ્તા ખાતે ઉ		12,000	
	તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે			12,000
	[બા.જે. : 4000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે નહિ મળેલ મંજૂરીની રકમ]			
નવેમ્બર, 11	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે ઉ		12,00,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			12,00,000
	[બા.જે. : 4,00,000 ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે આખરી હપ્તાની રકમ લેણી થઈ તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
નવેમ્બર, 21	મળવાના બાકી હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે [બા.જે. : 6000 (4000 + 2000) ઇક્વિટી શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે નહિ મળેલ આખરી હપ્તાની રકમ]		18,000	18,000
	કુલ સરવાળો		**3,60,30,000**	**3,60,30,000**

દિશિતા પ્લાસ્ટિક કંપનીના ચોપડામાં બૅન્ક ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
2017 જુલાઈ, 11	ઇક્વિટી શૅરઅરજી ખાતે (4,00,000 શૅર પર પ્રીમિયમની રકમ સાથે શૅરદીઠ ₹ 84 મળ્યાં તેના.)		3,36,00,000				
સપ્ટે., 21	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે (4000 શૅર સિવાયના બાકીના 3,96,000 શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે મંજૂરીનાં નાણાં મળ્યાં તેના.)		11,88,000				
નવે., 21	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે (6000 શૅર સિવાયના બાકીના 3,94,000 શૅર પર શૅરદીઠ ₹ 3 લેખે આખરી હપ્તાનાં નાણાં મળ્યાં તેના.)		11,82,000				

12. શૅરજપ્તી (Forfeiture of Shares)

જો કોઈ કારણસર, કોઈ શૅરહોલ્ડર તેણે ધારણ કરેલ શૅર પર, ભરવાની થતી મંજૂરી કે હપ્તાની રકમ કંપનીએ જણાવેલ સમયમર્યાદામાં ન ચૂકવે, તો કંપની યોગ્ય કાર્યવાહી કર્યા બાદ તે શૅરહોલ્ડર્સના શૅર જપ્ત કરી શકે છે.

સામાન્ય સંજોગોમાં શૅર જપ્ત કરવાની સત્તા કંપનીના ડિરેક્ટર્સને આર્ટિકલ્સ ઑફ એસોસિએશન દ્વારા મળેલી હોય છે. શૅર જપ્ત કરવાની વિધિ કંપનીના આર્ટિકલ્સ ઑફ એસોસિએશનમાં દર્શાવેલ હોય તે રીતે અથવા જો આર્ટિકલ્સમાં તેનો ઉલ્લેખ ન હોય તો કંપનીધારા, 2013ના શેડ્યુલ Iના ટેબલ Fમાં દર્શાવ્યા પ્રમાણે કરવાની હોય છે. આમ, કંપનીના ડિરેક્ટર્સ દ્વારા શૅર જપ્ત કરવા કે રદ કરવાની પ્રક્રિયાને શૅરજપ્તી કહે છે.

શૅર જપ્ત થવાના કારણે શૅરહોલ્ડર(શૅરધારક)નું નામ સભ્યપત્રકમાંથી દૂર કરવામાં આવે છે અર્થાત્ તે વ્યક્તિ હવે, કંપનીનો શૅરહોલ્ડર ગણાતો નથી.

જપ્ત કરેલા શૅર પર, શૅરહોલ્ડર્સ દ્વારા કંપનીમાં અગાઉ ભરેલ રકમ, કંપની દ્વારા જપ્ત કરી લેવામાં આવે છે એટલે કે તે રકમ શૅરહોલ્ડર્સને પરત કરવામાં આવતી નથી.

શૅર રદ થવાના કારણે શૅરની સંખ્યા ઘટે છે, તેથી 'શૅરમૂડી ખાતું' ઉધારવામાં આવે છે. જપ્ત થયેલ શૅર પર શૅરહોલ્ડર દ્વારા કંપનીમાં ભરેલ રકમ પણ જપ્ત થાય છે, જે રકમ 'શૅરજપ્તી ખાતે' જમા કરવામાં આવે છે.

- **શૅર જપ્ત કરવામાં આવે ત્યારે અલગ-અલગ પરિસ્થિતિમાં નીચે પ્રમાણે કંપનીના ચોપડામાં આમનોંધ પસાર કરવામાં આવે છે :**

(I) જ્યારે શૅર મૂળકિંમતે બહાર પાડ્યા હોય અથવા પ્રીમિયમથી બહાર પાડ્યા હોય અને પ્રીમિયમની રકમ પૂરેપૂરી મળી ગઈ હોય ત્યારે

શૅરમૂડી ખાતે ...ઉ	[જપ્ત કરેલા શૅરની સંખ્યા × શૅરદીઠ મૂડી પેટે મંગાવેલ રકમ]
તે શૅરજપ્તી ખાતે	[જપ્ત થયેલા શૅર પર પ્રીમિયમ સિવાય મૂડી પેટે મળેલ રકમ]
તે શૅરમંજૂરી ખાતે	[મંજૂરી વખતે મંગાવેલ પરંતુ નહિ મળેલ રકમ]
તે શૅર હપ્તા કે બાકી હપ્તા ખાતે	[હપ્તા વખતે મંગાવેલ પરંતુ નહિ મળેલ રકમ]

(II) જ્યારે શૅર પ્રીમિયમે બહાર પાડ્યા હોય અને પ્રીમિયમની રકમ મળવાની બાકી હોય ત્યારે,

શૅરમૂડી ખાતે ...ઉ	[જપ્ત કરેલા શૅરની સંખ્યા × શૅરદીઠ મૂડી પેટે મંગાવેલ રકમ]
જામીનગીરી પ્રીમિયમ ખાતે ...ઉ	[જપ્ત થયેલ શૅરની સંખ્યા × મંગાવેલ પરંતુ નહિ મળેલ પ્રીમિયમની રકમ]
તે શૅરજપ્તી ખાતે	[મળેલ કુલ રકમ]
તે શૅરમંજૂરી ખાતે	[મંજૂરી વખતે મંગાવેલ પરંતુ નહિ મળેલ રકમ]
તે શૅર હપ્તા કે બાકી હપ્તા ખાતે	[હપ્તા વખતે મંગાવેલ પરંતુ નહિ મળેલ રકમ]

ઉપરનાં વ્યવહારો નીચેનાં ઉદાહરણો દ્વારા સમજીએ :

ઉદાહરણ 9 :

(1) M લિમિટેડે, શૅરહોલ્ડર ગોવિંદના 600 ઇક્વિટી શૅર, શૅરના છેલ્લા હપ્તા પેટે શૅરદીઠ ₹ 3 લેખે નહિ ભરેલ હોવાથી જપ્ત કર્યા. કંપનીએ શૅરહોલ્ડર્સ પાસેથી શૅરની મૂળ કિંમતના શૅરદીઠ ₹ 10 મંગાવેલ હતા.
ગોવિંદે અરજી વખતે શૅરદીઠ ₹ 4 અને મંજૂરી વખતે શૅરદીઠ ₹ 3 ભરેલા હતા.
શૅરજપ્તીની આમનોંધ પસાર કરો.

(2) N લિમિટેડે, શ્રી પ્રેમાભાઈના 2400 ઇક્વિટી શૅર દરેક ₹ 10નો એક તેવા શૅર પરના પ્રથમ હપ્તા પેટે શૅરદીઠ ₹ 2 નહિ ભરેલ હોવાથી જપ્ત કર્યા. કંપનીને શ્રી પ્રેમાભાઈ પાસેથી અરજી પેટે શૅરદીઠ ₹ 3 અને મંજૂરી પેટે શૅરદીઠ ₹ 3 મળેલ છે. કંપનીએ અત્યાર સુધી શૅરદીઠ ₹ 8 મંગાવેલ છે.
કંપનીના ચોપડામાં શૅરજપ્તીની આમનોંધ પસાર કરો.

(3) Q લિમિટેડે, શૅરહોલ્ડર્સ પાસેથી જામીનગીરી પ્રીમિયમના શૅરદીઠ ₹ 12 સાથે કુલ ₹ 22 મંગાવેલ હતા. કિંજલે તેના 500 શૅર પર અરજી વખતે શૅરદીઠ ₹ 15 (₹ 12ના પ્રીમિયમ સાથે) અને મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4 ભરેલા હતા. કિંજલે તેણે ધારણ કરેલ 500 શૅર પર આખરી હપ્તા પેટે શૅરદીઠ ₹ 3 લેખે નહિ ભરતાં કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. કંપનીના ચોપડે શૅરજપ્તીની આમનોંધ પસાર કરો.

(4) P લિમિટેડે, શૅરદીઠ ₹ 10 લેખે 50 % પ્રીમિયમથી ઇક્વિટી શૅર બહાર પાડ્યા હતા. કંપનીએ અરજી વખતે ₹ 4, મંજૂરી વખતે ₹ 8 (પ્રીમિયમની રકમ સહિત) અને પ્રથમ અને છેલ્લા હપ્તા વખતે ₹ 3 મંગાવેલ હતા. શ્રી જીગર કે જેણે 600 શૅર ધારણ કરેલ છે, તેણે ફક્ત અરજીની રકમ જ કંપનીમાં આપેલ છે. કંપનીએ તેમના શૅર પ્રથમ અને છેલ્લા હપ્તા બાદ જપ્ત કર્યા.
શૅરજપ્તી અંગે કંપનીના ચોપડામાં આમનોંધની અસર આપો.

જવાબ :

(1) M લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (600 શૅર × ₹ 10) તે શૅરજપ્તી ખાતે (600 શૅર × ₹ 7) તે શૅરના છેલ્લા હપ્તા ખાતે (600 શૅર × ₹ 3) [બા.જે. : ગોવિંદના 600 શૅર જપ્ત કર્યા તેના.]		6000	 4200 1800

સમજૂતી : કંપનીએ ગોવિંદના શૅર જપ્ત કરતાં હવે તેના શૅર રદ થશે, જેથી કંપનીએ મૂડી પેટે મંગાવેલ રકમ શૅરદીઠ ₹ 10 શૅરમૂડી ખાતે ઉધારાશે. જ્યારે ગોવિંદે શૅરમૂડી પેટે ભરેલ રકમ શૅરદીઠ ₹ 7 શૅરજપ્તી ખાતે અને શૅરમૂડી પેટે નહિ ભરેલ છેલ્લા હપ્તાની રકમ શૅરદીઠ ₹ 3 શૅરના છેલ્લા હપ્તા ખાતે જમા થશે.

(2) N લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (2400 શૅર × ₹ 8) તે શૅરજપ્તી ખાતે (2400 શૅર × ₹ 6) તે શૅર પ્રથમ હપ્તા ખાતે અથવા બાકી હપ્તા ખાતે (2400 શૅર × ₹ 2) [બા.જે. : પ્રેમાભાઈએ 2400 શૅર પર પ્રથમ હપ્તાનાં નાણાં નહિ ભરતાં, પ્રથમ હપ્તા બાદ તેમના શૅર જપ્ત કર્યા તેના.]		19,200	 14,400 4800

સમજૂતી : કંપનીએ પ્રથમ હપ્તા બાદ તરત જ પ્રેમાભાઈના શૅર જપ્ત કરેલ છે. તેથી ઉપરની આમનોંધમાં ઇક્વિટી શૅરમૂડી ખાતે (જપ્ત કરેલા શૅરની સંખ્યા 2400 શૅર × મૂડી પેટે મંગાવેલ શૅરદીઠ રકમ ₹ 8) ₹ 19,200 ઉધારેલ છે.

(3) Q લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (500 શૅર × ₹ 10) તે શૅરજપ્તી ખાતે (500 શૅર × ₹ 7) તે શૅર આખરી હપ્તા ખાતે (500 શૅર × ₹ 3) [બા.જે. : કિંજલે આખરી હપ્તાની રકમ ન ભરતાં તેના શૅર જપ્ત કર્યા તેના.]		5000	 3500 1500

સમજૂતી : કિંજલે અરજી સાથે પ્રીમિયમની રકમ પણ ભરેલ છે જેથી જામીનગીરી પ્રીમિયમની કોઈ અસર શૅરજપ્તી વખતે આપવામાં આવશે નહિ. શૅરજપ્તી ખાતે શૅરની મૂળકિંમત પેટે ચૂકવેલ અરજી વખતના શૅરદીઠ ₹ 3 અને મંજૂરી વખતના શૅરદીઠ ₹ 4 એમ કુલ શૅરદીઠ ₹ 7 જમા થશે.

(4) P લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (600 શૅર × ₹ 10)		6000	
	જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ (600 શૅર × ₹ 5)		3000	
	તે શૅરજપ્તી ખાતે (600 શૅર × ₹ 4)			2400
	તે શૅરમંજૂરી ખાતે (600 શૅર × ₹ 8)			4800
	તે શૅર પ્રથમ અને છેલ્લા હપ્તા ખાતે (600 શૅર × ₹ 3)			1800
	[બા.જે. : શ્રી જીગરે 600 શૅર પર અરજીનાં નાણાં આપ્યા બાદ મંજૂરી પેટે અને હપ્તા પેટેની રકમ ન ચૂકવતાં તેમના શૅર જપ્ત કર્યા તેના.]			

સમજૂતી : શ્રી જીગરે પ્રીમિયમની રકમ સહિત કુલ મંજૂરીની રકમ શૅરદીઠ ₹ 8 લેખે ચૂકવેલ નથી. જેથી અહીં શૅરદીઠ ₹ 5 લેખે કુલ રકમ ₹ 3000 (600 શૅર × ₹ 5) જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉધાર કરવામાં આવશે જ્યારે શૅરમંજૂરી ખાતે પ્રીમિયમ સહિત શૅરદીઠ ₹ 8 લેખે કુલ રકમ ₹ 4800 (600 શૅર × ₹ 8) જમા કરવામાં આવશે.

13. જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડવા અંગે (For Reissue of Forfeited Shares)

જપ્ત થયેલા શૅર કંપની ફરીથી બહાર પાડી શકે છે. આ અંગે કંપનીના ડિરેક્ટર્સને કાયદા દ્વારા સંપૂર્ણ સત્તા આપેલ છે. ડિરેક્ટર્સ આ શૅર મૂળકિંમતે, પ્રીમિયમથી કે વટાવથી પણ બહાર પાડી શકે છે.

અહીં ધ્યાનમાં રાખવાનું કે શૅર ફરી બહાર પાડતાં કંપનીને ઓછામાં ઓછી તે શૅર પર જે રકમ મૂડી પેટે વસૂલ મળી નથી તેટલી રકમ તો મળવી જ જોઈએ. અર્થાત્ કંપની જપ્ત કરેલા શૅર પર જપ્ત કરેલી રકમ જેટલો વધુમાં વધુ વટાવ નવા શૅરહોલ્ડર્સને આપી શકે છે.

આમ, જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડવામાં આવે ત્યારે વધુમાં વધુ વટાવ તે શૅર પર વસૂલ આવેલી મૂડીની રકમ સુધી આપી શકાય. અહીં આ પ્રકારે આપવામાં આવતી વટાવની રકમ અંગે કોઈ મંજૂરી લેવી પડતી નથી. દા.ત., કોઈ એક શૅરહોલ્ડરે અમુક શૅર પર ₹ 10ની મૂળકિંમતની સામે શૅરદીઠ ₹ 7 જ કંપનીમાં ભર્યા છે અને શૅરદીઠ ₹ 3 ભર્યા નથી. જો તેના શૅર જપ્ત કરવામાં આવે અને ત્યાર બાદ આ શૅર ફરીથી બહાર પાડવામાં આવે ત્યારે વધુમાં વધુ શૅરદીઠ ₹ 7 જેટલો વટાવ આપી શકાય.

જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડતા નવા (ખરીદનાર) શૅરહોલ્ડર પાસેથી મળેલ રકમ **'બૅન્ક ખાતે'** ઉધારવામાં આવે છે. જો આ શૅર વટાવથી બહાર પાડવામાં આવે તો આપેલ વટાવની રકમ **'શૅરજપ્તી ખાતે'** ઉધારવામાં આવે છે. અહીં શૅર ફરીથી બહાર પાડતાં શૅરની મૂળકિંમત(દાર્શનિક કિંમત)ની રકમ **'શૅરમૂડી ખાતે'** જમા કરવામાં આવે છે.

- **જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડતાં જુદી જુદી પરિસ્થિતિમાં કંપનીના ચોપડામાં નીચે મુજબ આમનોંધ પસાર થશે :**

(I) જપ્ત થયેલા શૅર મૂળકિંમતે બહાર પાડતાં,

	બૅન્ક ખાતે ઉ તે શૅરમૂડી ખાતે		....	 ....

(II) જપ્ત થયેલા શૅર પ્રીમિયમથી બહાર પાડતાં,

	બૅન્ક ખાતે ઉ તે શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે		....	 ....

(III) જપ્ત થયેલા શૅર વટાવથી બહાર પાડતાં,

બૅન્ક ખાતે ...ઉ	[ફરીથી બહાર પાડેલ શૅરની સંખ્યા × શૅરદીઠ જે રકમથી શૅર ફરીથી બહાર પાડવામાં આવે તે]
શૅરજપ્તી ખાતે ...ઉ	[ફરીથી બહાર પાડેલ શૅરની સંખ્યા × શૅરદીઠ વટાવની રકમ]
તે શૅરમૂડી ખાતે	[ફરીથી બહાર પાડેલ શૅરની સંખ્યા × શૅરની મંગાવેલી ભરપાઈ કિંમત]

- **શૅરજપ્તીની બાકી અંગે :**

જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડ્યા પછી જો તે શૅર અંગે શૅરજપ્તી ખાતે બાકી રહે, તો તે બાકીની રકમ **'મૂડી અનામત ખાતે'** લઈ જવામાં આવે છે.

શૅરજપ્તી એ કંપનીનો રોજબરોજનો વ્યવહાર નથી. શૅરજપ્તી દ્વારા કંપનીને જે કાંઈ ફાયદો થાય તે મૂડી નફો કહેવાય. તેથી શૅરજપ્તીની રકમ મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે. કંપનીના ચોપડામાં નીચે મુજબ તેની આમનોંધ પસાર થશે.

	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : ફરીથી બહાર પાડેલા શૅર અંગે શૅરજપ્તી ખાતાની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]		....	 ....

- **જપ્ત થયેલા શૅર ફરીથી બહાર પાડવા અંગે ધ્યાનમાં રાખવાના અન્ય મુદ્દા :**

(I) જપ્ત થયેલા શૅર જ્યાં સુધી ફરીથી બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી શૅરજપ્તીની રકમ (શૅરજપ્તી ખાતાની બાકી) પાકા સરવૈયામાં શૅરમૂડી અંગેના પરિશિષ્ટમાં ભરાયેલી અને ભરપાઈ થયેલી મૂડીની રકમમાં ઉમેરવામાં આવે છે.

(II) જ્યારે જપ્ત થયેલા શૅરમાંથી અમુક ભાગના જ શૅર ફરીથી બહાર પાડવામાં આવે, તો તે ભાગના શૅરથી થતો નફો જ મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે. બાકીના શૅર પર શૅરજપ્તીની જમા બાકી ચાલુ રહે છે.

(III) બૉર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા ઠરાવ પસાર કરીને જો કોઈ શૅરહોલ્ડર મંગાવેલી રકમ ના ભરે તો શૅરમંજૂરી બાદ અથવા શૅર પ્રથમ હપ્તા બાદ અથવા શૅર આખરી હપ્તા બાદ શૅર જપ્ત કરી શકાય છે. આ રીતે જપ્ત થયેલા શૅર તરત જ એટલે કે મંજૂરી બાદ, પ્રથમ હપ્તા બાદ અથવા આખરી હપ્તા બાદ ફરીથી બહાર પાડી શકાય છે.

- **શૅરજપ્તી અને જપ્ત થયેલા શૅરો ફરીથી બહાર પાડતાં જુદી જુદી પરિસ્થિતિમાં કંપનીના ચોપડામાં આમનોંધ કેવી રીતે પસાર થાય તે અંગે નીચેના ઉદાહરણનો અભ્યાસ કરીએ.**

ઉદાહરણ 10 : નીચેના વ્યવહારોની કંપનીના ચોપડામાં શૅરજપ્તીને લગતી અને તે શૅર ફરીથી બહાર પાડવા અંગેની આમનોંધો પસાર કરો :

(અ) કંપનીએ ₹ 10ની મૂળકિંમતના હરનિશના 500 ઇક્વિટી શૅર તા. 1-3-2017ના રોજ જપ્ત કર્યા. હરનિશે આખરી હપ્તાના શૅરદીઠ ₹ 3 લેખે નાણાં ભર્યાં ન હતાં. જપ્ત થયેલા શૅર કંપનીએ શૅરદીઠ ₹ 8ના ભાવે તા. 2-4-2017ના રોજ ફરીથી બહાર પાડ્યા હતા, જે સંજયે ખરીદ્યા હતા.

(બ) તા. 10-7-2017ના રોજ કંપનીએ ₹ 10ની મૂળકિંમતના અવધ પાસેના 350 ઇક્વિટી શૅર, જે શૅરદીઠ ₹ 3 પ્રથમ હપ્તા પેટે અને શૅરદીઠ ₹ 2 બીજા અને છેલ્લા હપ્તા પેટે નહિ ભરી શકવાના કારણે જપ્ત કર્યા હતા. તા. 12-8-2017ના રોજ જપ્ત થયેલા 350 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 7 લેખે ફરીથી બહાર પાડ્યા, જે ધર્મેશે ખરીદ્યા હતા.

(ક) તા. 14-9-2017ના રોજ, ₹ 10ની મૂળકિંમતના ધ્રુમલ પાસેના 1200 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 3 લેખે છેલ્લા હપ્તા પેટેની રકમ નહિ ભરી શકવાના કારણે કંપનીએ જપ્ત કર્યા. ધ્રુમલે અરજી વખતે શૅરદીઠ ₹ 4 અને મંજૂરી વખતે શૅરદીઠ ₹ 8 (શૅરદીઠ ₹ 5ના પ્રીમિયમ સહિત) ભરેલા હતા. જપ્ત થયેલા શૅરમાંથી તા. 16-10-2017ના રોજ 800 ઇક્વિટી શૅર કંપનીએ મિનેષને શૅરદીઠ ₹ 5ના વટાવથી આપ્યા હતા.

(ડ) હેતાંશ પાસેના ₹ 10ની મૂળકિંમતના 700 ઇક્વિટી શૅર, જે શેરમંજૂરી વખતના શૅરદીઠ ₹ 54 (જેમાં શૅરદીઠ ₹ 50 પ્રીમિયમના છે) અને શૅર આખરી હપ્તાના શૅરદીઠ ₹ 3 નહિ ભરી શકવાના કારણે તા. 1-8-2017ના રોજ કંપનીએ જપ્ત કર્યા હતા, જેમાંથી 500 ઇક્વિટી શૅર તા. 10-9-2017ના રોજ કંપનીએ શૅરદીઠ ₹ 35(શૅરદીઠ ₹ 25ના પ્રીમિયમ સહિત)ના ભાવે ફરીથી બહાર પાડીને હીરેનને આપ્યા હતા.

(ઇ) ગિરીશ પાસેના 2000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 3 પ્રથમ હપ્તા વખતે અને શૅરદીઠ ₹ 2 આખરી હપ્તા વખતે નહિ ભરવાના કારણે તા. 11-10-2017ના રોજ કંપનીએ જપ્ત કર્યા. કંપનીએ આ શૅર શૅરદીઠ ₹ 10ની મૂળકિંમતે બહાર પાડ્યા હતા.

જપ્ત થયેલ શૅર પૈકી 1200 ઇક્વિટી શૅર, તા. 4-11-2017ના રોજ નીલને શૅરદીઠ ₹ 8 લેખે કંપનીએ આપ્યા હતા, જ્યારે બાકીના શૅર તા. 22-11-2017ના રોજ હર્ષને શૅરદીઠ ₹ 7 લેખે કંપનીએ આપ્યા હતા.

જવાબ :

કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
10(અ)				
1-3-2017	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ		5000	
	(500 શૅર × ₹ 10)			
	તે શૅરજપ્તી ખાતે			3500
	(500 શૅર × ₹ 7)			
	તે શૅર આખરી હપ્તા ખાતે			1500
	(500 શૅર × ₹ 3)			
	[બા.જે. : જે હરનિશના 500 શૅર આખરી હપ્તાની રકમ ન ભરવાના કારણે જપ્ત કર્યા તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2-4-2017	બૅન્ક ખાતે ઉ (500 શૅર × ₹ 8) શૅરજપ્તી ખાતે ઉ (500 શૅર × ₹ 2) તે ઈક્વિટી શૅરમૂડી ખાતે (500 શૅર × ₹ 10) [બા.જે. : જપ્ત થયેલા 500 શૅર, શૅરદીઠ ₹ 8ના ભાવે ફરીથી બહાર પાડ્યા તેના.]		4000 1000	 5000
2-4-2017	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : શૅરજપ્તીની બાકી ₹ 3500 જમા – ₹ 1000 ઉધાર = ₹ 2500 મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]		2500	 2500
10(બ) 10-7-2017	 ઈક્વિટી શૅરમૂડી ખાતે ઉ (350 શૅર × ₹ 10) તે શૅરજપ્તી ખાતે (350 શૅર × ₹ 5) તે શૅર પ્રથમ હપ્તા ખાતે (350 શૅર × ₹ 3) તે શૅર બીજા અને છેલ્લા હપ્તા ખાતે (350 શૅર × ₹ 2) [બા.જે. : અવધના 350 શૅર પ્રથમ હપ્તા તેમજ બીજા અને છેલ્લા હપ્તાની રકમ નહિ ભરવાના કારણે જપ્ત કર્યા તેના.]		 3500	 1750 1050 700
12-8-2017	બૅન્ક ખાતે ઉ (350 શૅર × ₹ 7) શૅરજપ્તી ખાતે ઉ (350 શૅર × ₹ 3) તે ઈક્વિટી શૅરમૂડી ખાતે (350 શૅર × ₹ 10) [બા.જે. : જપ્ત કરેલ 350 શૅર, શૅરદીઠ ₹ 7 લેખે ફરીથી બહાર પાડ્યા તેના.]		2450 1050	 3500

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
12-8-2017	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : શૅરજપ્તીની બાકી ₹ 700 (₹ 1750 જમા – ₹ 1050 ઉધાર) મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]		700	 700
10(ક) 14-9-2017	ઈક્વિટી શૅરમૂડી ખાતે ઉ (1200 શૅર × ₹ 10) તે શૅરજપ્તી ખાતે (1200 શૅર × ₹ 7) તે શૅર છેલ્લા હપ્તા ખાતે (1200 શૅર × ₹ 3) [બા.જે. : ધ્રુમલના 1200 શૅર છેલ્લા હપ્તાની રકમ ન ભરવાના કારણે જપ્ત કર્યા તેના.]		12,000	 8400 3600
16-10-2017	બૅન્ક ખાતે ઉ (800 શૅર × ₹ 5) શૅરજપ્તી ખાતે ઉ (800 શૅર × ₹ 5) તે ઈક્વિટી શૅરમૂડી ખાતે (800 શૅર × ₹ 10) [બા.જે. : જપ્ત કરેલા 1200 શૅરમાંથી 800 શૅર, શૅરદીઠ ₹ 5ના વટાવથી ફરીથી બહાર પાડ્યા તેના.]		4000 4000	 8000
16-10-2017	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : ધ્રુમલના 1200 શૅરમાંથી 800 શૅર જ ફરીથી બહાર પાડતાં શૅરજપ્તીની પ્રમાણસર જમા બાકી ₹ 1600 મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.] *1200 શૅર પેટે શૅરજપ્તીની જમા બાકી ₹ 8400 છે. જેમાંથી 800 શૅર જ ફરીથી બહાર પાડતાં શૅરજપ્તીની પ્રમાણસર જમા બાકી ₹ 5600 થશે. તેમાંથી શૅરજપ્તીની ઉધાર બાકી ₹ 4000 બાદ કરતાં શૅરજપ્તીની જમા બાકી ₹ 1600 થશે જે મૂડી અનામત ખાતે લઈ જવાશે. જ્યારે ફરીથી નહિ બહાર પાડેલ 400 શૅરની શૅરજપ્તી ખાતાની જમા બાકી ₹ 2800 ચાલુ રહેશે.		1600	 1600

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
10(ડ)				
1-8-2017	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (700 શૅર × ₹ 10) જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ (700 શૅર × ₹ 50) તે શૅરજપ્તી ખાતે (700 શૅર × ₹ 3) તે શૅરમંજૂરી ખાતે (700 શૅર × ₹ 54) તે શૅર આખરી હપ્તા ખાતે (700 શૅર × ₹ 3) [બા.જે. : હેતાંશના 700 શૅર શૅરમંજૂરી અને આખરી હપ્તાની રકમ ન ભરવાના કારણે જપ્ત કર્યા તેના.]		7000 35,000	 2100 37,800 2100
10-9-2017	બૅન્ક ખાતે ઉ (500 શૅર × ₹ 35) તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (500 શૅર × ₹ 10) તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (500 શૅર × ₹ 25) [બા.જે. : જપ્ત થયેલા 700 શૅરમાંથી 500 શૅર, શૅરદીઠ ₹ 35(શૅરદીઠ ₹ 25ના પ્રીમિયમ સહિત)ના ભાવે ફરીથી બહાર પાડ્યા તેના.]		17,500	 5000 12,500
10-9-2017	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : 700 શૅર પેટે શૅરજપ્તીની જમા બાકી ₹ 2100ની સામે 500 શૅર ફરી બહાર પાડતાં, શૅરજપ્તીની પ્રમાણસર રકમ ₹ 1500 જ મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.] * શૅરજપ્તી ખાતાની જમા બાકી (700 શૅર × ₹ 3) = ₹ 2100 બાદ : ફરી બહાર પાડેલ શૅર પરની શૅરજપ્તી ખાતાની જમા બાકી (500 શૅર × ₹ 3) = ₹ 1500 બાકીના 200 શૅર પર શૅરજપ્તી ખાતાની બાકી ચાલુ રહેશે. = ₹ 600		1500	 1500

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
10(ઇ)				
11-10-2017	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ		20,000	
	(2000 શૅર × ₹ 10)			
	તે શૅરજપ્તી ખાતે			10,000
	(2000 શૅર × ₹ 5)			
	તે શૅર પ્રથમ હપ્તા ખાતે			6000
	(2000 શૅર × ₹ 3)			
	તે શૅર આખરી હપ્તા ખાતે			4000
	(2000 શૅર × ₹ 2)			
	[બા.જે. : ગિરીશના 2000 શૅર પર પ્રથમ હપ્તાનાં અને આખરી હપ્તાનાં નાણાં નહિ ભરાતાં તેમના શૅર જપ્ત કર્યા તેના.]			
4-11-2017	બૅન્ક ખાતે ઉ		9600	
	(1200 શૅર × ₹ 8)			
	શૅરજપ્તી ખાતે ઉ		2400	
	(1200 શૅર × ₹ 2)			
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			12,000
	(1200 શૅર × ₹ 10)			
	[બા.જે. : જપ્ત કરેલા 2000 શૅરમાંથી 1200 શૅર નીલને શૅરદીઠ ₹ 8 લેખે ફરીથી બહાર પાડ્યા તેના.]			
4-11-2017	શૅરજપ્તી ખાતે ઉ		3600	
	તે મૂડી અનામત ખાતે			3600
	[બા.જે. : 1200 ઇક્વિટી શૅર પરની શૅરજપ્તીની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]			
	ગણતરી :			
	1200 શૅરની પ્રમાણસર શૅરજપ્તીની રકમ ₹ 6000			
	બાદ : શૅરજપ્તી ખાતે ઉધારેલ રકમ ₹ 2400			
	મૂડી અનામત ખાતે ₹ 3600			
22-11-2017	બૅન્ક ખાતે ઉ		5600	
	(800 શૅર × ₹ 7)			
	શૅરજપ્તી ખાતે ઉ		2400	
	(800 શૅર × ₹ 3)			
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			8000
	(800 શૅર × ₹ 10)			
	[બા.જે. : જપ્ત થયેલા 2000 શૅરમાંથી બાકીના 800 શૅર હર્ષને શૅરદીઠ ₹ 7 લેખે ફરીથી બહાર પાડ્યા તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
22-11-2017	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : 800 ઇક્વિટી શૅર પરની શૅરજપ્તીની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.] ગણતરી : 800 શૅરની પ્રમાણસર શૅરજપ્તીની રકમ ₹ 4000 બાદ : શૅરજપ્તી ખાતે ઉધારેલ રકમ ₹ 2400 મૂડી અનામત ખાતે ₹ 1600		1600	1600

ઉદાહરણ 11 : નાઝનિન ટેક્સ્ટાઇલ્સ લિમિટેડે ₹ 10નો એક એવા 12,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા. જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 4

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4 અને

છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

કંપનીને જાહેર જનતામાંથી 15,50,000 ઇક્વિટી શૅર માટે અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં અરજદારોને પરત કરવામાં આવ્યાં.

હારૂન કે જેના 8000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે મંજૂરી અને છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી.

સલીમ કે જેના 2000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે છેલ્લા હપ્તા વખતની રકમ ચૂકવી ન હતી. કંપનીએ હારૂન અને સલીમના શૅર જપ્ત કર્યા અને જપ્ત કરેલા બધા શૅર, શૅરદીઠ ₹ 7.50 લેખે પૂરેપૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી બહાર પાડ્યા. આ બધા જ શૅર શાહરૂખે ખરીદી લીધા હતા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો અને શૅરજપ્તી ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

નાઝનિન ટેક્સ્ટાઇલ્સ લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : 15,50,000 શૅર પર, શૅરદીઠ ₹ 4 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		62,00,000	62,00,000
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે બૅન્ક ખાતે [બા.જે. : 12,00,000 શૅર મંજૂર કરી બાકીની 3,50,000 શૅરઅરજી નામંજૂર કરી તેના શૅરદીઠ ₹ 4 લેખે અરજદારોને નાણાં પરત કર્યાં તેના.]		62,00,000	48,00,000 14,00,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
3	શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 12,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 4 લેખે મંજૂરીની રકમ લેણી થઈ તેના.]		48,00,000	 48,00,000
4	બૅન્ક ખાતે ઉ મળવાના બાકી હપ્તા ખાતે ઉ તે શૅરમંજૂરી ખાતે [બા.જે. : હારૂનના 8000 શૅર સિવાય બાકીના શૅર પર મંજૂરીની રકમ મળી ગઈ તેના.]		47,68,000 32,000	 48,00,000
5	શૅર છેલ્લા હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 12,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 2 લેખે છેલ્લા હપ્તાની રકમ લેણી થઈ તેના.]		24,00,000	 24,00,000
6	બૅન્ક ખાતે ઉ મળવાના બાકી હપ્તા ખાતે ઉ તે શૅર છેલ્લા હપ્તા ખાતે [બા.જે. : હારૂનના 8000 શૅર અને સલીમના 2000 શૅર સિવાયના બાકીના શૅર પર છેલ્લા હપ્તાની રકમ મળી ગઈ તેના.]		23,80,000 20,000	 24,00,000
7	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (10,000 શૅર × ₹ 10) તે શૅરજપ્તી ખાતે (હારૂને ભરેલ (8000 × 4) 32,000 + સલીમે ભરેલ (2000 × 8) 16,000 = 48,000) તે મળવાના બાકી હપ્તા ખાતે (મંજૂરી વખતના ₹ 32,000 + છેલ્લા હપ્તા વખતના ₹ 20,000 = ₹ 52,000) [બા.જે. : હારૂન અને સલીમના શૅર છેલ્લા હપ્તા પછી જપ્ત કર્યા તેના.]		1,00,000	 48,000 52,000
8	બૅન્ક ખાતે ઉ (10,000 શૅર × ₹ 7.5) શૅરજપ્તી ખાતે ઉ (10,000 શૅર × ₹ 2.5) તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (10,000 શૅર × ₹ 10) [બા.જે. : જપ્ત કરેલા 10,000 શૅર, શૅરદીઠ ₹ 7.50 લેખે ફરીથી બહાર પાડ્યા તેના.]		75,000 25,000	 1,00,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
9	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : શૅરજપ્તી ખાતાની જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.] * શૅરજપ્તી ખાતાની જમા બાકી ₹ 48,000 બાદ ઉધાર બાકી ₹ 25,000 = ₹ 23,000 જમા બાકી		23,000	23,000
	કુલ સરવાળો		**2,70,23,000**	**2,70,23,000**

નોંધ : કેટલીકવાર શૅર પર મંગાવેલ હપ્તા કે મંજૂરીની રકમ વસૂલ ન મળે ત્યારે આવી વસૂલ નહિ મળેલ હપ્તાની રકમ 'બાકી હપ્તા ખાતે' લઈ જવામાં આવે છે. આ પ્રકારે જો નહિ મળેલ રકમ 'બાકી હપ્તા ખાતે' લઈ જવામાં આવી હોય, તો તેવા શૅરજપ્તી કરતી વખતે જે-તે હપ્તા ખાતે જમા કરવાને બદલે 'બાકી હપ્તા ખાતે' જમા કરવી જોઈએ. ઉપરના ઉદાહરણમાં આ રીતે અસર આપવામાં આવી છે.

શૅરજપ્તી ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
8	ઇક્વિટી શૅરમૂડી ખાતે		25,000	7	ઇક્વિટી શૅરમૂડી ખાતે		48,000
9	મૂડી અનામત ખાતે		23,000				
			48,000				**48,000**

ઉદાહરણ 12 : ધ્યાની સિરામિક લિમિટેડે ₹ 10નો એક એવા 3,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 150ના પ્રીમિયમે બહાર પાડ્યા. શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 74 (₹ 70ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 44 અને (₹ 40ના પ્રીમિયમ સહિત)

આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 42 (₹ 40ના પ્રીમિયમ સહિત)

કંપનીને 3,00,000 શૅરની અરજીઓ મળી હતી. વિશાલે ધારણ કરેલા 2000 શૅર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ વિશાલના શૅર જપ્ત કર્યા અને તે શૅર, શૅરદીઠ ₹ 80 લેખે અવનિને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો તેમજ જામીનગીરી પ્રીમિયમ ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

ધ્યાની સિરામિક લિમિટેડ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : 3,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 74 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		2,22,00,000	2,22,00,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે [બા.જે. : મંજૂર કરેલા 3,00,000 શૅરની અરજીની રકમમાંથી શૅરદીઠ ₹ 4 લેખે શૅરમૂડી ખાતે અને શૅરદીઠ ₹ 70 લેખે જામીનગીરી પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના.]		2,22,00,000	 12,00,000 2,10,00,000
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે [બા.જે. : 3,00,000 શૅર પર શૅરદીઠ ₹ 44 (₹ 40 પ્રીમિયમના) મંજૂરી વખતે લેણાં થયાં તેના.]		1,32,00,000	 12,00,000 1,20,00,000
4	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરી વખતની લેણી રકમ પૂરેપૂરી મળી તેના.]		1,32,00,000	 1,32,00,000
5	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે [બા.જે. : 3,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 42 (₹ 40 પ્રીમિયમના) આખરી હપ્તા વખતે લેણાં થયાં તેના.]		1,26,00,000	 6,00,000 1,20,00,000
6	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે [બા.જે. : વિશાલના 2000 શૅર સિવાય બાકીના 2,98,000 શૅર પર આખરી હપ્તાની પૂરેપૂરી રકમ મળી તેના.]		1,25,16,000	 1,25,16,000
7	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (2000 શૅર × ₹ 10) જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ (2000 શૅર × ₹ 40) તે શૅરજપ્તી ખાતે (2000 શૅર × ₹ 8) તે ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે (2000 શૅર × ₹ 42) [બા.જે. : વિશાલના 2000 શૅર પર આખરી હપ્તાની રકમ નહિ મળતાં તેના શૅર જપ્ત કરવામાં આવ્યા તેના.]		20,000 80,000	 16,000 84,000

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
8	બૅન્ક ખાતે	ઉ		1,60,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે				20,000
	(2000 શૅર × ₹ 10)				
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે				1,40,000
	(2000 શૅર × ₹ 70)				
	[બા.જે. : 2000 શૅર, શૅરદીઠ ₹ 80 લેખે ફરી બહાર પાડ્યા તેના.]				
9	શૅરજપ્તી ખાતે	ઉ		16,000	
	તે મૂડી અનામત ખાતે				16,000
	[બા.જે. : શૅરજપ્તી ખાતાની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]				
	કુલ સરવાળો			**9,61,92,000**	**9,61,92,000**

ધ્યાની સિરામિક લિમિટેડ કંપનીની ખાતાવહીમાં
જામીનગીરી પ્રીમિયમ ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
7	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે		80,000	2	ઇક્વિટી શૅરઅરજી ખાતે		2,10,00,000
	બાકી આગળ લઈ ગયા		4,50,60,000	3	ઇક્વિટી શૅર મંજૂરી ખાતે		1,20,00,000
				5	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે		1,20,00,000
				8	બૅન્ક ખાતે		1,40,000
			4,51,40,000				**4,51,40,000**

ઉદાહરણ 13 : એક લિમિટેડ કંપનીએ ₹ 10નો એક એવા 18,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા હતા. શૅરદીઠ રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 3 પ્રથમ હપ્તા વખતે ₹ 3

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 2 છેલ્લા હપ્તા વખતે ₹ 2

નીચે જણાવેલ વ્યક્તિઓ સિવાય બધા જ શૅર ધરાવનારાઓ પાસેથી શૅરની લેણી રકમ પૂરેપૂરી ભરપાઈ થઈ હતી.

અમીએ ધારણ કરેલા 1200 શૅર પર મંજૂરી, પ્રથમ હપ્તો અને છેલ્લા હપ્તાની રકમ મળી નથી.

રમીએ ધારણ કરેલા 800 શૅર પર પ્રથમ હપ્તો અને છેલ્લા હપ્તાની રકમ મળી નથી.

ગમીએ ધારણ કરેલા 1600 શૅર પર છેલ્લા હપ્તાની રકમ મળી નથી.

યોગ્ય કાર્યવાહી કર્યા બાદ કંપનીએ ઉપરના ત્રણે શૅરહોલ્ડરના શૅર જપ્ત કર્યા અને આ જપ્ત કરેલા શૅર, શૅરદીઠ ₹ 8 લેખે ફરી બહાર પાડ્યા.

કંપનીના ચોપડે શૅરજપ્તી તથા જપ્ત થયેલા શૅર ફરી બહાર પાડવા અંગેની આમનોંધ લખો.

જવાબ : જપ્ત થયેલા શૅર પેટે કંપનીને કેટલી રકમ મળી અને કેટલી રકમ ન મળી તેની ગણતરી :

(**નોંધ :** નહિ મળેલ રકમ કૌંસમાં દર્શાવેલ છે.)

	શૅરની સંખ્યા	**અરજી પેટે શૅરદીઠ ₹ 3**	**મંજૂરી પેટે શૅરદીઠ ₹ 2**	**પ્રથમ હપ્તા પેટે શૅરદીઠ ₹ 3**	**છેલ્લા હપ્તા પેટે શૅરદીઠ ₹ 2**	**કુલ મળેલ રકમ શૅરદીઠ ₹ 10**
અમી	1200	3600	(2400)	(3600)	(2400)	**3600**
રમી	800	2400	1600	(2400)	(1600)	**4000**
ગમી	1600	4800	3200	4800	(3200)	**12,800**
નહિ મળેલ રકમ		–	(2400)	(6000)	(7200)	–
મળેલ રકમ →		10,800	4800	4800	–	**20,400**
કુલ શૅર સંખ્યા →	3600					

કંપનીના ચોપડે આમનોંધ

તારીખ	**વિગત**	**ખા.પા.**	**ઉધાર (₹)**	**જમા (₹)**
1	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ		36,000	
	(3600 શૅર × ₹ 10)			
	તે શૅરજપ્તી ખાતે			20,400
	(કુલ મળેલ રકમ)			
	તે શૅરમંજૂરી ખાતે			2400
	તે શૅર પ્રથમ હપ્તા ખાતે			6000
	તે શૅર છેલ્લા હપ્તા ખાતે			7200
	[બા.જે. : અમી, રમી અને ગમીના કુલ 3600 શૅર પર પૂરેપૂરી રકમ ભરપાઈ ન થવાના કારણે તેમના શૅર જપ્ત કર્યા તેના.]			
2	બૅન્ક ખાતે ઉ		28,800	
	(3600 શૅર × ₹ 8)			
	શૅરજપ્તી ખાતે ઉ		7200	
	(3600 શૅર × ₹ 2)			
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			36,000
	(3600 શૅર × ₹ 10)			
	[બા.જે. : જપ્ત કરેલા શૅર, શૅરદીઠ ₹ 8 લેખે ફરી બહાર પાડ્યા તેના.]			
3	શૅરજપ્તી ખાતે ઉ		13,200	
	તે મૂડી અનામત ખાતે			13,200
	[બા.જે. : શૅરજપ્તી ખાતાની બાકી ₹ 13,200 (₹ 20,400 – ₹ 7200) મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]			

ઉદાહરણ 14 : દીપક લિમિટેડે ₹ 10નો એક એવા 5,00,000 ઇક્વિટી શૅર ₹ 25ના પ્રીમિયમથી બહાર પાડ્યા. શૅર પર નીચે મુજબ રકમ ભરવાની હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 13 (₹ 10ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 17 અને (₹ 15ના પ્રીમિયમ સહિત)

પ્રથમ હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

કુલ 5,80,000 શૅર માટે અરજીઓ મળી હતી. વધારાની અરજીઓ નામંજૂર કરી તેના પર ભરાયેલાં અરજીનાં નાણાં પરત કર્યાં.

અનુપ કે જેને 4000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા તે મંજૂરી વખતની રકમ ભરી નહિ શકતા શૅરમંજૂરી બાદ જપ્ત કરવામાં આવ્યા.

પૂર્વી કે જેના 3000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા તે પ્રથમ હપ્તા વખતની રકમ નહિ ભરી શકતા તેના શૅરો પ્રથમ હપ્તા બાદ જપ્ત કરવામાં આવ્યા.

બાકીના શૅર પર આખરી હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો અંગે જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

દીપક લિમિટેડ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		75,40,000	
	તે શૅરઅરજી ખાતે			75,40,000
	[બા.જે. : 5,80,000 શૅરની અરજી પર, શૅરદીઠ ₹ 13 લેખે રકમ મળી તેના.]			
2	શૅરઅરજી ખાતે ઉ		75,40,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			15,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે			50,00,000
	તે બૅન્ક ખાતે			10,40,000
	[બા.જે. : મંજૂર કરેલા 5,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 3 લેખે શૅરમૂડી ખાતે અને શૅરદીઠ ₹ 10 લેખે જામીનગીરી પ્રીમિયમ ખાતે લઈ ગયા અને નામંજૂર કરેલા 80,000 શૅર પર, શૅરદીઠ ₹ 13 લેખે રકમ પરત કરી તેના.]			
3	શૅરમંજૂરી ખાતે ઉ		85,00,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			10,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે			75,00,000
	[બા.જે. : 5,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 17 (પ્રીમિયમના ₹ 15 સહિત) શૅરમંજૂરી વખતે લેણાં થયાં તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
4	બૅન્ક ખાતે ઉ તે શૅરમંજૂરી ખાતે [બા.જે. : અનુપના 4000 શૅર સિવાય બાકીના 4,96,000 શૅર પર મંજૂરીની રકમ મળી તેના.]		84,32,000	84,32,000
5	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (4000 શૅર × ₹ 5) જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ (4000 શૅર × ₹ 15) તે શૅરજપ્તી ખાતે (4000 શૅર × ₹ 3) તે શૅરમંજૂરી ખાતે (4000 શૅર × ₹ 17) [બા.જે. : અનુપના 4000 શૅર પર મંજૂરીની રકમ નહિ મળતાં, મંજૂરી બાદ તે શૅર જપ્ત કર્યા તેના.]		20,000 60,000	12,000 68,000
6	શૅર પ્રથમ હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 4,96,000 શૅર પર, શૅરદીઠ ₹ 2 લેખે પ્રથમ હપ્તાની રકમ મંગાવી તેના.] * અહીં અનુપના 4000 શૅર જપ્ત થઈ ગયા હોવાથી તેના પર પ્રથમ હપ્તો મંગાવાશે નહિ.		9,92,000	9,92,000
7	બૅન્ક ખાતે ઉ તે શૅર પ્રથમ હપ્તા ખાતે [બા.જે. : પૂર્વીના 3000 શૅર સિવાય બાકીના 4,93,000 શૅર પર પ્રથમ હપ્તાની રકમ મળી તેના.]		9,86,000	9,86,000
8	ઇક્વિટી શૅરમૂડી ખાતે ઉ (3000 શૅર × ₹ 7) તે શૅરજપ્તી ખાતે (3000 શૅર × ₹ 5) તે શૅર પ્રથમ હપ્તા ખાતે (3000 શૅર × ₹ 2) [બા.જે. : પૂર્વીના 3000 શૅર પર પ્રથમ હપ્તાની રકમ નહિ મળતા, પ્રથમ હપ્તા બાદ તે શૅર જપ્ત કર્યા તેના.]		21,000	15,000 6000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
9	શૅર આખરી હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 4,93,000 શૅર પર, શૅરદીઠ ₹ 3 લેખે આખરી હપ્તાની રકમ મંગાવી તેના.]		14,79,000	14,79,000
10	બૅન્ક ખાતે ઉ તે શૅર આખરી હપ્તા ખાતે [બા.જે. : આખરી હપ્તા વખતે મંગાવેલ રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]		14,79,000	14,79,000
	કુલ સરવાળો		**3,70,49,000**	**3,70,49,000**

નોંધ : વ્યવહાર નં. 9માં અનુપના 4000 શૅર અને પૂર્વીના 3000 શૅર જપ્ત થઈ ગયેલા હોવાથી તેમના પર આખરી હપ્તો મંગાવાશે નહિ.

14. શૅરની પ્રમાણસરની ફાળવણી (Pro-rata Allotment of Shares)

આપણે અગાઉના મુદ્દામાં જોયું કે જ્યારે કંપનીને બહાર પાડેલા (ઇશ્યુ કરેલા) શૅર કરતાં વધારે શૅરની અરજીઓ આવે ત્યારે તેને વધુ ભરણું કહેવામાં આવે છે. આ પરિસ્થિતિમાં કેટલીકવાર કંપની તેના શૅરની ફાળવણી નીચે મુજબ કરે છે :

(i) શૅર અરજદારોને તેમણે કરેલ અરજી જેટલા શૅર પૂરેપૂરા મંજૂર કરવા. દા.ત., 500 શૅરની અરજી કરનારને 500 શૅર મંજૂર કરવા.

(ii) શૅર અરજદારોને તેમણે કરેલ અરજીની સામે એક પણ શૅર મંજૂર ન કરવો. દા.ત., 200 શૅરની અરજી કરનારને એક પણ શૅર મંજૂર ન કરવો.

(iii) શૅર અરજદારોને તેમણે કરેલ અરજીની સામે પ્રમાણસર શૅર ફાળવવા. દા.ત., 500 શૅરની અરજી કરનારને 300 શૅર મંજૂર કરવા.

આમ, (iii)ની પરિસ્થિતિમાં અરજદારોના તેમની શૅરઅરજીની સામે પ્રમાણસર ફાળવણી (Pro-rata allotment) દ્વારા અમુક શૅર મંજૂર કરવામાં આવે છે.

આ સંજોગોમાં અરજદાર પાસેથી મળેલ શૅરઅરજીનાં વધારાનાં નાણાં (રકમ) શૅરમંજૂરી પેટે જમા લેવામાં આવે છે. ત્યાર બાદ પણ જો રકમ વધારે હોય તો શૅર હપ્તા પેટે જમા લેવામાં આવે છે. તેમ છતાં પણ જો વધારે રકમ હોય તો તે બાકી રહેતી રકમ શૅર અરજદારોને પરત કરવામાં આવે છે. નીચે આપેલ ઉદાહરણ દ્વારા ઉપરની બાબત સમજીએ.

ઉદાહરણ 15 : ભારતી ફુડ પ્રોડક્ટ્સ લિમિટેડે 80,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 10ના ભાવે જાહેર જનતામાં બહાર પાડ્યા.

કંપનીએ નીચે મુજબ રકમ મંગાવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 4, મંજૂરી વખતે શૅરદીઠ ₹ 3 અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3.

જાહેર જનતા પાસેથી કુલ 1,20,000 શૅરની અરજીઓ મળી હતી, જેની કંપનીએ નીચે પ્રમાણે શૅરની ફાળવણી કરી હતી :

32,000 શૅર અરજદારોના પૂરેપૂરા શૅર મંજૂર કર્યા.

24,000 શૅર અરજદારોનો એક પણ શૅર મંજૂર ન કર્યો.

64,000 શૅર અરજદારોના 48,000 શૅર મંજૂર કર્યા.

બધી જ રકમ સમયસર મળી ગઈ હતી. ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

ભારતી ફૂડ પ્રોડક્ટ્સ લિ. કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરઅરજી ખાતે [બા.જે. : 1,20,000 શૅરની અરજી પર, શૅરદીઠ ₹ 4 લેખે નાણાં મળ્યાં તેના.]		4,80,000	 4,80,000
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (80,000 શૅર × ₹ 4) તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે (16,000 શૅર × ₹ 4) તે બૅન્ક ખાતે (24,000 શૅર × ₹ 4) [બા.જે. : મંજૂર કરેલા 80,000 શૅર પર, શૅરદીઠ ₹ 4 લેખે શૅરમૂડી ખાતે, 24,000 શૅર પર, શૅરદીઠ ₹ 4 લેખે નાણાં પરત કર્યાં અને 16,000 શૅર પર, શૅરદીઠ ₹ 4 લેખે અરજદારોની વધારાની રકમ શૅરમંજૂરી પેટે જમા કરી તેના.]		4,80,000	 3,20,000 64,000 96,000
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : મંજૂર કરેલા 80,000 શૅર પર, શૅરદીઠ ₹ 3 લેખે મંજૂરીની રકમ લેણી થઈ તેના.]		2,40,000	 2,40,000
4	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે [બા.જે. : અગાઉથી મળી ગયેલ ₹ 64,000 બાદ કરતાં બાકીની બધી રકમ શૅરમંજૂરી પેટે મળી ગઈ તેના.]		1,76,000	 1,76,000
5	શૅર આખરી હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : આખરી હપ્તાની રકમ શૅરદીઠ ₹ 3 લેખે લેણી થઈ તેના.]		2,40,000	 2,40,000
6	બૅન્ક ખાતે ઉ તે શૅર આખરી હપ્તા ખાતે [બા.જે. : આખરી હપ્તાની પૂરેપૂરી રકમ મળી ગઈ તેના.]		2,40,000	 2,40,000
	કુલ સરવાળો		**18,56,000**	**18,56,000**

ગણતરી :

	શૅરઅરજીની સંખ્યા	અરજી વખતે ભરાયેલ રકમ શૅરદીઠ ₹ 4	મંજૂર કરેલ શૅર	અરજી ખાતે લઈ ગયા શૅરદીઠ ₹ 4	મંજૂરી પેટે લઈ ગયા (₹)	આખરી હપ્તા પેટે લઈ ગયા (₹)	પરત કરવાની રકમ શૅરદીઠ ₹ 4
	32,000	1,28,000	32,000	1,28,000	–	–	–
	24,000	96,000	–	–	–	–	96,000
	64,000	2,56,000	48,000	1,92,000	64,000	–	–
કુલ	**1,20,000**	**4,80,000**	**80,000**	**3,20,000**	**64,000**	–	**96,000**

ઉદાહરણ 16 : સુરતની ભદ્રેશ ડાયમંડ લિ. કંપનીએ 3,00,000 શૅર, શૅરદીઠ ₹ 10 લેખે બહાર પાડ્યા હતા. જેમાં અરજી વખતે શૅરદીઠ ₹ 3, મંજૂરી વખતે શૅરદીઠ ₹ 2.50, પ્રથમ હપ્તા વખતે શૅરદીઠ ₹ 2.50 અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 2 મંગાવવામાં આવ્યા હતા.

જાહેર જનતામાંથી 4,56,000 શૅરની અરજીઓ મળી હતી. 4,50,000 શૅરના અરજદારોને પ્રમાણસર ફાળવણીથી 3,00,000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા. 6000 શૅરની અરજીઓ નામંજૂર કરી. એક શૅરહોલ્ડર દક્ષા સિવાયના બાકીના બધા જ શૅરહોલ્ડરો પાસેથી પૂરેપૂરી રકમ ભરપાઈ થઈ ગઈ હતી. દક્ષાને 600 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા તેણે છેલ્લા હપ્તાની રકમ ભરી નથી. તેના શૅર જપ્ત કર્યા. દક્ષાના બધા જ શૅર ₹ 9 લેખે પૂર્ણ ભરપાઈ તરીકે બહાર પાડ્યા.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો.

જવાબ :

ભદ્રેશ ડાયમંડ લિમિટેડ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		13,68,000	
	તે ઈક્વિટી શૅરઅરજી ખાતે			13,68,000
	[બા.જે. : 4,56,000ની શૅરઅરજી પર, શૅરદીઠ ₹ 3 લેખે નાણાં મળ્યાં તેના.]			
2	ઈક્વિટી શૅરઅરજી ખાતે ઉ		13,68,000	
	તે ઈક્વિટી શૅરમૂડી ખાતે (3,00,000 શૅર × ₹ 3)			9,00,000
	તે ઈક્વિટી શૅરમંજૂરી ખાતે (1,50,000 શૅર × ₹ 3)			4,50,000
	તે બૅન્ક ખાતે (6000 શૅર × ₹ 3)			18,000
	[બા.જે. : અરજીનાં નાણાંમાંથી મંજૂર કરેલા શૅરની રકમ શૅરમૂડી ખાતે, વધારાની શૅરઅરજીની રકમ શૅરમંજૂરી ખાતે તથા 6000 શૅર પરની રકમ અરજદારોને પરત કરી તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 3,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 2.50 લેખે મંજૂરીની રકમ લેણી થઈ તેના.]		7,50,000	 7,50,000
4	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે [બા.જે. : શૅરમંજૂરી પેટે રકમ મળી તેના.]		3,00,000	 3,00,000
5	ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 3,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 2.50 લેખે પ્રથમ હપ્તાની રકમ મંગાવી તેના.]		7,50,000	 7,50,000
6	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅર પ્રથમ હપ્તા ખાતે [બા.જે. : પ્રથમ હપ્તા વખતે મંગાવેલ રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]		7,50,000	 7,50,000
7	ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : 3,00,000 શૅર પર આખરી હપ્તાના શૅરદીઠ ₹ 2 લેખે રકમ મંગાવી તેના.]		6,00,000	 6,00,000
8	બૅન્ક ખાતે ઉ તે ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતે [બા.જે. : દક્ષાના 600 શૅર પર, શૅરદીઠ ₹ 2 લેખે કુલ ₹ 1200 સિવાય આખરી હપ્તાની રકમ મળી તેના.]		5,98,800	 5,98,800
9	ઇક્વિટી શૅરમૂડી ખાતે (600 શૅર × ₹ 10) ઉ તે શૅરજપ્તી ખાતે (600 શૅર × ₹ 8) તે આખરી હપ્તા ખાતે (600 શૅર × ₹ 2) [બા.જે. : દક્ષાના 600 શૅર જપ્ત કર્યા તેના.]		6000	 4800 1200
10	બૅન્ક ખાતે (600 શૅર × ₹ 9) ઉ શૅરજપ્તી ખાતે (600 શૅર × ₹ 1) ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે [બા.જે. : દક્ષાના જપ્ત કરેલ 600 શૅર ફરીથી બહાર પાડ્યા તેના.]		5400 600	 6000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
11	શૅરજપ્તી ખાતે ઉ તે મૂડી અનામત ખાતે [બા.જે. : શૅરજપ્તી ખાતાની જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના.]		4200	4200
	કુલ સરવાળો		**65,01,000**	**65,01,000**

ઉદાહરણ 17 : નુપુર લિમિટેડે ₹ 10નો એક એવા 5,00,000 ઇક્વિટી શૅર 100 ટકા પ્રીમિયમે બહાર પાડ્યા.

શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી :

શૅરઅરજી સાથે ₹ 5

શૅરમંજૂરી સાથે ₹ 2 + પ્રીમિયમ

શૅર પ્રથમ અને છેલ્લા હપ્તા સાથે ₹ 3

અઢીગણું ભરણું ભરાયું, જે પૈકી $\frac{2}{5}$ ભાગની શૅરઅરજીઓ પૂરેપૂરી નામંજૂર કરી, બાકીના અરજદારોના પ્રમાણસર શૅર મંજૂર કરવામાં આવ્યા. શૅરઅરજી સાથે મળેલ વધારાનાં નાણાં શૅરમંજૂરી અને તેથી વધે તો શૅર હપ્તા પેટે મજરે લેવાં.

નુપુર લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો.

જવાબ :

ગણતરી : ₹ 10ના શૅર પર 100 ટકા પ્રીમિયમ એટલે કે ₹ 10

કુલ મળેલ અરજી = 500,000 × 2.5 = 12,50,000

	કુલ મળેલ અરજી	**મંજૂર કરેલા શૅર**	
12,50,000 × $\frac{2}{5}$ =	5,00,000	–	
	7,50,000	5,00,000	(3:2નું પ્રમાણ)
	12,50,000	5,00,000	

કંપનીને મંજૂરી વખતે મળેલ રકમની ગણતરી :

શૅરઅરજી વખતે મળેલ રકમ [7,50,000 શૅર × ₹ 5]	= ₹ 37,50,000
બાદ : મંજૂર કરેલા શૅરની અરજી પેટે રકમ [5,00,000 શૅર × ₹ 5]	= ₹ 25,00,000
વધારાની રકમ શૅરમંજૂરી ખાતે લઈ ગયા	= ₹ 12,50,000
• શૅરમંજૂરી વખતે મંગાવેલ રકમ [5,00,000 શૅર × ₹ 12]	= ₹ 60,00,000
બાદ : અગાઉથી મળેલ શૅરમંજૂરીની રકમ	= ₹ 12,50,000
શૅરમંજૂરી વખતે મળેલ રકમ	= ₹ 47,50,000

નુપુર લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		62,50,000	
	તે ઇક્વિટી શૅરઅરજી ખાતે			62,50,000
	[બા.જે. : 12,50,000 શૅર પર, શૅરદીઠ ₹ 5 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]			
2	ઇક્વિટી શૅરઅરજી ખાતે ઉ		62,50,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (5,00,000 શૅર × ₹ 5)			25,00,000
	તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે (વધારાની રકમ)			12,50,000
	તે બૅન્ક ખાતે (અરજદારોને પરત)			25,00,000
	[બા.જે. : મંજૂર કરેલા 5,00,000 શૅર પરની રકમ શૅરમૂડી ખાતે, વધારાની રકમ શૅરમંજૂરી ખાતે જ્યારે નામંજૂર કરેલા 5,00,000 શૅર પરની રકમ અરજદારોને પરત કરી તેના.]			
3	ઇક્વિટી શૅરમંજૂરી ખાતે ઉ		60,00,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			10,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે			50,00,000
	[બા.જે. : 5,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 12 (₹ 10ના પ્રીમિયમ સહિત) લેખે મંગાવ્યા તેના.]			
4	બૅન્ક ખાતે ઉ		47,50,000	
	તે ઇક્વિટી શૅરમંજૂરી ખાતે			47,50,000
	[બા.જે. : શૅરમંજૂરી પેટે મળેલ રકમ]			
5	ઇક્વિટી પ્રથમ અને છેલ્લા હપ્તા ખાતે ઉ		15,00,000	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે			15,00,000
	[બા.જે. : 5,00,000 શૅર પર, શૅરદીઠ ₹ 3 લેખે હપ્તાનાં નાણાં મંગાવ્યાં તેના.]			
6	બૅન્ક ખાતે ઉ		15,00,000	
	તે ઇક્વિટી પ્રથમ અને છેલ્લા હપ્તા ખાતે			15,00,000
	[બા.જે. : હપ્તાનાં નાણાં મળ્યાં તેના.]			
	કુલ સરવાળો		**2,62,50,000**	**2,62,50,000**

- **શૅરઅરજી અને મંજૂરી ખાતું ઊભું કરવા અંગે :**

વર્તમાન સમયમાં શૅરઅરજી ખાતું અને શૅરમંજૂરી ખાતું અલગ રાખવાની જગ્યાએ **"શૅરઅરજી અને મંજૂરી ખાતું"** (**Share Application and Allotment Account**) સંયુક્ત બનાવવાની પદ્ધતિ (રીત) વધારે અમલમાં છે. આ ખાતું બનાવ્યા પછી શૅરઅરજી અને શૅરમંજૂરીને લગતા બધા જ વ્યવહારોની નોંધ આ ખાતામાં કરવામાં આવે છે.

જ્યારે સંયુક્ત ખાતું બનાવવામાં આવ્યું હોય ત્યારે, આમનોંધો નીચે પ્રમાણે લખવામાં આવશે :

(i) જ્યારે શૅરઅરજીની રકમ મળે ત્યારે,

બૅન્ક ખાતે ...ઉ તે શૅરઅરજી અને મંજૂરી ખાતે	[અરજી કરેલા શૅરની સંખ્યા × શૅરદીઠ અરજીની રકમ]

(ii) જ્યારે શૅરઅરજીની રકમ શૅરમૂડી ખાતે લઈ જવાય અને મંજૂરીની રકમ લેણી થાય ત્યારે,

શૅરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ તે શૅરમૂડી ખાતે	[મંજૂર કરેલા શૅરની સંખ્યા × (શૅરદીઠ અરજીની રકમ + શૅરદીઠ મંજૂરીની રકમ)]

(iii) જ્યારે નામંજૂર કરેલ શૅરઅરજી પર અરજદારોને નાણાં પરત કરવામાં આવે ત્યારે,

શૅરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ તે બૅન્ક ખાતે	[નામંજૂર કરેલ શૅરની સંખ્યા × શૅરદીઠ અરજીની રકમ]

(iv) જ્યારે શૅરમંજૂરીનાં નાણાં મળે ત્યારે,

બૅન્ક ખાતે ...ઉ તે શૅરઅરજી અને મંજૂરી ખાતે	[શૅરહોલ્ડર્સ પાસેથી મંજૂરી પેટે ખરેખર મળેલ રકમ]

ઉદાહરણ 18 : પાટણની સંજય લિમિટેડ કંપનીની સત્તાવાર મૂડી, શૅરદીઠ ₹ 5 લેખે 1,60,000 શૅરની બનેલી છે. તા. એપ્રિલ 3, 2017ના રોજ કંપનીએ 1,20,000 શૅર, શૅરદીઠ ₹ 200ના પ્રીમિયમથી જાહેર જનતામાં બહાર પાડ્યા. જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 102 (₹ 100ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 103 (₹ 100ના પ્રીમિયમ સહિત) (તા. મે 1, 2017ના રોજ)

જાહેર જનતામાંથી તા. એપ્રિલ 5, 2017 સુધીમાં કંપનીને 1,84,000 શૅરની અરજીઓ મળી, જેમાંથી 4000 શૅરની અરજીઓ નામંજૂર કરી અને બાકીની શૅરઅરજી પર 1,20,000 શૅર મંજૂર કર્યા.

મંગાવેલી બધી જ રકમ સમયસર મળી ગઈ હતી. કંપની 'શૅરઅરજી અને મંજૂરી ખાતું' સંયુક્ત રાખે છે.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

જવાબ : ગણતરી :

	(₹)
શૅરઅરજી વખતે આવેલ કુલ રકમ (1,84,000 શૅર × ₹ 102)	1,87,68,000
બાદ : નામંજૂર કરેલ શૅરઅરજી પરની રકમ (4000 શૅર × ₹ 102)	4,08,000
	1,83,60,000
બાદ : મંજૂર કરેલ શૅર પર અરજીની રકમ (1,20,000 શૅર × ₹ 102)	1,22,40,000
	61,20,000
શૅરમંજૂરી વખતે મંગાવેલ રકમ (1,20,000 શૅર × ₹ 103)	1,23,60,000
બાદ : મંજૂરીના અગાઉથી મળેલ	61,20,000
મંજૂરી વખતે મળેલ રકમ	**62,40,000**

સંજય લિ. કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2017 એપ્રિલ, 5	બૅન્ક ખાતે ઉ તે શૅરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : 1,84,000 શૅર પર, શૅરદીઠ ₹ 102 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		1,87,68,000	1,87,68,000
મે, 1	શૅરઅરજી અને મંજૂરી ખાતે ઉ તે શૅરમૂડી ખાતે (1,20,000 શૅર × ₹ 5) તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (1,20,000 શૅર × ₹ 200) [બા.જે. : મંજૂર કરેલ શૅર પર અરજીની રકમ, શૅરદીઠ ₹ 2 અને મંગાવેલ મંજૂરીની રકમ, શૅરદીઠ ₹ 3 શૅરમૂડી ખાતે, જ્યારે અરજી વખતના શૅરદીઠ ₹ 100 અને મંગાવેલ મંજૂરી વખતના શૅરદીઠ ₹ 100 જામીનગીરી પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના.]		2,46,00,000	6,00,000 2,40,00,000
મે, 1	શૅરઅરજી અને મંજૂરી ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : અરજીના 4000 શૅર નામંજૂર કરતાં, શૅરદીઠ ₹ 102 લેખે નાણાં પરત કર્યાં તેના.]		4,08,000	4,08,000
મે, 1	બૅન્ક ખાતે ઉ તે શૅરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : મંજૂરી વખતે મંગાવેલ બાકીની રકમ મળી ગઈ તેના (ગણતરી મુજબ).]		62,40,000	62,40,000
	કુલ સરવાળો		**5,00,16,000**	**5,00,16,000**

15. રોકડ સિવાયના અવેજથી શૅર બહાર પાડવા અંગે (Issue of Shares for Consideration Other Than Cash)

સામાન્ય રીતે કંપની જ્યારે શૅર બહાર પાડે છે ત્યારે તેની સામે રોકડ રકમ મળે છે, પરંતુ અમુક પરિસ્થિતિમાં કંપની જ્યારે શૅર આપે ત્યારે તેની સામે રોકડ મળતી નથી. આવી પરિસ્થિતિ નીચેના સંજોગોમાં હોઈ શકે છે :

(i) જ્યારે કંપની કોઈ મિલકતો કે ધંધો ખરીદે ત્યારે રોકડ આપવાના બદલે શૅર આપે.

(ii) કંપનીના સ્થાપકોને તેમના મહેનતાણા પેટે કંપની તેના શૅર આપે.

(iii) બાંયધરી દલાલોને કમિશનના બદલામાં શૅર આપે.

(iv) કંપની તેના હાલના શૅરહોલ્ડર્સને બૉનસ શૅર આપે.

નોંધ : રોકડ સિવાયના અવેજથી જે શૅર બહાર પાડ્યા હોય તે શૅર કંપનીના પાકા સરવૈયામાં શૅરમૂડીના શીર્ષક હેઠળ અલગ બતાવવામાં આવે છે.

(i) મિલકત કે ધંધાની ખરીદીની સામે આપેલ શૅર :

કંપની કોઈ મિલકત ખરીદે કે કોઈ પણ ધંધો ખરીદે ત્યારે તેની સામે રોકડને બદલે અવેજ તરીકે પોતાના શૅર પણ આપે છે. દા.ત., ₹ 2,00,000ના યંત્રની ખરીદીની સામે કંપનીએ તેટલી જ રકમના ઈક્વિટી શૅર આપ્યા. અહીં, નીચે પ્રમાણે આમનોંધ લખાશે.

(I)	યંત્ર ખાતે ...ઉ	2,00,000	
	તે યંત્ર વેચનાર ખાતે		2,00,000
(II)	યંત્ર વેચનાર ખાતે ...ઉ	2,00,000	
	તે ઈક્વિટી શૅરમૂડી ખાતે		2,00,000

જો ₹ 2,00,000ના યંત્રની ખરીદીની સામે કંપનીએ ₹ 1,50,000ના ઈક્વિટી શૅર અને બાકીની રકમ ચૅકથી ચૂકવી હોય તો, નીચે પ્રમાણે આમનોંધ થશે.

યંત્ર વેચનાર ખાતે ...ઉ	2,00,000	
તે ઈક્વિટી શૅરમૂડી ખાતે		1,50,000
તે બૅન્ક ખાતે		50,000

કંપની કોઈ ધંધો ખરીદી લે અને તેની સામે શૅર આપે ત્યારે ધંધાની ચોખ્ખી મિલકત કરતાં વધુ કિંમતે શૅર ચૂકવે તો તફાવતની રકમ 'પાઘડી ખાતે' લઈ જવામાં આવે છે, પરંતુ જો ઓછી કિંમત ચૂકવે તો તફાવતની રકમ 'મૂડી અનામત' ખાતે લઈ જવામાં આવે છે.

ઉદાહરણ 19 : આકાશ લિમિટેડે પટેલ બ્રધર્સનો ધંધો ખરીદી તેની સામે ₹ 10નો એક એવા 8,00,000 શૅર આપ્યા. કંપનીએ પેઢીની નીચેની મિલકતો અને દેવાં ખરીદ્યાં.

	(₹)		(₹)
જમીન અને મકાન	28,00,000	લેણદારો	8,00,000
પ્લાન્ટ અને યંત્રો	16,00,000	સ્ટૉક	8,00,000
વાહનો અને ફર્નિચર	20,00,000	લેણીહૂંડી	8,00,000
દેવાદારો	4,00,000		

કંપનીના ચોપડે આમનોંધ લખો.

જો કંપની પટેલ બ્રધર્સનો ધંધો ખરીદી તેની સામે ₹ 10નો એક એવા 3,50,000 શૅર, ₹ 10ના પ્રીમિયમથી આપે તો, કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

જવાબ : કંપનીએ ખરીદેલ ધંધાની ચોખ્ખી મિલકત નીચે મુજબ ગણાશે :

	(₹)
જમીન અને મકાન	28,00,000
પ્લાન્ટ અને યંત્રો	16,00,000
વાહનો અને ફર્નિચર	20,00,000
દેવાદારો	4,00,000
સ્ટૉક	8,00,000
લેણીહૂંડી	8,00,000
	84,00,000
બાદ : લેણદારો	8,00,000
ચોખ્ખી મિલકત	76,00,000

ખરીદકિંમત = 8,00,000 ઈક્વિટી શૅર × ₹ 10 = ₹ 80,00,000

ખરીદકિંમત – ચોખ્ખી મિલકત = પાઘડી

₹ 80,00,000 – ₹ 76,00,000 = ₹ 4,00,000

આકાશ લિ. કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	જમીન અને મકાન ખાતે	ઉ		28,00,000	
	પ્લાન્ટ અને યંત્રો ખાતે	ઉ		16,00,000	
	વાહનો અને ફર્નિચર ખાતે	ઉ		20,00,000	
	દેવાદારો ખાતે	ઉ		4,00,000	
	સ્ટૉક ખાતે	ઉ		8,00,000	
	લેણીહૂંડી ખાતે	ઉ		8,00,000	
	પાઘડી ખાતે	ઉ		4,00,000	
	તે લેણદારો ખાતે				8,00,000
	તે પટેલ બ્રધર્સ ખાતે				80,00,000
	[બા.જે. : પટેલ બ્રધર્સ પેઢીનો ધંધો ખરીદી લીધો તેના.]				
2	પટેલ બ્રધર્સ ખાતે	ઉ		80,00,000	
	તે ઈક્વિટી શૅરમૂડી ખાતે				80,00,000
	[બા.જે. : ધંધાની ખરીદી પેટે ₹ 10નો એક એવા 8,00,000 ઈક્વિટી શૅર પૂરા ભરાયેલા આપ્યા તેના.]				

અહીં, જો કંપનીએ 3,50,000 શૅર, શૅરદીઠ ₹ 10ની મૂળકિંમતના, શૅરદીઠ ₹ 10ના પ્રીમિયમથી પટેલ બ્રધર્સને આપ્યા હોય તો,

ખરીદકિંમત = 3,50,000 શૅર × ₹ 10 = ₹ 35,00,000
(શૅરમૂડી ખાતે)
3,50,000 શૅર × ₹ 10 = ₹ 35,00,000
(પ્રીમિયમ ખાતે)
કુલ ખરીદકિંમત ₹ 70,00,000

ચોખ્ખી મિલકત ₹ 76,00,000

ચોખ્ખી મિલકત − ખરીદકિંમત = મૂડી અનામત

₹ 76,00,000 − ₹ 70,00,000 = ₹ 6,00,000

આકાશ લિ. કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	જમીન અને મકાન ખાતે	ઉ		28,00,000	
	પ્લાન્ટ અને યંત્રો ખાતે	ઉ		16,00,000	
	વાહનો અને ફર્નિચર ખાતે	ઉ		20,00,000	
	દેવાદારો ખાતે	ઉ		4,00,000	
	સ્ટૉક ખાતે	ઉ		8,00,000	
	લેણીહૂંડી ખાતે	ઉ		8,00,000	
	તે લેણદારો ખાતે				8,00,000
	તે મૂડી અનામત ખાતે				6,00,000
	તે પટેલ બ્રધર્સ ખાતે				70,00,000
	[બા.જે. : પટેલ બ્રધર્સે પેઢીનો ધંધો ખરીદી લીધો તેના.]				

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2	પટેલ બ્રધર્સ ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે તે જામીનગીરી પ્રીમિયમ ખાતે [બા.જે. : ધંધાની ખરીદી પેટે ₹ 10નો એક એવા 3,50,000 શૅર, શૅરદીઠ ₹ 10ના પ્રીમિયમથી આપ્યા તેના.]		70,00,000	 35,00,000 35,00,000

(ii) કંપનીના સ્થાપક કે અન્ય સેવા આપનારને તેમના મહેનતાણા પેટે કંપની તેના શૅર આપે :

કંપની પોતાના સ્થાપકને (Promoters) તેની સેવાના વળતર તરીકે કેટલીક વાર પોતાના શૅર આપે છે. તેમજ કંપનીને સંચાલકીય સેવા આપનાર કે અન્ય સેવા આપનારને પણ કંપની તેના મહેનતાણા પેટે શૅર આપે છે.

દા.ત., કંપનીએ તેના એક સ્થાપકને તેની સેવા બદલ શૅરદીઠ ₹ 10ના એક એવા 12,000 ઇક્વિટી શૅર આપ્યા. આ સંજોગોમાં તેની આમનોંધ નીચે પ્રમાણે થશે :

સ્થાપના ખર્ચ ખાતે ...ઉ	1,20,000	
તે ઇક્વિટી શૅરમૂડી ખાતે		1,20,000

દા.ત., જો કોઈ વ્યક્તિએ કંપની માટે કોઈ સેવા આપી હોય, તો તે વ્યક્તિને તેનાં મહેનતાણાં પેટે જો કંપની ₹ 80,000ના ઇક્વિટી શૅર આપે ત્યારે, આ સંજોગોમાં આમનોંધ નીચે પ્રમાણે થશે :

જે-તે સેવાના મહેનતાણા ખાતે ...ઉ	80,000	
તે ઇક્વિટી શૅરમૂડી ખાતે		80,000

(iii) બાંયધરી દલાલોને કમિશનના બદલામાં શૅર આપે :

જાહેર કંપની નોંધણીનું પ્રમાણપત્ર મેળવ્યા પછી પોતાના શૅર જાહેર જનતામાં બહાર પાડે છે. કંપનીધારા પ્રમાણે બહાર પાડેલા શૅરના ઓછામાં ઓછા 90 % જેટલી રકમનું ભરણું થવું જોઈએ. જેને લઘુત્તમ ભરણાં તરીકે ઓળખવામાં આવે છે.

લઘુત્તમ ભરણાં જેટલી રકમ માટે અરજી ન આવે, તો કંપની ધંધો શરૂ કરી શકતી નથી અથવા સમગ્ર ભરણું રદ થાય છે. આવી પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે બાંયધરી કરાર કરવામાં આવે છે. જેથી બહાર પાડેલ શૅર પૂરેપૂરા ખરીદાય નહિ, તો કરાર કરનાર દલાલો પોતે બાકીના શૅર ખરીદી લે છે. આ કામના બદલામાં દલાલોને અમુક ચોક્કસ કમિશન આપવામાં આવે છે.

કેટલીક વાર આ કમિશન કંપની દ્વારા રોકડના બદલે શૅર આપી ચૂકવવામાં આવે છે. આ સંજોગોમાં નીચે પ્રમાણે કંપનીના ચોપડામાં આમનોંધ પસાર થશે.

(I) બાંયધરી દલાલોને ચૂકવવાની કમિશનની રકમ નક્કી થાય ત્યારે,

બાંયધરી કમિશન ખાતે ...ઉ	....	
તે બાંયધરી દલાલો ખાતે		....

(II) કમિશનની રકમ કંપની શૅર દ્વારા ચૂકવે ત્યારે,

બાંયધરી દલાલો ખાતે ...ઉ	....	
તે ઇક્વિટી શૅરમૂડી ખાતે		....

(iv) કંપની તેના હાલના શૅરહોલ્ડર્સને બૉનસ શૅર આપે :

કંપની જ્યારે પોતાના એકત્રિત થયેલા નફામાંથી વર્તમાન શૅરહોલ્ડર્સને કોઈ કિંમત કે રોકડ લીધા વગર શૅર આપે તો તેવા શૅરને બૉનસ શૅર કહેવામાં આવે છે. કંપની બૉનસ શૅર બહાર પાડે ત્યારે નીચે મુજબની બે આમનોંધ લખાય છે :

(I) અનામતો કે નફામાંથી બૉનસની જોગવાઈ કરવા અંગે,

સામાન્ય અનામત ખાતે ...ઉ	....	
નફા-નુકસાન ખાતે ...ઉ	....	
તે શૅરહોલ્ડર્સના બૉનસ ખાતે		....

(II) બૉનસ શૅર બહાર પાડે ત્યારે,

શૅરહોલ્ડર્સના બૉનસ ખાતે ...ઉ	....	
તે ઇક્વિટી શૅરમૂડી ખાતે		....

ખાસ નોંધ : નીચે આપેલ,

(i) મુદ્દા નં. 16 વિદ્યાર્થીઓની જાણકારી માટે જ અહીં આપેલ છે. કંપનીના પાકા સરવૈયામાં શૅરમૂડીને લગતી વિગતોની રજૂઆત કરેલ છે. આ બાબત પરીક્ષા માટે અપેક્ષિત નથી.

(ii) મુદ્દા નં. 17માં કેટલીક વિશિષ્ટ બાબતો વિદ્યાર્થીઓ આ પ્રકરણની પ્રવર્તમાન બાબતોથી પરિચિત થાય તે હેતુસર જ આપવામાં આવેલ છે. આ બાબતો પણ પરીક્ષા માટે અપેક્ષિત નથી.

16. કંપનીના ઊભા પાકા સરવૈયામાં શૅરમૂડીનું પ્રસ્તુતીકરણ (Presentation of Share Capital in Company's Vertical Balance Sheet)

કંપનીધારા, 2013ના શિડ્યુલ III પ્રમાણે, શૅરમૂડીનું પ્રસ્તુતીકરણ (સ્થાન) પાકા સરવૈયામાં નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

તા. ....ના રોજનું .... કંપનીનું પાકું સરવૈયું

વિગત	નોંધ નંબર	ચાલુ વર્ષની રકમ (₹)	પાછલા વર્ષની રકમ (₹)
1. ઈક્વિટી અને જવાબદારી (Equity and Liabilities) :			
શૅરહોલ્ડર્સનું ભંડોળ (Shareholder's Fund) :			
(a) શૅરમૂડી	1	....	....
(b) અનામતો અને વધારો	2	....	....
(c) શૅર વોરંટની સામે મળેલ રકમ		....	....
બિનચાલુ જવાબદારીઓ (Non-current Liabilities) :			
ચાલુ જવાબદારીઓ (દેવાં) (Current Liabilities) :			
અન્ય ચાલુ દેવાં :			
અગાઉથી મળેલ શૅર હપ્તા ખાતાની બાકી		....	....

શિડ્યુઅલ IIIની જરૂરિયાત મુજબ શૅરમૂડીની વિગતવાર માહિતી પાકા સરવૈયાની નીચે એક અલગ હિસાબની નોંધ તરીકે દર્શાવવામાં આવે છે.

હિસાબો અંગેની નોંધ (Notes to Accounts) :

(1) શૅરમૂડી (Share Capital) :

	(₹)	(₹)
સત્તાવાર મૂડી (Authorised Capital) :		
શૅરદીઠ ₹ ....ના .... ઈક્વિટી શૅર	....	
શૅરદીઠ ₹ ....ના .... પ્રેફરન્સ શૅર	....	....
બહાર પાડેલી મૂડી (Issued Capital) :		
શૅરદીઠ ₹ ....ના .... ઈક્વિટી શૅર	....	
શૅરદીઠ ₹ ....ના .... પ્રેફરન્સ શૅર	....	....
ભરાયેલી મૂડી (Subscribed Capital) :		
ભરાયેલી અને પૂરી ભરાયેલી મૂડી (Subscribed and Fully Paid Capital) :		
શૅરદીઠ ₹ ....ના .... ઈક્વિટી શૅર	....	
શૅરદીઠ ₹ ....ના .... પ્રેફરન્સ શૅર	....	
(ઉપરના પૂર્ણ ભરાયેલા શૅરમાંથી .... શૅર રોકડ સિવાયના અવેજ પેટે કોઈ કરાર હેઠળ આપેલ છે.)		
ભરાયેલ પરંતુ સંપૂર્ણ નહિ ભરાયેલ મૂડી (Subscribed But Not Fully Paid Capital) :		
₹ ....ના શૅરદીઠ .... શૅર,		
₹ .... શૅરદીઠ મંગાવેલ ₹		
બાદ : મળવાના બાકી હપ્તા :		
(i) કંપની ડિરેક્ટર્સ કે અધિકારીઓના ₹		
(ii) અન્ય શૅરહોલ્ડર્સના ₹		
ઉમેરો : જપ્ત કરેલા શૅર ₹	....	....

(2) અનામતો અને વધારો (Reserve and Surplus) :

	(₹)	(₹)
જામીનગીરી પ્રીમિયમ અનામત	....	
મૂડી અનામત	....	
		....

17. કેટલીક વિશિષ્ટ બાબતો (Some Important Issues)

(1) પસંદગીકાર લોકોને શૅરની મંજૂરી (Preferential Allotment) : પસંદગીકાર લોકોને શૅરની મંજૂરી એટલે કે અગાઉથી નક્કી કરેલા અમુક લોકોને, અગાઉથી નક્કી કરેલ કિંમતે શૅર મંજૂર કરવા. અહીં પસંદગીકાર લોકો એટલે કે જેઓ કંપનીમાં વ્યૂહાત્મક (મહત્ત્વનો) ભાગ લેવામાં રસ ધરાવતા હોય જેમાં સંચાલકો, મૂડી સાહસિકો, નાણાકીય સંસ્થાઓ, કંપનીએ ઉત્પાદન કરેલી વસ્તુની જથ્થાબંધ ખરીદી કરનારાઓ વગેરેનો સમાવેશ થાય છે. પસંદગીકાર લોકોને શૅર મંજૂર કરતાં પહેલાં કંપની દ્વારા શૅરહોલ્ડર્સની મીટિંગમાં ખાસ ઠરાવ પસાર કરવામાં આવે છે.

(2) સ્વેટ ઈક્વિટી શૅર (Sweat Equity Shares) : કંપનીધારા, 2013ની કલમ 54 પ્રમાણે કંપની સ્વેટ ઈક્વિટી શૅર બહાર પાડી શકે છે. સ્વેટ ઈક્વિટી શૅર એટલે કે કંપની પોતાના ડિરેક્ટર્સ કે કાયમી કર્મચારીઓને વટાવથી કે અન્ય કોઈ અવેજના બદલામાં દા.ત., ટેક્નિકલ જાણકારી(ટેક્નિકલ નો-હાઉ)ના બદલામાં કે બૌદ્ધિક મિલકતના બદલામાં કે તેમણે કરેલ મૂલ્યવૃદ્ધિના બદલામાં કે તેવા અન્ય કોઈ કારણે આપવામાં આવતા શૅર.

આ પ્રકારના શૅર બહાર પાડતાં પહેલાં કંપનીમાં ખાસ ઠરાવ દ્વારા માન્ય થયેલા હોવા જોઈએ. આ શૅરનો પ્રકાર અગાઉ બહાર પાડેલા શૅરના પ્રકાર જેવો જ હોવો જોઈએ. આ ઠરાવમાં કયા ડિરેક્ટર્સને કે કયા કર્મચારીઓના વર્ગને કેટલા શૅર આપવાના છે, તેની બજારકિંમત શું છે, કંપનીને તેવા ઇશ્યુ માટે શું અવેજ મળવાનો નક્કી થયો છે વગેરે બાબતોનો ઉલ્લેખ જરૂરી છે.

આ પ્રકારના શૅર, સ્ટૉક માર્કેટમાં (શૅરબજારમાં) નોંધાયેલા હોય તો સેબીના નિયમો પ્રમાણે શૅર બહાર પાડવા જોઈએ. કંપની આ પ્રકારના શૅર તેની મૂળકિંમત કરતાં ઓછી કિંમતે (વટાવથી) બહાર પાડે છે. આ પ્રકારના શૅર **ધારણ કરનારાઓ** શૅર મળ્યા તારીખથી ત્રણ વર્ષ સુધી આ શૅર વેચી શકશે નહિ. જેને 'લૉક ઇન પીરિયડ' કહેવામાં આવે છે.

સ્વેટ ઈક્વિટી શૅર બહાર પાડવાની આમનોંધો અન્ય ઈક્વિટી શૅર બહાર પાડવા જેવી જ હોય છે.

(3) કર્મચારીઓને સ્ટૉકમાં વિકલ્પ આપવાની યોજના (Employees Stock Option Plan - ESOP) : કર્મચારીઓને સ્ટૉકમાં વિકલ્પ આપવો એટલે કે કંપની તેમના કર્મચારીઓને નિર્દેશ આપે છે કે તેઓ કંપનીના પોતાના શૅરના જાહેર ભરણાંમાં કંપનીએ નક્કી કર્યા મુજબ શૅરની મૂળકિંમત કે બહાર પાડેલી કિંમત કરતાં ઓછી કિંમતે શૅર ખરીદી શકે છે.

આ વિકલ્પ કર્મચારીઓને એક સારા આશયથી આપવામાં આવે છે, નહિ કે કર્મચારીઓ પર કોઈ જવાબદારી સ્વરૂપે. આ વિકલ્પ સ્વીકારવો કે ન સ્વીકારવો એ કર્મચારીએ નક્કી કરવાનું છે.

આ શૅરનો પ્રકાર બહાર પાડેલા શૅરના પ્રકાર જેવો જ હોવો જોઈએ. કંપનીએ ખાસ ઠરાવ દ્વારા આ પ્રકારના શૅર માન્ય કરેલા હોવા જોઈએ. કર્મચારીઓને સ્ટૉકમાં વિકલ્પ એ સ્વેટ ઈક્વિટી શૅરનો જ એક ભાગ છે.

(4) શૅર અરજીના સંદર્ભે નિર્ધારિત બૅન્કસિલકનાં ઉપાડ પર હંગામી નિયંત્રણ (Applications Supported by Blocked Amount - ASBA) : ASBA (અસ્બા) એ શૅરનાં પ્રથમ જાહેર ભરણાં(IPO)માં અરજી કરવા માટે ભારતીય સ્ટૉક માર્કેટનાં નિયમનકાર 'સેબી' દ્વારા વિકસિત કરેલી એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં, IPOમાં અરજી કરનારાઓના શૅર જ્યાં સુધી મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી તેમનાં બૅન્ક ખાતાં ઉધારવામાં આવશે નહિ.

અગાઉ માન્ય સંસ્થાકીય ખરીદનાર(Qualified Institutional Buyers)ને પ્રથમ જાહેર ભરણાંમાં અસ્બા(ASBA)ની સુવિધા દ્વારા ભાગ લેવાની મંજૂરી હતી નહિ.

વર્તમાન સંજોગોમાં સેબીની ગાઇડ લાઇન્સ મુજબ નાના રોકાણકારો સિવાય(Non-retail investors)ના જેવા કે માન્ય સંસ્થાકીય ખરીદનાર અને બિન-સંસ્થાકીય રોકાણકારો માટે હવે જાહેર ભરણાંમાં કે હક્કના શૅરનાં ભરણાંમાં અસ્બા(ASBA)ની સુવિધાનો ફરજિયાત ઉપયોગ જરૂરી છે.

અસ્બાની પ્રક્રિયા માટેની સુવિધા ધરાવતી સેલ્ફ સર્ટિફાઇડ સિન્ડીકેટ બૅન્ક્સ(SCSBs - Self Certified Syndicate Banks) (જે સેબી દ્વારા માન્ય કરવામાં આવતી હોય છે. તેમની યાદી સેબીની website પર જોવા મળે છે. સેબી માન્યતા વગર SCSBsનાં સભ્ય તરીકે બૅન્ક કામગીરી કરી શકતી નથી.)માં નાના વ્યક્તિગત રોકાણકારો પોતાની શૅરઅરજી દ્વારા શૅરની કટ-ઑફ કિંમતે એક વિકલ્પ તરીકે બોલીમાં (bidding) ભાગ લઈ શકે છે. સેલ્ફ સર્ટિફાઇડ સિન્ડીકેટ બૅન્કમાં રોકાણકારનું ખાતું હોવું જરૂરી છે. સેલ્ફ સર્ટિફાઇડ સિન્ડીકેટ બૅન્ક્સ, એવા પ્રકારની બૅન્ક કે જેણે સેબીની શરતોનું પાલન કરેલું હોવું જોઈએ. આ પ્રકારની બૅન્ક કે જે શૅરઅરજીનો સ્વીકાર કરી શકે છે, અરજીની ચકાસણી કરી શકે છે, શૅરની બોલી (ભરણાં) માટે જરૂરી રકમ અરજદારના ખાતામાં બ્લૉક (જ્યાં સુધી અરજી કરેલ શૅરની ફાળવણી ન થાય ત્યાં સુધી અરજી કરેલ શૅરની રકમનાં ઉપાડ પર બૅન્ક નિયંત્રણ મૂકે છે.) કરી શકે છે, NSEના વેબ (web) આધારિત બોલીની પ્રક્રિયા(bidding system)માં શૅરભરણાંની બોલી માટેની અરજીઓ પ્રક્રિયા માટે મૂકી શકે છે, જ્યારે શૅરમંજૂરીની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે મંજૂર કરેલા શૅરની રકમ શૅર અરજદારના ખાતામાંથી શૅર બહાર પાડનારના (કંપનીના) ખાતામાં ફેરબદલી પણ કરે છે.

અસ્બા (ASBA) એટલે શેરઅરજીનાં સંદર્ભે નિર્ધારિત બૅન્કસિલકનાં ઉપાડ પર હંગામી ધોરણે નિયંત્રણ. આ અરજીમાં શૅરનાં ભરણાં માટેની જરૂરી રકમ અરજદારોનાં બૅન્કનાં ખાતાંમાં રોકી રાખવાની (બ્લૉક કરવાની) સત્તા આપવામાં આવે છે. જ્યારે કોઈ રોકાણકારે અસ્બા દ્વારા અરજી કરી હોય ત્યારે, તેમના જેટલા શૅર મંજૂર કર્યા હશે તેટલી જ રકમ તેમના ખાતામાંથી ઉધાર થશે. જો શૅર મંજૂર કરવામાં ન આવે તો રોકી રાખેલી રકમ પરથી નિયંત્રણ દૂર કરવામાં આવે છે.

અસ્બા (ASBA) સેબી દ્વારા નિયત કરવામાં આવી છે, ભારતમાં કામ કરતી મોટા ભાગની બૅન્કોમાં તેની વ્યવસ્થા જોવા મળે છે. જાહેર ભરણાં બાદ જ્યાં સુધી શૅર મંજૂર ના થાય ત્યાં સુધી અરજદારના ખાતામાં શૅરઅરજીનાં નાણાં બૅન્ક રોકી રાખી શકે છે. જે રકમનો અરજદાર ઉપયોગ કરી શકતો નથી. જ્યારે શૅર મંજૂર થશે ત્યારે, જરૂરી રકમ જ અરજદારોનાં ખાતાંમાંથી કંપનીના ખાતામાં ફેરબદલી કરવામાં આવે છે. જેથી મંજૂર ન કરેલા શૅર પરનાં નાણાં પરત કરવાની જરૂરિયાત ઊભી થતી નથી.

વર્તમાન સંજોગોમાં હવે રોકાણકારો કે અરજદારો શૅરનાં જાહેર ભરણાં માટે SCSBsની કોઈ પણ બૅન્કમાં અસ્બા દ્વારા અરજી કરી શકે છે. SCSBsમાં ઍક્સિસ બૅન્ક, એચ.ડી.એફ.સી. બૅન્ક, આઇ.સી.આઇ.સી.આઇ. બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, પંજાબ નેશનલ બૅન્ક, આઇ.ડી.બી.આઇ. બૅન્ક વગેરે જેવી બૅન્કનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અસ્બા દ્વારા કરેલ અરજી અને અસ્બા વગર કરેલ અરજી આ બંનેમાં શૅર મંજૂર કરવાની પદ્ધતિમાં કોઈ પણ ફેરફાર નથી.

સ્વાધ્યાય

---

1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) હાલના કંપનીધારાના નિયમ પ્રમાણે કંપની શૅરદીઠ ઓછામાં ઓછી કેટલી કિંમતે તેના શૅર બહાર પાડી શકે ?

(અ) ₹ 100 (બ) ₹ 1000

(ક) ₹ 1 (ડ) ₹ 0.50

(2) કંપનીને શૅરનાં જાહેર ભરણાં માટે કોની સંમતિ લેવી પડે છે ?

(અ) કેન્દ્ર સરકાર (બ) સેબી

(ક) રાજ્ય સરકાર (ડ) રીઝર્વ બૅન્ક

(3) સેબીના નિયમ મુજબ શૅરઅરજી વખતે મંગાવેલ શૅરદીઠ રકમ તે શૅરની ઇશ્યુ કિંમત કરતાં .... ટકાથી ઓછી હોવી જોઈએ નહિ.

(અ) 25 (બ) 30

(ક) 5 (ડ) 20

(4) જો જાહેર ભરણાંમાં અરજી વખતે બહાર પાડેલ શૅર કરતાં .... ઓછા શૅરની અરજીઓ આવે, તો શૅરનું ભરણું રદ કરવામાં આવે છે.

(અ) 50 %થી (બ) 75 %થી

(ક) 90 %થી (ડ) 100 %થી

(5) કંપની તેના શૅર, શૅરની મૂળકિંમતના વધુમાં વધુ કેટલા ટકા લેખે પ્રીમિયમથી બહાર પાડી શકે છે ?

(અ) 10 % (બ) 100 %

(ક) 25 % (ડ) કોઈ મર્યાદા નથી.

(6) શૅર જપ્ત થાય ત્યારે જપ્ત થયેલા શૅર પર મંગાવેલી કુલ રકમ .... કરવામાં આવે છે.

(અ) શૅરજપ્તી ખાતે ઉધાર (બ) શૅરજપ્તી ખાતે જમા

(ક) શૅરમૂડી ખાતે જમા (ડ) શૅરમૂડી ખાતે ઉધાર

(7) કંપનીઓ બાકી હપ્તાની રકમ પર શિડ્યુલ Iના ટેબલ F મુજબ વધુમાં વધુ કેટલા ટકા લેખે વ્યાજ વસૂલ કરી શકશે ?

(અ) વાર્ષિક 15 %ના દરે (બ) વાર્ષિક 10 %ના દરે

(ક) માસિક 2 %ના દરે (ડ) માસિક 1 %ના દરે

(8) જ્યારે જપ્ત થયેલા બધા જ શૅર ફરીથી બહાર પાડવામાં આવે ત્યારે શૅરજપ્તી ખાતાની બાકી .... ખાતે લઈ જવામાં આવે છે.

(અ) શૅરમૂડી (બ) નફા-નુકસાન

(ક) મૂડી અનામત (ડ) સામાન્ય અનામત

(9) જપ્ત થયેલા શૅર પર પ્રીમિયમની રકમ મળી ન હોય તો તે પ્રમાણસર પ્રીમિયમની રકમ ....

(અ) જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉધારાય છે. (બ) જામીનગીરી પ્રીમિયમ ખાતે જમા થાય છે.

(ક) મૂડી અનામત ખાતે જમા થાય છે. (ડ) શૅરમૂડી ખાતે ઉધારાય છે.

(10) નીચેનામાંથી કઈ મૂડી કંપનીના પાકા સરવૈયામાં 'શૅરમૂડી'ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવતી નથી ?

(અ) સત્તાવાર મૂડી (બ) બહાર પાડેલી મૂડી

(ક) અનામત મૂડી (ડ) ભરાયેલી મૂડી

2. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ લખો :

(1) શૅર અને શૅરમૂડી એટલે શું ?

(2) જામીનગીરી પ્રીમિયમ એટલે શું ?

(3) શૅરજપ્તી એટલે શું ?

(4) જપ્ત થયેલા શૅર ફરી કઈ શરતોએ બહાર પાડી શકાય ?

(5) કયા સંજોગોમાં કંપની દ્વારા રોકડ સિવાયના અવેજથી શૅર બહાર પાડવામાં આવે છે ?

(6) શૅરનું વધારે ભરણું કે ઓછું ભરણું કોને કહેવાય ?

(7) શૅરની પ્રમાણસર ફાળવણી એટલે શું ?

(8) જામીનગીરી પ્રીમિયમ અનામતની રકમના કોઈ પણ બે ઉપયોગો જણાવો.

3. તફાવત આપો :

(1) વધુ ભરણું અને ઓછું ભરણું

(2) પ્રેફરન્સ શૅર અને ઇક્વિટી શૅર

(3) અનામત મૂડી અને મૂડી અનામત

4. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર આપો :

(1) શૅરમૂડી એટલે શું ? શૅરમૂડીના પ્રકાર જણાવો.

(2) શૅર એટલે શું ? શૅરના પ્રકારો જણાવો.

(3) ખાનગી ધોરણે શૅર બહાર પાડવા અંગેની પદ્ધતિ જણાવો.

(4) મળવાના બાકી હપ્તા પર ટૂંકનોંધ લખો.

(5) અગાઉથી મળેલ હપ્તા એટલે શું ? કંપનીધારા હેઠળ તેની જોગવાઈઓ જણાવો.

(6) જામીનગીરી પ્રીમિયમ એટલે શું ? જામીનગીરી પ્રીમિયમ અંગે ધ્યાનમાં રાખવાના મુદ્દા જણાવો.

5. નડિયાદની વૈદ્ય લિમિટેડ કંપનીએ ₹ 10નો એક એવા 7,50,000 ઇક્વિટી શૅર નીચે મુજબ રકમ ચૂકવવાની શરતે બહાર પાડ્યા :

અરજી સાથે શૅરદીઠ ₹ 3

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4

પ્રથમ અને છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

કંપનીને 7,50,000 શૅર માટે અરજીઓ મળી જે બધી મંજૂર કરવામાં આવી. મંજૂરી વખતની તથા હપ્તા વખતે લેણી થતી રકમો યોગ્ય સમયે મંગાવવામાં આવી હતી જે સમયસર પૂરેપૂરી મળી હતી.

કંપનીના ચોપડે ઉપર્યુક્ત વ્યવહારોની આમનોંધ પસાર કરો.

6. હિંમતનગરની મેવાડા લિમિટેડની સત્તાવાર થાપણ ₹ 10નો એક એવા 4,00,000 ઇક્વિટી શૅરમાં વહેંચાયેલી છે. કંપનીએ તેમાંથી 3,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા. શૅરદીઠ રકમ નીચે મુજબ મંગાવવામાં આવી :

અરજી વખતે ₹ 4

મંજૂરી વખતે ₹ 3

આખરી હપ્તા વખતે ₹ 3

કંપનીને 3,60,000 શૅર માટે અરજીઓ મળી. વધારાના શૅર માટેની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેનાં નાણાં અરજદારોને પરત કર્યાં.

એક શૅરહોલ્ડર આશાએ ધારણ કરેલા 2000 ઇક્વિટી શૅર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શૅર પર મંજૂરી તથા આખરી હપ્તાની રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો. ઇક્વિટી શૅરમૂડી ખાતું, ઇક્વિટી શૅરઅરજી ખાતું, ઇક્વિટી શૅરમંજૂરી ખાતું તથા ઇક્વિટી શૅર આખરી હપ્તા ખાતું પણ તૈયાર કરો.

7. નાગપુરની પાગેદાર સુગર લિમિટેડે ₹ 10નો એક એવા 12,00,000 ઇક્વિટી શૅર જાહેર જનતામાં બહાર પાડ્યા હતા. કંપનીને 13,50,000 શૅર માટે અરજીઓ મળી. બૉર્ડ ઑફ ડિરેક્ટર્સની મીટિંગમાં શૅર મંજૂર કરવામાં આવ્યા. શૅર માટેની વધારાની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેનાં નાણાં શૅર અરજદારોને પરત કર્યાં.

શૅર પરની રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 2.50

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 2.50

પ્રથમ હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

ઐશ્વર્યા કે જેના 960 શૅર મંજૂર કરેલા છે તે પ્રથમ હપ્તા અને છેલ્લા હપ્તાનાં નાણાં ભરી શકેલ નથી, જ્યારે વિનય કે જેના 1200 શૅર મંજૂર કરેલા છે તે છેલ્લા હપ્તાનાં નાણાં ભરી શકેલ નથી. આ સિવાય બાકીના શૅરહોલ્ડર્સ પાસેથી સમયસર બધી રકમ મળી ગઈ હતી. ઐશ્વર્યા અને વિનયે પછીથી બાકી હપ્તાની રકમ કંપનીને ચૂકવી હતી. વ્યાજની અસર આપ્યા વગર ઉપરના વ્યવહારો અંગે જરૂરી આમનોંધ કંપનીના ચોપડામાં પસાર કરો.

8. વ્યારાની ચૌધરી એગ્રો કંપનીએ 5,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 10 લેખે જાહેર જનતામાં બહાર પાડ્યા હતા. કંપનીએ અરજી વખતે શૅરદીઠ ₹ 3, મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4 અને પ્રથમ અને છેલ્લા હપ્તા વખતે શૅરદીઠ ₹ 3 મંગાવવાના નક્કી કર્યા હતા.

કંપનીને જાહેર જનતા પાસેથી 5,75,000 ઇક્વિટી શૅરની અરજીઓ મળી. વધારાની અરજીઓ નામંજૂર કરી તેની રકમ અરજદારોને પરત કરી.

વિરલ કે જેણે 2000 શૅરની અરજી કરી હતી, તેણે અરજી વખતે શૅરદીઠ ₹ 10 લેખે પૂરેપૂરી રકમ મોકલી આપી હતી. કંપનીએ તેના બધા જ શૅર મંજૂર રાખ્યા હતા. જ્યારે યજ્ઞેશ કે જેના 2500 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે શૅરમંજૂરી સમયે પ્રથમ અને છેલ્લા હપ્તાની રકમ પણ કંપનીને મોકલી આપી હતી. આ સિવાય મંજૂરી વખતની તથા હપ્તા વખતની લેણી થતી રકમો યોગ્ય સમયે મંગાવવામાં આવી હતી અને તે સમયસર પૂરેપૂરી મળી ગઈ હતી.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો.

9. જૂનાગઢની નાણાવટી લિમિટેડે ₹ 10નો એક એવા 3,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 5ના પ્રીમિયમે બહાર પાડ્યા. રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 4

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 8 (પ્રીમિયમ સહિત)

આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

કંપનીને 3,50,000 શૅર માટે અરજીઓ મળી. વધારાની શૅરઅરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના પર અરજી વખતે મળેલ રકમ અરજદારોને પરત કરવામાં આવી. ઇશિરાએ ધારણ કરેલ 3000 ઇક્વિટી શૅર પર મંજૂરી અને આખરી હપ્તાની રકમ સિવાય પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

10. ધંધુકાની વાલા મેન્યુ. લિમિટેડે ₹ 10નો એક એવા 4,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 60ના પ્રીમિયમે બહાર પાડ્યા. શૅરદીઠ રકમ નીચે મુજબ મંગાવવામાં આવી હતી :

અરજી સાથે ₹ 23 (₹ 20ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે ₹ 34 (₹ 30ના પ્રીમિયમ સહિત)

છેલ્લા હપ્તા વખતે ₹ 13 (₹ 10ના પ્રીમિયમ સહિત)

કંપનીને 6,00,000 શૅર માટે અરજીઓ મળી. વધારાની અરજીઓ નામંજૂર કરી તેના પર મળેલ નાણાં પરત કરવામાં આવ્યાં. મંજૂરી વખતે અને છેલ્લા હપ્તા વખતે લેવાની રકમ સમયસર મંગાવવામાં આવી હતી. હિંમતભાઈએ ધારણ કરેલ 500 શૅર પર મંજૂરી અને આખરી હપ્તાની રકમ અને હિમાએ ધારણ કરેલ 300 શૅર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધ પસાર કરો.

11. દાહોદની મન્સૂરી લિમિટેડ કંપનીની સત્તાવાર થાપણ 7,00,000 ઇક્વિટી શૅરની, શૅરદીઠ ₹ 10ની કિંમતની બનેલી છે. તા. 4 જુલાઈ, 2017ના રોજ કંપનીએ 4,50,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 16ના પ્રીમિયમથી જાહેર ભરણાં માટે બહાર પાડ્યા. શૅરની રકમ નીચે પ્રમાણે મંગાવવામાં આવી હતી.

તા. 4 જુલાઈ, 2017ના રોજ અરજી વખતે શૅરદીઠ ₹ 10 (શૅરદીઠ ₹ 6 પ્રીમિયમ સહિત)

તા. 4 ઑગસ્ટ, 2017ના રોજ મંજૂરી વખતે શૅરદીઠ ₹ 14 (શૅરદીઠ ₹ 10 પ્રીમિયમ સહિત)

તા. 4 સપ્ટેમ્બર, 2017ના રોજ પ્રથમ અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 2

શૅરભરણું તા. 6 જુલાઈ, 2017ના રોજ સંપૂર્ણ ભરાઈ જતાં બંધ કર્યું. બૉર્ડ ઑફ ડિરેક્ટર્સે શૅરઅરજીના બધા શૅર મંજૂર કર્યા.

600 શૅર ધારણ કરનાર અબ્દુલે શૅરમંજૂરી અને પ્રથમ અને આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી. જ્યારે 400 શૅર ધારણ કરનાર હારૂને પ્રથમ અને આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી.

આ સિવાય બધા જ શૅર પર નીચે જણાવેલ તારીખો સુધીમાં પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

શૅર મંજૂરીની રકમ	તા. 7 ઑગસ્ટ, 2017

પ્રથમ અને આખરી હપ્તાની રકમ તા. 7 સપ્ટેમ્બર, 2017

ઉપરના વ્યવહારો અંગે કંપનીના ચોપડે રોકડ સિવાયની આમનોંધો પસાર કરો તેમજ બૅન્ક ખાતું બનાવો.

12. નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શૅરજપ્તી અંગેની તેમજ જપ્ત થયેલા શૅર ફરી બહાર પાડવાની આમનોંધ લખો.

(i) ₹ 10નો એક એવા 800 ઇક્વિટી શૅર ધારણ કરનાર એક શૅરહોલ્ડરે મંજૂરીના શૅરદીઠ ₹ 4 તથા હપ્તાના શૅરદીઠ ₹ 3 નહિ ચૂકવતાં કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. શૅરહોલ્ડરે અરજી સમયે શૅરદીઠ ₹ 3 ભરેલા છે. જપ્ત થયેલા શૅર, શૅરદીઠ ₹ 8 લેખે ફરી બહાર પાડવામાં આવ્યા.

(ii) આર. કે. કંપની લિમિટેડે સુનીલના દરેક ₹ 10નો એક તેવા 600 શૅર જપ્ત કર્યા હતા. સુનીલે શૅરઅરજી તથા મંજૂરી પેટે દરેક શૅરદીઠ ₹ 5 ભર્યા હતા, જ્યારે પ્રથમ હપ્તાના અને બીજા હપ્તાના અનુક્રમે શૅરદીઠ ₹ 3 અને ₹ 2 ભર્યા ન હતા. તેમાંથી 400 શૅર દરેક શૅરદીઠ ₹ 6ના ભાવથી મિત્તલને ફરી વેચ્યા હતા.

(iii) ₹ 10નો એક એવા 3000 ઇક્વિટી શૅર ધારણ કરનાર એક શૅરહોલ્ડરે અરજી વખતે શૅરદીઠ ₹ 13 (₹ 10ના પ્રીમિયમ સહિત) અને મંજૂરી વખતે શૅરદીઠ ₹ 13 (₹ 10ના પ્રીમિયમ સહિત) ચૂકવેલ છે, જ્યારે હપ્તાના શૅરદીઠ ₹ 4 ન ચૂકવવાથી કંપનીએ તેના શૅર જપ્ત કર્યા. જપ્ત થયેલા શૅર, શૅરદીઠ ₹ 7 લેખે ફરી બહાર પાડ્યા.

13. નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શૅર જપ્ત કરવાની અને તે ફરી બહાર પાડવાની આમનોંધ લખો :

(i) મંજૂરીના શૅરદીઠ ₹ 14 (₹ 10ના પ્રીમિયમ સહિત) અને પ્રથમ અને આખરી હપ્તાના શૅરદીઠ ₹ 3 નહિ ભરતાં કંપનીએ કટારાએ ધારણ કરેલા ₹ 10નો એક એવા 1200 ઇક્વિટી શૅર જપ્ત કર્યા અને તે બધા શૅર આપી શકાય તેટલો વધુમાં વધુ વટાવ આપી ફરી બહાર પાડ્યા. જે કનુએ ખરીદ્યા હતા.

(ii) રમેશે, એક કંપનીમાં ₹ 10નો એક એવા 600 ઇક્વિટી શૅર ધારણ કરેલ છે. તેણે કંપનીને અરજી વખતે શૅરદીઠ ₹ 3 અને મંજૂરીના શૅરદીઠ ₹ 2.50 લેખે ચૂકવ્યા હતા, પરંતુ પ્રથમ હપ્તાના શૅરદીઠ ₹ 2.00 ભર્યા ન હતા. કંપનીએ છેલ્લો હપ્તો મંગાવતાં પહેલાં યોગ્ય કાર્યવાહી કર્યા બાદ ઉપર્યુક્ત શૅર જપ્ત કર્યા અને શૅરદીઠ ₹ 4 વટાવ આપી ફરી બહાર પાડ્યા, જે સુરેશે ખરીદ્યા હતા.

(iii) એક કંપનીએ દરેક ₹ 100નો, જે 20 ટકા પ્રીમિયમથી બહાર પાડેલ તેવા 400 શૅર જપ્ત કર્યા. આ શૅર પર શૅરદીઠ ₹ 80 (પ્રીમિયમ સહિત) મંગાવેલા છે. આ શૅર પર મંજૂરીના શૅરદીઠ ₹ 50 (પ્રીમિયમ સહિત) નહિ મળવાથી આ શૅર પ્રથમ અને આખરી હપ્તા પહેલાં જપ્ત થયા. આ શૅર પૂરેપૂરા ભરપાઈ તરીકે પ્રથમ અને આખરી હપ્તા પહેલાં કુલ ₹ 36,000માં ફરી બહાર પાડવામાં આવ્યા.

14. રાજ મશીન લિમિટેડે ₹ 10નો એક એવા 12,00,000 ઇક્વિટી શૅર બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

અરજી સાથે શૅરદીઠ ₹ 3

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4

પ્રથમ અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3

કંપનીને જાહેર જનતામાંથી 14,70,000 શૅર માટે અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં પરત કરવામાં આવ્યાં.

આકાશ કે જેના 2000 શૅર મંજૂર કરવામાં આવ્યાં હતાં, તેણે મંજૂરી અને આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી. સની કે જેના 1200 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી.

કંપનીએ જે શૅર પર હપ્તા બાકી હતા તે શૅર જપ્ત કર્યા. જપ્ત કરેલા બધા શૅર, શૅરદીઠ ₹ 7 લેખે પૂરા ભરપાઈ થયેલા ગણીને ફરી બહાર પાડ્યા, જે ધવલે ખરીદી લીધા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

15. વલસાડની રૂસ્તમ લિમિટેડ કંપનીએ ₹ 10નો એક એવા 2,40,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 70ના પ્રીમિયમે બહાર પાડ્યા. શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી :
અરજી સાથે ₹ 38 (₹ 35ના પ્રીમિયમ સહિત)
મંજૂરી વખતે ₹ 28 (₹ 25ના પ્રીમિયમ સહિત)
આખરી હપ્તા વખતે ₹ 14 (₹ 10ના પ્રીમિયમ સહિત)
જહાંગીરે ધારણ કરેલા 2000 શૅર પર મંજૂરી અને આખરી હપ્તાની રકમ સિવાય બાકીના બધા શૅર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી બાદ જહાંગીરના શૅર જપ્ત કર્યા. આ શૅર 40 ટકાના પ્રીમિયમે પૂરા ભરાયેલા તરીકે જૉસેફને ફરી વેચ્યા.
ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

16. જામનગરની ધરમ મેટલ્સ લિ. કંપનીએ ₹ 10નો એક એવા 8,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 30ના પ્રીમિયમથી બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :
અરજી વખતે શૅરદીઠ ₹ 13 (₹ 10ના પ્રીમિયમ સહિત)
મંજૂરી વખતે શૅરદીઠ ₹ 23 (₹ 20ના પ્રીમિયમ સહિત)
આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 4
કંપનીને 8,00,000 શૅરની અરજીઓ મળી હતી, જે બધી જ મંજૂર કરી.
વિપુલ કે જેના 1500 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે મંજૂરીની રકમ ચૂકવી ન હતી, તેથી તેના શૅર મંજૂરી બાદ કંપનીએ જપ્ત કર્યા. કંપનીએ આખરી હપ્તો મંગાવ્યા પહેલાં જપ્ત કરેલ આ 1500 શૅર, શૅરદીઠ ₹ 5 લેખે ફરીથી બહાર પાડ્યા.
હેમા કે જેના 500 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા, તેણે આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી. જેથી તેના શૅર આખરી હપ્તા બાદ કંપનીએ જપ્ત કર્યા. કંપનીએ જપ્ત કરેલા આ 500 શૅર આપી શકાય તેટલો વધુમાં વધુ વટાવ આપી ફરી બહાર પાડ્યા.
કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો.

17. સિદ્ધપુર ઇસબગુલ લિમિટેડે ₹ 10નો એક એવા 6,00,000 ઇક્વિટી શૅર ₹ 7ના પ્રીમિયમથી બહાર પાડ્યા હતા. શૅર પર નીચે મુજબ રકમ ભરવાની હતી :
અરજી સાથે શૅરદીઠ ₹ 10 (પ્રીમિયમ સહિત)
મંજૂરી વખતે શૅરદીઠ ₹ 4
આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 3
કુલ 9,00,000 શૅર માટે અરજીઓ મળી હતી. વધારાની અરજીઓ નામંજૂર કરી તેના પર ભરાયેલાં અરજીનાં નાણાં પરત કર્યાં.
સિદ્ધરાજ કે જેના 6000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા તે મંજૂરી વખતની રકમ નહિ ભરી શકતાં તેના શૅર મંજૂરી બાદ જપ્ત કરવામાં આવ્યા. જયસિંહ કે જેના 4000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા તે આખરી હપ્તા વખતની રકમ નહિ ભરી શકતાં તેના શૅર આખરી હપ્તા બાદ જપ્ત કરવામાં આવ્યા. બાકીના શૅર પર મંજૂરી અને આખરી હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ.
જપ્ત કરેલા સિદ્ધરાજના 6000 શૅર, શૅરદીઠ ₹ 7ના ભાવે મિનળને અને જયસિંહના 4000 શૅર, શૅરદીઠ ₹ 6ના ભાવે રૂદ્રને ફરી વેચ્યા.
કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધ પસાર કરો અને શૅરજપ્તી ખાતું બનાવો.

18. કપૂર મીડિયા લિમિટેડે દરેક ₹ 10નો તેવા 1,20,000 ઇક્વિટી શૅર જાહેર જનતાના ભરણા માટે શૅરદીઠ ₹ 80ના પ્રીમિયમે બહાર પાડ્યા. કંપનીએ શૅર પરની પ્રીમિયમ સહિતની રકમો ચાર સરખા હપ્તે એટલે કે અરજી વખતે, મંજૂરી વખતે, પ્રથમ હપ્તા વખતે અને આખરી હપ્તા વખતે મંગાવી.

કંપનીને 1,60,000 ઇક્વિટી શૅર માટેની અરજીઓ મળી. વધારાની શૅરઅરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેઓને તેમની રકમ પરત કરવામાં આવી.

4000 શૅર ધરાવનાર શાહિદ પોતાના શૅર પરનો પ્રથમ હપ્તો અને આખરી હપ્તો ભરવામાં નિષ્ફળ ગયો. જરૂરી કાર્યવાહી કરીને તેના શૅર જપ્ત કરવામાં આવ્યા.

જપ્ત કરેલા આ શૅર રણબીરને શૅરદીઠ ₹ 70ના પ્રીમિયમથી આપવામાં આવ્યા. જેના પરની રકમ કંપનીને પૂરેપૂરી મળી ગઈ.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા માટે જરૂરી આમનોંધ લખો અને જામીનગીરી પ્રીમિયમ ખાતું પણ તૈયાર કરો.

19. શીતલ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડે 1,20,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 10ના ભાવે જાહેર જનતામાં બહાર પાડ્યા. કંપનીએ નીચે મુજબ રકમ મંગાવી હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 3

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 3 અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 4

જાહેર જનતા પાસેથી કુલ 1,80,000 શૅરની અરજીઓ મળી હતી, જે અંતર્ગત કંપનીએ નીચે પ્રમાણે શૅરની ફાળવણી કરી હતી :

48,000 શૅર અરજદારોના પૂરેપૂરા શૅર મંજૂર કર્યા.

36,000 શૅર અરજદારોનો એક પણ શૅર મંજૂર ન કર્યો.

96,000 શૅર અરજદારોના 72,000 શૅર મંજૂર કર્યા.

બધી જ રકમ સમયસર મળી ગઈ હતી. ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

20. ભરૂચની ગુજરાત ફર્ટિલાઇઝર લિ. કંપનીએ 4,50,000 શૅર, શૅરદીઠ ₹ 10 લેખે બહાર પાડ્યા હતા. જેમાં અરજી વખતે શૅરદીઠ ₹ 3, મંજૂરી વખતે શૅરદીઠ ₹ 3, પ્રથમ હપ્તા વખતે ₹ 2 અને આખરી હપ્તા વખતે શૅરદીઠ ₹ 2 મંગાવવામાં આવ્યા હતા.

જાહેર જનતામાંથી 6,20,000 શૅરની અરજીઓ મળી હતી. 5,40,000 શૅરના અરજદારોને પ્રમાણસર ફાળવણીથી 4,50,000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા. બાકીના અરજદારોને તેમની અરજી પર ભરેલ રકમ કંપનીએ પરત કરી. મહેશ કે જેના 1000 શૅર મંજૂર કરવામાં આવ્યા હતા. તેણે આખરી હપ્તાની રકમ નહિ ભરતાં તેના શૅર જપ્ત કરવામાં આવ્યા હતાં. અને તેના બધા જ શૅર, શૅરદીઠ ₹ 5 લેખે બહાર પાડ્યા હતા.

કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો.

21. શારદા લિમિટેડે ₹ 10નો એક એવા 6,00,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 4ના પ્રીમિયમે બહાર પાડ્યા.

શૅરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી :

શૅરઅરજી સાથે ₹ 4

શૅર મંજૂરી સાથે ₹ 3 + પ્રીમિયમ

શૅર પ્રથમ અને આખરી હપ્તા સાથે ₹ 3

3.5 ગણું ભરણું ભરાયું, જે પૈકી $\frac{4}{7}$ ભાગની શૅરઅરજીઓ પૂરેપૂરી નામંજૂર કરી, બાકીના અરજદારોના પ્રમાણસર શૅર મંજૂર કરવામાં આવ્યા. શૅરઅરજી સાથે મળેલ વધારાનાં નાણાં શૅરમંજૂરી તથા શૅર હપ્તા પેટે મજરે લીધાં.

શારદા લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો.

22. મુંબઈની શુભા લિમિટેડ કંપનીની સત્તાવાર મૂડી, શૅરદીઠ ₹ 1 લેખે 18,00,000 શૅરની બનેલી છે. કંપનીએ 12,00,000 શૅર, શૅરદીઠ ₹ 580ના પ્રીમિયમથી જાહેર જનતામાં બહાર પાડ્યા. જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી :

અરજી વખતે શૅરદીઠ ₹ 290.50 (₹ 290ના પ્રીમિયમ સહિત)

મંજૂરી વખતે શૅરદીઠ ₹ 290.50 (₹ 290ના પ્રીમિયમ સહિત)

જાહેર જનતામાંથી કંપનીને 16,50,000 શૅરની અરજીઓ મળી, જેમાંથી 1,50,000 શૅરની અરજીઓ નામંજૂર કરી અને બાકીની શૅરઅરજી પર 12,00,000 શૅર મંજૂર કર્યા.

મંગાવેલી બધી જ રકમ સમયસર મળી ગઈ હતી. કંપની 'શૅરઅરજી અને મંજૂરી ખાતું' સંયુક્ત રાખે છે.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

23. પંચવિલા મેન્યુ. લિમિટેડે 7,50,000 ઇક્વિટી શૅર, દરેક ₹ 10નો તેવા 20 % પ્રીમિયમથી જાહેર જનતા માટે બહાર પાડ્યા. શૅરદીઠ રકમ નીચે મુજબ મંગાવી :

અરજી સાથે ₹ 5

મંજૂરી વખતે ₹ 4 (પ્રીમિયમ સહિત)

આખરી હપ્તા વખતે ₹ 3

11,25,000 શૅર માટે અરજીઓ મળી. કંપનીએ 75,000 શૅરની અરજીઓ નામંજૂર કરી અને તેના પરની રકમ પરત કરી. બાકીના અરજદારો વચ્ચે 7,50,000 શૅરની પ્રમાણસર ફાળવણી કરી અને અરજી સાથે મળેલ વધારાની રકમ શૅરમંજૂરી સામે મજરે લીધી.

એક શૅરહોલ્ડર, વિશાલે તેના મંજૂર કરેલ 7500 શૅર પર આખરી હપ્તાની રકમ ભરી નહિ.

વિશાલના શૅર કંપનીએ જપ્ત કર્યા અને 10 % વટાવે ફરીથી બહાર પાડ્યા. કંપનીના ચોપડે ઉપરના વ્યવહારો અંગે જરૂરી આમનોંધ પસાર કરો.

અથવા

કંપનીના ચોપડે નીચેના અંગે આમનોંધ લખો :

(i) શૅર જપ્ત કરવા અંગે

(ii) શૅર ફરીથી બહાર પાડવા અંગે

(iii) શૅરજપ્તી ખાતું બંધ કરવા અંગે

24. અમદાવાદ કેમિકલ લિમિટેડે શૅરદીઠ ₹ 100 લેખે 1,50,000 ઇક્વિટી શૅર, શૅરદીઠ ₹ 30ના પ્રીમિયમથી બહાર પાડ્યા. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

શૅરઅરજી અને મંજૂરી વખતે – શૅરદીઠ ₹ 85 (પ્રીમિયમ સહિત)

શૅર પ્રથમ અને આખરી હપ્તા વખતે – બાકીની રકમ

2,55,000 શૅરની અરજીઓ મળી હતી. 55,000 શૅરની અરજીઓ નામંજૂર કરી અને બાકીની શૅરઅરજીઓ પર પ્રમાણસર ફાળવણી કરી શૅર મંજૂર કર્યા. શૅરઅરજી અને મંજૂરી વખતે મળેલ વધારાનાં નાણાં શૅર પ્રથમ અને આખરી હપ્તા વખતે મજરે લેવાનાં છે. હપ્તાની રકમ મંગાવવામાં આવી હતી. મંગાવેલ બધી જ રકમ સમયસર મળી ગઈ હતી.

ઉપરના વ્યવહારો પરથી અમદાવાદ કૅમિકલ લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધ પસાર કરો.

2

ડિબેન્ચરના હિસાબો
(Accounting for Debentures)

1. પ્રસ્તાવના	8. ડિબેન્ચર પર વ્યાજ
2. ડિબેન્ચર અંગે અગત્યના મુદ્દા	9. ડિબેન્ચરનાં નાણાં પરત કરવા અંગે
3. ડિબેન્ચરના પ્રકારો	10. પરત કરી શકાય તેવા ડિબેન્ચર બહાર પાડતી વખતે તેની હિસાબી અસરો
4. ડિબેન્ચર બહાર પાડવા અંગેની વિધિ	11. ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જોગવાઈ
5. ડિબેન્ચર બહાર પાડવા અંગેની હિસાબી અસરો	12. ડિબેન્ચર પરત કરવાની રીતો
6. રોકડ સિવાયના અવેજથી ડિબેન્ચર બહાર પાડવા	13. શૅર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત
7. આનુષંગિક જામીનગીરી તરીકે બહાર પાડેલાં ડિબેન્ચર	– સ્વાધ્યાય

1. પ્રસ્તાવના (Introduction)

સામાન્ય રીતે કંપની લાંબા ગાળાનાં ભંડોળ(ફંડ)ની જરૂરિયાત શૅરમૂડી બહાર પાડીને મેળવે છે. કેટલીક વાર કંપનીને શૅરમૂડી ઉપરાંત વધારે ભંડોળ(રકમ)ની જરૂરિયાત હોય તો આ ભંડોળ લોન કે ઉછીની રકમ દ્વારા મેળવે છે. નાણાકીય સધ્ધરતા ધરાવતી કંપનીઓ લાંબા ગાળાની લોન બૅન્ક કે નાણાકીય સંસ્થાઓ પાસેથી મેળવે છે. ઘણીવાર મોટા રોકાણ માટે નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન કે ધિરાણ મેળવવાના બદલે અથવા તે ઉપરાંત, કંપની જાહેર પ્રજા પાસેથી જામીનગીરી બહાર પાડી ભંડોળ મેળવી શકે છે. આવી જામીનગીરી (સિક્યોરિટી) **ડિબેન્ચર કે બોન્ડ** તરીકે પ્રચલિત છે.

ધંધો કરતી દરેક કંપનીને નાણાં ઉછીનાં લેવાની ગર્ભિત સત્તા છે. આ ગર્ભિત સત્તાના આધારે કંપની જાહેર જનતા પાસેથી આ રીતે લાંબા ગાળા માટે નાણાં ઉછીનાં મેળવે છે. આ રીતે મેળવેલ રકમ કે રોકાણ સામે કંપની પોતાનાં દેવાંનો સ્વીકાર કરતો દસ્તાવેજ રોકાણકારને આપે છે. આ દસ્તાવેજ(Certificate)ને ડિબેન્ચર (Debenture) કહેવામાં આવે છે.

જે લોકો કંપનીને નાણાં આપી ડિબેન્ચર મેળવે છે અથવા બજારમાંથી ડિબેન્ચર ખરીદે છે તેઓ ડિબેન્ચર ધારણ કરનાર એટલે કે ડિબેન્ચરહોલ્ડર (Debentureholder) કહેવામાં આવે છે. ડિબેન્ચરહોલ્ડર એ કંપનીના માલિક ગણાતા નથી.

ડિબેન્ચર એ કંપનીમાં દેવું દર્શાવતો અને દેવાની સ્વીકૃતી કરતો દસ્તાવેજ છે, જે કંપનીની સામાન્ય મહોર (seal) સાથે બહાર પાડવામાં આવે છે. કંપની ડિબેન્ચરહોલ્ડર્સને નક્કી કરેલી શરતો અનુસાર તેમણે કરેલા રોકાણ પર અમુક નિશ્ચિત દરે અને નિશ્ચિત સમયે વ્યાજ આપશે, જે કંપની માટે ખર્ચ થશે અને ડિબેન્ચરહોલ્ડર માટે આવક થશે. આ ઉપરાંત, કંપની નક્કી કરેલી શરતો અનુસાર ડિબેન્ચર પર મળેલ નાણાં ભવિષ્યમાં ડિબેન્ચરહોલ્ડરને પરત કરશે.

કંપની ડિબેન્ચરહોલ્ડર્સને જે દસ્તાવેજ (સર્ટિફિકેટ) આપે છે તેમાં - ડિબેન્ચરહોલ્ડરનાં નામ, ડિબેન્ચરની સંખ્યા, ડિબેન્ચર દીઠ રકમ, ડિબેન્ચરને આપેલ ક્રમાંક નંબર, વ્યાજની ચૂકવણીનો દર, વ્યાજ ચૂકવવાનો સમય તેમજ ડિબેન્ચરની રકમ ભવિષ્યમાં ક્યારે પરત કરવામાં આવશે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

વર્તમાન સંજોગોમાં ડિબેન્ચરનો દસ્તાવેજ ડિબેન્ચરહોલ્ડરને ભૌતિક સ્વરૂપે (Physical copy) આપવાના બદલે વીજાણુ નોંધ (Dematerialisation) સ્વરૂપે આપવામાં આવે છે. એટલે કે ડિબેન્ચરની ખરીદી ડિબેન્ચરહોલ્ડરના ડિમેટ ખાતામાં સીધી જમા થઈ જાય છે. કંપની ડિબેન્ચરહોલ્ડરને મંજૂરીપત્ર દ્વારા તેમના કેટલા ડિબેન્ચર મંજૂર કર્યા છે તેની સંખ્યા અને રકમ તેમજ ડિબેન્ચર અંગેની શરતોની જાણ કરવામાં આવે છે.

2. ડિબેન્ચર અંગે અગત્યના મુદ્દા (Important Points Relating to Debenture)

(1) ડિબેન્ચર એ કંપનીને લોન તરીકે નાણાં આપ્યાનો એક લેખિત દસ્તાવેજ (સર્ટિફિકેટ) છે એટલે કે કંપની દ્વારા પોતાનાં દેવાંનો સ્વીકાર કરતો દસ્તાવેજ એટલે ડિબેન્ચર.

(2) ડિબેન્ચર ચોક્કસ વ્યાજદર ધરાવતી એક જામીનગીરી છે, જેના પર અગાઉથી નક્કી કરેલી તારીખે વ્યાજ ચૂકવવું પડે છે. કંપનીને નફો થયો હોય કે ન થયો હોય તોપણ ડિબેન્ચર પર વ્યાજ ચૂકવવું ફરજિયાત છે.

(3) ડિબેન્ચર પર જે દરે વ્યાજ આપવામાં આવે છે તે દરના આધારે ડિબેન્ચર ઓળખાય છે. દા.ત. ડિબેન્ચર પર 8 % લેખે વાર્ષિક વ્યાજ આપવાનું હોય તો તે 8 %ના ડિબેન્ચર તરીકે ઓળખાશે કે લખાશે.

(4) ડિબેન્ચર અમુક નિશ્ચિત મુદત માટે બહાર પાડવામાં આવે ત્યારે નક્કી કરેલી શરતો મુજબ ડિબેન્ચરહોલ્ડર્સને તે મુદતના અંતે ડિબેન્ચરનાં નાણાં પરત કરવામાં આવે છે.

(5) કંપનીધારા, 2013 મુજબ કોઈ પણ કંપની 10 વર્ષથી વધુ મુદતના ડિબેન્ચર બહાર પાડી શકશે નહિ. જોકે, જે કંપની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં કામ કરતી હોય તે 10 વર્ષથી વધુ મુદતના ડિબેન્ચર બહાર પાડી શકશે પરંતુ વધુમાં વધુ 30 વર્ષ સુધીના ડિબેન્ચર બહાર પાડી શકાય.

(6) ડિબેન્ચર કંપનીની મિલકતો પર બોજ સાથે કે બોજ વગર પણ બહાર પાડી શકાય છે. મિલકતો પરનો બોજ એટલે ગીરો અધિકાર.

(7) ડિબેન્ચર બહાર પાડ્યા બાદ સામાન્ય સંજોગોમાં શૅરબજારમાં નોંધાયેલ (Listed) ડિબેન્ચર્સનું ખરીદ-વેચાણ શૅરબજારમાં (સ્ટૉક એક્સચેન્જમાં) કરવામાં આવે છે. આવા ડિબેન્ચરની બજારકિંમત તેની મૂળકિંમત જેટલી કે તેથી ઓછી કે વધુ હોઈ શકે છે.

(8) ડિબેન્ચર, ભરણાંની શરતો અનુસાર તેમાં જોગવાઈ હોય, તો શૅરમાં રૂપાંતર કરી શકાય છે.

(9) ડિબેન્ચર કંપનીના પાકા સરવૈયામાં 'ઇક્વિટી અને દેવાં' બાજુ 'બિન-ચાલુ દેવાં'ના શીર્ષક હેઠળ લાંબા ગાળાનાં દેવાં તરીકે દર્શાવવામાં આવે છે.

(10) ડિબેન્ચરહોલ્ડર્સને કંપનીની કોઈ પણ બાબતમાં મત આપવાનો અધિકાર નથી.

(11) જો કોઈ ડિબેન્ચરહોલ્ડર હપ્તાની રકમ ન ભરે, તો ડિબેન્ચર જપ્ત કરી શકાતા નથી.

(12) કંપનીના વિસર્જન વખતે ડિબેન્ચરહોલ્ડર્સને શૅરહોલ્ડર કરતાં પહેલાં રકમ ચૂકવવામાં આવે છે.

3. ડિબેન્ચરના પ્રકારો (Types of Debenture)

ડિબેન્ચરનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવે છે :

(A) જામીનગીરીના આધારે (On the Basis of Security) :

(i) **તારણવાળાં કે ગીરવી ડિબેન્ચર (Secured or Mortgage Debenture) :** આ પ્રકારના ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે કંપનીની અમુક કે બધી મિલકતો ગીરવે મૂકવામાં આવે છે. એટલે કે મિલકતો પર બોજ ઊભો કરવામાં આવે છે. આ બોજ બે પ્રકારના હોય છે : સ્થિર બોજ (Fixed charge), જેમાં કંપનીની અમુક જ મિલકતો ગીરવે મૂકવામાં આવે છે; અને અસ્થિર બોજ કે તરતો બોજ (Floating charge), જેમાં સામાન્ય રીતે કંપનીની બધી જ મિલકતો ગીરવે મૂકવામાં આવે છે. જો કંપની નિશ્ચિત તારીખે ડિબેન્ચરની રકમ ના ચૂકવે તો આ મિલકતો વેચીને ડિબેન્ચરહોલ્ડર્સને તેમનાં નાણાં ચૂકવી દેવામાં આવે છે.

જે ડિબેન્ચરને તારણવાળી મિલકતો પર પ્રથમ ક્રમનો ગીરો અધિકાર હોય, તેને **પ્રથમ બોજના ડિબેન્ચર (First Mortgage Debentures)** કહેવાય છે.

જે ડિબેન્ચરને તારણવાળી મિલકતો પર બીજા ક્રમનો ગીરો અધિકાર હોય, (પ્રથમ ક્રમના બોજવાળા ડિબેન્ચર પછી) તેને **દ્વિતીય બોજના ડિબેન્ચર (Second Mortgage Debentures)** કહેવાય છે.

(ii) **તારણ વગરના કે સાદા ડિબેન્ચર (Unsecured or Simple or Naked Debenture) :** કંપનીની કોઈ પણ મિલકત ગીરવે મૂક્યા વગર આવા ડિબેન્ચર બહાર પાડવામાં આવે છે. આ ડિબેન્ચર રોકાણકારોની દૃષ્ટિએ જોખમભર્યા કહેવાય છે. તેથી આ પ્રકારના ડિબેન્ચર સામાન્ય રીતે જોવા મળતા નથી. કંપનીના વિસર્જન સમયે તારણ વગરના ડિબેન્ચરને બિનસલામત લેણદારો ગણવામાં આવે છે.

(B) ફેરબદલીની શક્યતા અને વિધિના આધારે (As per Negotiability and Procedure for Redemption) :

(i) **રજિસ્ટર્ડ ડિબેન્ચર (Registered Debenture) :** કંપની ડિબેન્ચરહોલ્ડર્સનું રજિસ્ટર રાખે છે. જેમાં ડિબેન્ચરહોલ્ડરનું નામ, સરનામું તેમજ અન્ય વિગતો નોંધવામાં આવે છે. આ પ્રકારના ડિબેન્ચરની ફેરબદલી માટે યોગ્ય ફેરબદલી દસ્તાવેજ દ્વારા (by transfer deed) કંપનીના રજિસ્ટરમાં નોંધણી કરાવવી જરૂરી છે. કંપનીના રજિસ્ટરમાં જે ડિબેન્ચરહોલ્ડરનું નામ હશે તેને જ વ્યાજ અને ડિબેન્ચરની મૂળ રકમ મળશે.

(ii) **બેરર ડિબેન્ચર (Bearer Debenture) :** આ પ્રકારના ડિબેન્ચરની ફેરબદલી કરવા કંપનીના ચોપડે કોઈ નોંધણી કે વિધિ કરવાની હોતી નથી. ખરીદનારે નાણાં આપી વેચનાર પાસેથી ડિબેન્ચર ખરીદી લેવાનાં હોય છે. આમ, બેરર ડિબેન્ચર ચલણી નોટ જેવાં છે, જેની સાદા હસ્તાંતર દ્વારા ફેરબદલી થઈ શકે છે. આમ, આવાં ડિબેન્ચર જેના કબજામાં હોય તે તેનો અધિકાર ધરાવે છે. આ પ્રકારનાં ડિબેન્ચર પર નિયત મુદતોએ ચૂકવવાપાત્ર થતા વ્યાજ માટે ડિબેન્ચર સર્ટિફિકેટની સાથે વ્યાજની કુપનો આપવામાં આવે છે. આવી દરેક કુપન ડિબેન્ચર પરના ચૂકવવાપાત્ર વ્યાજની તારીખ દર્શાવતી ચૅક કે ઑર્ડર જેવી હોય છે, જેના પર ડિબેન્ચરહોલ્ડર કંપનીએ નિર્દેશ કરેલી બૅન્ક દ્વારા વ્યાજ મેળવી શકે છે.

(C) પરત કરવાની શરત મુજબ (As per Conditions of Redemptions) :

(i) **પરત કરવા પાત્ર કે રીડિમેબલ ડિબેન્ચર (Redeemable Debenture) :** જે ડિબેન્ચરનાં નાણાં અમુક ચોક્કસ મુદત પછી પરત કરી શકાય તેવી શરતે બહાર પાડવામાં આવે છે, તેને રીડિમેબલ ડિબેન્ચર કહેવામાં આવે છે. આ રકમ એકસાથે અથવા હપતે હપતે પરત કરવામાં આવે છે. નાણાં પરત કરવાનો સમય ડિબેન્ચરમાં કે ટ્રસ્ટડીડમાં જણાવવામાં આવે છે.

(ii) **કાયમી (પરત ન કરવા પાત્ર) કે ઇર્રીડિમેબલ ડિબેન્ચર (Perpetual or Irredeemable Debenture) :** કંપની પોતાના જીવનકાળ દરમિયાન આ પ્રકારના ડિબેન્ચર પરત કરતી નથી. સામાન્ય રીતે આ પ્રકારના ડિબેન્ચર કંપનીના વિસર્જન સમયે જ પરત કરવામાં આવે છે.

(D) રૂપાંતરની શરત પ્રમાણે (On the Basis of Conditions for Convertibility) :

(i) **રૂપાંતરપાત્ર કે કન્વર્ટિબલ ડિબેન્ચર (Convertible Debenture) :** જે ડિબેન્ચર અમુક મુદત બાદ કંપનીએ આપેલા વિકલ્પ પ્રમાણે કે ડિબેન્ચરહોલ્ડર્સે નક્કી કરેલા વિકલ્પ પ્રમાણે ઇક્વિટી શૅર કે અન્ય જામીનગીરીમાં રૂપાંતર કરવામાં આવે તો તેવા ડિબેન્ચરને રૂપાંતરપાત્ર ડિબેન્ચર કહેવામાં આવે છે.

જે ડિબેન્ચરની અમુક રકમનો ભાગ જ ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરવામાં આવે તો તેને અંશતઃ રૂપાંતરિત ડિબેન્ચર (Partly Convertible Debenture) કહેવાય છે. જ્યારે જે ડિબેન્ચરની પૂરી રકમને ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરવામાં આવે તો તેને સંપૂર્ણ રૂપાંતરિત ડિબેન્ચર (Fully Convertible Debenture) કહેવાય છે.

વર્તમાન સમયમાં આ પ્રકારના ડિબેન્ચર વધુ પ્રચલિત છે. કારણ કે તે ડિબેન્ચરહોલ્ડર્સને રોકડની પ્રવાહિતા, સલામતી, મૂડીનો વધારો અને રકમ પરત મેળવવાની ખાતરી રહેલી છે.

(ii) **બિનરૂપાંતરપાત્ર કે નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર (Non-convertible Debenture) :** આ પ્રકારના ડિબેન્ચરનું શૅરમાં કે અન્ય કોઈ જામીનગીરીમાં રૂપાંતર કરવામાં આવતું નથી.

4. ડિબેન્ચર બહાર પાડવા અંગેની વિધિ (Procedure for Issue of Debentures)

(i) કંપની જ્યારે ડિબેન્ચર બહાર પાડવાનું નક્કી કરે ત્યારે કંપનીના ડિરેક્ટર્સ દ્વારા તેમની બોર્ડ ઑફ ડિરેક્ટર્સની સભામાં ડિબેન્ચર બહાર પાડવા અંગે ઠરાવ પસાર કરે છે. આ ઠરાવમાં ડિબેન્ચરની સંખ્યા, ડિબેન્ચર દીઠ રકમ

તેમજ ડિબેન્ચર ઇશ્યુની કુલ રકમ, તેના પર વ્યાજનો દર, ડિબેન્ચર પરત કરવાની મુદત તેમજ ડિબેન્ચરને લગતી અન્ય શરતો નક્કી કરવામાં આવે છે.

(ii) ડિબેન્ચર બહાર પાડતી વખતે કંપનીધારાની તેમજ સેબીની જોગવાઈઓનું પાલન કરવું પડે છે. કંપનીએ જાહેર પ્રજાને ડિબેન્ચર ખરીદવા અંગે આમંત્રણ આપવા માટે યોગ્ય માહિતી સાથેનું વિજ્ઞાપનપત્ર અથવા વિજ્ઞાપનપત્રના બદલાનું નિવેદન બહાર પાડવું પડે છે.

(iii) ઇક્વિટી શૅર બહાર પાડવાની વિધિ જેવી જ વિધિ ડિબેન્ચર બહાર પાડવા અંગેની છે. કંપનીએ જાહેર જનતાને ડિબેન્ચર ખરીદવા માટે એક અલગ અરજીપત્રક (Application Form) તૈયાર કરવું પડે છે.

(iv) અરજી દ્વારા મળેલ ડિબેન્ચરની સંખ્યાની સામે જેટલા ડિબેન્ચર બહાર પાડ્યા હશે તેટલા જ ડિબેન્ચર મંજૂર કરવામાં આવશે. આ માટે કંપનીએ કોઈ પણ શિડ્યુલ્ડ બૅન્કમાં અલગ ખાતું ખોલાવવું પડશે.

(v) કંપનીધારા, 2013ના નિયમ પ્રમાણે ઓછામાં ઓછું 90 % ભરણું ભરાવું જરૂરી છે.

(vi) કંપની ડિબેન્ચર પર એકસાથે અરજી વખતે અથવા હપતે હપતે નાણાં મંગાવી શકે છે.

(vii) ડિબેન્ચર જાહેર ભરણાં દ્વારા બહાર પાડવામાં આવે ત્યારે તેના પર મળેલાં નાણાં શિડ્યુલ્ડ બૅન્કમાં એક અલગ ખાતામાં રાખવામાં આવે છે. આમ, શૅર ભરણાંની જેમ ડિબેન્ચર ભરણાં વખતે અરજી પર મળેલાં નાણાં સીધા બૅન્કમાં જ રાખવામાં આવે છે. ભરણું બંધ થયા પછી જે અરજદારોને ડિબેન્ચર મંજૂર કર્યા હોય તેમને 'મંજૂરીપત્ર' (Allotment Letter) મોકલવામાં આવે છે અને જે અરજદારોને ડિબેન્ચર નામંજૂર કર્યા હોય તેમને ડિબેન્ચર અરજીનાં નાણાં પરત કરવામાં આવે છે.

(viii) ડિબેન્ચર મૂળકિંમતે, પ્રીમિયમથી કે વટાવથી બહાર પાડી શકાય છે. સ્વેટ ઇક્વિટી સિવાય શૅર વટાવથી બહાર પાડી શકાતા નથી પરંતુ ડિબેન્ચર વટાવથી બહાર પાડી શકાય છે. પ્રીમિયમ અને વટાવનો દર ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરવામાં આવે છે.

5. ડિબેન્ચર બહાર પાડવા અંગેની હિસાબી અસરો (Accounting Effects for Issue of Debentures)

ડિબેન્ચર બહાર પાડવા અંગેની રીત કે વ્યવહારો તેમજ ખાતાંનાં નામ લગભગ શૅરમૂડીને લગતા વ્યવહારો જેવા જ રહે છે. જેમકે, ડિબેન્ચર અરજી ખાતું, ડિબેન્ચર મંજૂરી ખાતું, ડિબેન્ચર હપ્તા ખાતું વગેરે.

ડિબેન્ચરની આગળ હંમેશા તેના પરનો વ્યાજનો દર દર્શાવવામાં આવે છે.

જુદા જુદા સંજોગોમાં ડિબેન્ચર બહાર પાડવા અંગે કંપનીના ચોપડે નીચે મુજબની હિસાબી નોંધ પસાર કરવામાં આવે છે.

(A) ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડવા (Issue of Debentures at Par) :

- **જ્યારે ડિબેન્ચર પરની રકમ એકસાથે મંગાવવામાં આવે ત્યારે :**

(i) બૅન્ક ખાતે ...ઉ ....
તે .... ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ....

(ii) .... ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ...ઉ ....
તે .... ટકાના ડિબેન્ચર ખાતે ....

દા.ત., એક કંપનીએ ₹ 100નો એક એવા 9 ટકાના 8000 ડિબેન્ચર બહાર પાડ્યા. તેના પરની રકમ એકસાથે અરજી વખતે મંગાવવામાં આવી હતી, જે મળી ગઈ.

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	બૅન્ક ખાતે ઉ તે 9 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : ₹ 100નો એક એવાં 8000 ડિબેન્ચર બહાર પાડતાં પૂરેપૂરી રકમ મળી તેના.]		8,00,000	8,00,000

(ii)	9 ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ તે 9 ટકાના ડિબેન્ચર ખાતે [બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના.]		8,00,000	8,00,000

નોંધ : જ્યારે કંપની દ્વારા ડિબેન્ચરની પૂરેપૂરી રકમ અરજી વખતે જ મંગાવવામાં આવે ત્યારે તે રકમ, 'ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે' જમા કરવામાં આવશે.

- **જ્યારે ડિબેન્ચર પર હપતેથી નાણાં મંગાવવામાં આવે ત્યારે :**

  ડિબેન્ચર બહાર પાડતાં નીચે મુજબની આમનોંધો પસાર કરવામાં આવશે. (અહીં ડિબેન્ચર પર વ્યાજનો દર 9 % છે તેવી ધારણા કરેલ છે) :

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	**જ્યારે અરજીનાં નાણાં મળે ત્યારે,** બૅન્ક ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચરઅરજી ખાતે [બા.જે. : ડિબેન્ચરઅરજીનાં નાણાં મળ્યાં તેના.]		....	....
(ii)	**અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા એટલે કે ડિબેન્ચર મંજૂર કર્યા ત્યારે,** 9 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : ડિબેન્ચર મંજૂર કર્યા તેના.]		....	....
(iii)	**નામંજૂર કરેલ અરજીનાં નાણાં અરજદારોને પરત કર્યાં ત્યારે,** 9 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : નામંજૂર કરેલ અરજીનાં નાણાં અરજદારોને પરત કર્યાં તેના.]		....	....
(iv)	**અંશતઃ સ્વીકારેલ અરજી પરનાં, અરજીનાં વધારાનાં નાણાં મંજૂરી ખાતે લઈ ગયાં ત્યારે :** 9 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે [બા.જે. : અરજી પરનાં વધારાનાં નાણાં મંજૂરી ખાતે લઈ ગયાં તેના.]		....	....
(v)	**જ્યારે મંજૂરીની રકમ લેણી થઈ ત્યારે,** 9 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : મંજૂરીની રકમ લેણી થઈ તેના.]		....	....
(vi)	**મંજૂરીનાં નાણાં મળ્યાં ત્યારે,** બૅન્ક ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરીનાં નાણાં મળ્યાં તેના.]		....	....

(vii)	**જ્યારે હપ્તા પરની રકમ મંગાવવામાં આવે ત્યારે,** 9 %ના ડિબેન્ચર હપ્તા ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : ડિબેન્ચર પર જે-તે હપ્તાની રકમ મંગાવી કે લેણી થઈ તેના.]		....	....
(viii)	**જ્યારે હપ્તા પરની રકમ મળે ત્યારે,** બૅન્ક ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચર હપ્તા ખાતે [બા.જે. : ડિબેન્ચરના હપ્તાની રકમ મળી તેના.]		....	....

ઉપરની આમનોંધો નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ :

ઉદાહરણ 1 : અશોક મિલ્સ લિમિટેડે ₹ 100નો એક એવા 8000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડ્યા. ડિબેન્ચર પર વાર્ષિક 8 ટકા લેખે વ્યાજ આપવાનું છે. ડિબેન્ચર દીઠ નીચે મુજબ નાણાં મંગાવવામાં આવ્યાં હતાં :

અરજી સાથે ₹ 30

મંજૂરી વખતે ₹ 40

હપ્તા વખતે ₹ 30

કંપનીને 10,000 ડિબેન્ચરની અરજીઓ મળી. 8000 ડિબેન્ચર મંજૂર કરી વધારાની ડિબેન્ચર અરજીઓ નામંજૂર કરી અરજદારોને નાણાં પરત કર્યાં. ડિબેન્ચર પર મંગાવેલ મંજૂરી અને હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

જવાબ :

અશોક મિલ્સ લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે 8 %ના ડિબેન્ચર અરજી ખાતે [બા.જે. : 10,000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 30 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		3,00,000	3,00,000
2	8 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ તે 8 %ના ડિબેન્ચર ખાતે તે બૅન્ક ખાતે [બા.જે. : મંજૂર કરેલા 8000 ડિબેન્ચરનાં નાણાં ડિબેન્ચર ખાતે, જ્યારે નામંજૂર કરેલ 2000 ડિબેન્ચરનાં નાણાં પરત કર્યાં તેના.]		3,00,000	2,40,000 60,000
3	8 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે ઉ તે 8 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : 8000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 40 લેખે નાણાં મંગાવ્યાં તેના.]		3,20,000	3,20,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
4	બૅન્ક ખાતે ઉ તે 8 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરીનાં નાણાં પૂરેપૂરાં મળી ગયાં તેના.]		3,20,000	3,20,000
5	8 %ના ડિબેન્ચર હપ્તા ખાતે ઉ તે 8 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : 8000 ડિબેન્ચર પર હપ્તાની રકમ પેટે ડિબેન્ચર દીઠ ₹ 30 મંગાવવામાં આવ્યા તેના.]		2,40,000	2,40,000
6	બૅન્ક ખાતે ઉ તે 8 %ના ડિબેન્ચર હપ્તા ખાતે [બા.જે. : ડિબેન્ચર પર મંગાવેલ હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]		2,40,000	2,40,000
	કુલ સરવાળો		**17,20,000**	**17,20,000**

(B) ડિબેન્ચર પ્રીમિયમે બહાર પાડવા (Issue of Debentures at Premium) :

જ્યારે કંપની પોતાના ડિબેન્ચર તેની દાર્શનિક કિંમત (Face value) કરતાં વધુ કિંમતે બહાર પાડે ત્યારે ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડ્યા કહેવાય. દા.ત., ₹ 100નો એક ડિબેન્ચર, ₹ 130માં બહાર પાડવામાં આવે, તો આ ડિબેન્ચર ₹ 30ના પ્રીમિયમથી બહાર પાડ્યા છે તેમ કહેવાય.

કંપનીધારા, 2013 મુજબ ડિબેન્ચર પરના પ્રીમિયમની રકમ 'જામીનગીરી પ્રીમિયમ અનામત' ખાતે (Securities Premium Reserve Account) લઈ જવામાં આવશે.

ડિબેન્ચર પરનું પ્રીમિયમ, ઈક્વિટી શૅર પરના પ્રીમિયમની જેમ મૂડી નફો છે, જેથી તેનો ઉપયોગ ડિવિડન્ડની વહેંચણી તરીકે નહિ પરંતુ મૂડી નુકસાનને માંડી વાળવા (જેવા કે ડિબેન્ચર બહાર પાડતાં આપેલો વટાવ, ડિબેન્ચર પરત પ્રીમિયમ, પ્રાથમિક ખર્ચા, પાઘડી, પેટન્ટ વગેરે) માટે કરવામાં આવે છે.

'જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતું' કંપનીના પાકા સરવૈયામાં ઈક્વિટી અને દેવાં બાજુ 'અનામતો અને વધારો'ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

- **જ્યારે ડિબેન્ચરની રકમ એકસાથે મંગાવવામાં આવે ત્યારે :**

  દા.ત., એક કંપનીએ ₹ 100નો એક એવા 10 ટકાના 6000 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 20ના પ્રીમિયમે બહાર પાડ્યા. બધા ડિબેન્ચર પર પૂરેપૂરી રકમ મંગાવવામાં આવી, જે કંપનીને મળી ગઈ. કંપનીના ચોપડે નીચે મુજબ આમનોધ થશે :

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	બૅન્ક ખાતે ઉ તે 10 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : 6000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 120 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		7,20,000	7,20,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(ii)	10 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ તે 10 ટકાના ડિબેન્ચર ખાતે તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે [બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે અને પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના.]		7,20,000	 6,00,000 1,20,000

- **જ્યારે ડિબેન્ચરની રકમ હપ્તેથી મંગાવવામાં આવે ત્યારે :**

ઉદાહરણ 2 : ગુજરાત લિમિટેડે ₹ 200નો એક એવા 10 ટકાના 5000 ડિબેન્ચર 20 ટકાના પ્રીમિયમે બહાર પાડ્યા હતા, જેના પર ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં હતાં :

અરજી સાથે ₹ 60

મંજૂરી વખતે ₹ 100 (પ્રીમિયમ સહિત)

આખરી હપ્તા વખતે ₹ 80

કુલ 8000 ડિબેન્ચર માટે અરજીઓ આવી હતી, જેમાંથી વધારાની અરજીઓ નામંજૂર કરી તેના પરનાં નાણાં પરત કરવામાં આવ્યા હતા. મંજૂરી અને હપ્તા વખતે મંગાવેલ પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

જવાબ :

ગુજરાત લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચરઅરજી ખાતે [બા.જે. : 8000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 60 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		4,80,000	 4,80,000
2	10 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચર ખાતે તે બૅન્ક ખાતે [બા.જે. : મંજૂર કરેલા 5000 ડિબેન્ચર પરનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા અને નામંજૂર કરેલ 3000 ડિબેન્ચરનાં નાણાં અરજદારોને પરત કર્યા તેના.]		4,80,000	 3,00,000 1,80,000
3	10 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચર ખાતે તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે [બા.જે. : મંજૂરી વખતે પ્રીમિયમ સહિત લેણી થતી રકમ ડિબેન્ચર દીઠ ₹ 100 મંગાવ્યા તેના.]		5,00,000	 3,00,000 2,00,000
4	બૅન્ક ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરી વખતે મંગાવેલી રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]		5,00,000	 5,00,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
5	10 %ના ડિબેન્ચર આખરી હપ્તા ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : આખરી હપ્તા વખતે ડિબેન્ચર દીઠ ₹ 80 મંગાવ્યા તેના.]		4,00,000	4,00,000
6	બૅન્ક ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચરના આખરી હપ્તા ખાતે [બા.જે. : હપ્તાની પૂરેપૂરી રકમ મળી ગઈ તેના.]		4,00,000	4,00,000
	કુલ સરવાળો		**27,60,000**	**27,60,000**

(C) ડિબેન્ચર વટાવથી બહાર પાડવા (Issue of Debentures at Discount) :

કંપની પોતાના ડિબેન્ચર તેની દાર્શનિક કિંમત કરતાં ઓછી કિંમતે બહાર પાડે ત્યારે, તે ડિબેન્ચર વટાવથી બહાર પાડ્યા છે તેમ કહેવાય. દા.ત., ₹ 100ની દાર્શનિક કિંમતનો એક ડિબેન્ચર, ₹ 90માં બહાર પાડવામાં આવે તો, અહીં ₹ 10 વટાવ ગણાશે.

ડિબેન્ચર પરના વટાવની રકમને **'ડિબેન્ચર વટાવ ખાતે' (Discount on Debentures A/c)** ઉધારવામાં આવે છે.

- કંપનીધારામાં ડિબેન્ચર મહત્તમ કેટલા વટાવથી બહાર પાડી શકાય તે માટે કોઈ નિયંત્રણ નથી. કંપનીના આર્ટિકલ્સમાં જો કોઈ નિયંત્રણ ના હોય તો કંપની વટાવથી ડિબેન્ચર બહાર પાડી શકે છે.

  જો કોઈ સ્પષ્ટતા ના હોય તો ડિબેન્ચર પરના વટાવ અંગેની નોંધ ડિબેન્ચરમંજૂરી અંગેની નોંધ સાથે આપવામાં આવશે.

- ડિબેન્ચર વટાવ કે ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાનની રકમ કંપનીના પાકા સરવૈયામાં હિસાબી ધોરણ 26 (Accounting Standard 26) મુજબ દર્શાવવામાં આવે છે. ડિબેન્ચર વટાવની રકમ અલગ-અલગ શીર્ષકમાં દર્શાવવામાં આવે છે, જે ડિબેન્ચરની મુદત પર આધારિત છે. જે એક ઉદાહરણ દ્વારા સમજીએ.

  દા.ત., ડિબેન્ચર વટાવની રકમ ₹ 2,40,000 છે, જે 6 વર્ષમાં માંડી વાળવાની છે.

  અહીં ₹ 2,40,000 ÷ 6 વર્ષ = ₹ 40,000 થશે.

  ચાલુ વર્ષમાં ₹ 40,000 નફા-નુકસાનના પત્રકમાં ઉધારવામાં આવશે. જ્યારે બાકીના ₹ 2,00,000 પાકા સરવૈયામાં મિલકત બાજુ 'અન્ય બિનચાલુ મિલકત'ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવશે.

નોંધ : ડિબેન્ચર વટાવની રકમ પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવવી તે પ્રકારના પ્રશ્નો પરીક્ષામાં અપેક્ષિત નથી.

- **ડિબેન્ચર વટાવની રકમ માંડી વાળવા અંગે :**

ડિબેન્ચર વટાવ કે ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાનને મૂડી ખોટ (Capital Loss) ગણવામાં આવે છે. આ મૂડી ખોટ શક્ય હોય તેટલી ઝડપથી માંડી વાળવામાં આવે છે, પરંતુ આ સમય ડિબેન્ચરના જીવનકાળથી વધુ હોવો જોઈએ નહિ. દા.ત., છ વર્ષ પછી પરત કરવાની શરતે ડિબેન્ચર વટાવથી બહાર પાડેલ હોય તો કુલ વટાવ માંડી વાળવાનો સમય છ વર્ષથી વધુનો હોવો જોઈએ નહિ. સામાન્ય રીતે આ રકમ જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે કે નફા-નુકસાનના પત્રક સામે માંડી વાળવામાં આવે છે. આ માટે નીચેની આમનોંધ પસાર કરવામાં આવે છે :